॥ ॐ ॥

મણિ નિબંધ માળા.

છાપીને પ્રસિદ્ધ કરનાર,

મેહેતા મણિશંકર ભીમજી વ્રજપાળ.

મોરબી.

સંવત ૧૯૬૧—સને ૧૯૦૫

અમદાવાદ,

શ્રી "ચંદ્ર પ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસ.

વઢવાણ કાંપ,

શ્રી "આર્ય વિદ્યા પ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસ.

કીંમત બાર આના.

॥ ૐ ॥

મણિ નિબંધ માળા.

છપાવી પસિદ્ધ કરનાર.

મેહેતા મણિશંકર ભીમજી વ્રજપાળ.

મોરબી.

સંવત ૧૯૬૧—સને ૧૯૦૫

"આર્ય વિદ્યા પ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસ.

વઢવાણ કેમ્પ.

કીંમત બાર આના.

પ્રસ્તાવના.

સંવત ૧૯૪૫ ભાદ્રપદ માસમાં મારી માતુશ્રી મોંઘી બા અને સંવત ૧૯૪૬ આશ્વિન માસમાં મારા પિતા શ્રી જ્યારે દેવલોક થયા ત્યારે તેના વિયોગથી હું બહુ દુઃખી થતો હતો પણ મારા પ્રત્યે મારી માતુશ્રીના સ્નેહને મારી બેન રંભા બાઈએ તથા મારા પિતા શ્રીના સ્નેહને મારા જ્યેષ્ટ બંધુઓ જે રૂપશીભાઈ, ત્રીકમજીભાઈ, વાઘજીભાઈ, જટાશંકરભાઈ તેઓએ ખરીદ કરી મને ઘણુંજ સુખી રાખતા, મારા માતા પિતાની માફક દુઃખના તાપનું નિવારણ કરવાને પોતાના સ્નેહનું છત્ર મારા મસ્તક ઉપર નિરંતર રાખતા. પછી મને વિચાર આવ્યો કે મનુષ્યોની ગમે તેટલી ખુબસુરતી પણ નાસિકા વિનાની નકામી છે તેમ ગમે તેટલું દ્રવ્ય પણ વિદ્યા વિના નકામું છે, જેમ વૃક્ષોની શોભા તેના પુષ્પોમાં છે તેમ મનુષ્યોની શોભા તેની વિદ્યામાં છે, વિદ્યા વિનાનો મનુષ્ય પાંખ વિનાના પક્ષી જેવો હોય છે; કાષ્ઠની પુતળી પણ સુંદર આભૂષણોથી મનુષ્યના કરતાં વધારે શુશોભિત દેખાય છે પણ જેમ ચૈતન વગરની શોભા નકામી છે તેમ મનુષ્યનું ખરૂં ચૈતન વિદ્યા છે ને તે વિનાનો માણુસ પથરના પુતળા જેવો હોય છે, જેથી મેં સિદ્ધાંત કૌમુદીનો અભ્યાસ કરવાનો વિચાર કર્યો ને તે વિચાર મારા મિત્ર પ્રાગજીભાઈ મથુરભાઈ બી. એ. તેને બતાવ્યો અને તેને તે વિચાર દવે કાશીરામભાઈ સેવકરામભાઈ એમ. એ. તેને બતાવ્યો જેથી તેઓ મારે માટે શાસ્ત્રીની તજવીજ કરવા લાગ્યા પણ અભ્યાસ કરાવી શકે તેવો લાયક શાસ્ત્રી મળ્યો નહીં; છેવટે દાવડના રહીશ શાસ્ત્રી કૃપાશંકર ભગવાનજી કે જેણે લાંબો કાળ સુધી કાશીમાં રહી સંસ્કૃતનું ઉત્તમ પ્રકારે અધ્યયન કર્યું હતું તેને તેડાવી આપી મારા ઉપર મોટો ઉપકાર કર્યો અને તે શાસ્ત્રીએ મારી પાસે પાંચ વર્ષ રહી પોતાના તન અને મનથી બહુ સારો અભ્યાસ કરાવ્યો. જ્યારે હું અભ્યાસના કાંઠા પાસે ઉભો હતો ત્યારે મને વિચાર આવ્યો કે આવા મહાન્ સમુદ્રને ઓળંગી સામે કાંઠે પોહોચવું એ મારા જેવી નબળી બુધ્ધિને તદન અશક્ય છે પણ રામચંદ્રજીના પ્રભાવથી પથર જેમ સમુદ્રના જલને તરી

શકયા હતા તેમ મહાદેવની કૃપાથી આવા મોટા સમુદ્રને કોઇ પણ રીતે ઓળંગવાને શક્તિમાન થઇશ, જેમ જમીનમાં પાક ઉત્પન્ન કરવાને ખેડુત પાસે ગમે તેટલા ઉત્તમ સાધનો પણ વરસાદ વિનાના નકામા છે તેમ વિદ્યા સંપાદન કરવાને મારી પાસે ગમે તેટલા ઉત્તમ સાધનો રહ્યા પણ મહાદેવની કૃપા વિનાના તદન નિરૂપયોગી છે. જેથી મોરબીથી ત્રણ માઇલને છેટે શોભેશ્વર મહાદેવની જગ્યા છે ત્યાં રોજ દર્શન કરવાનો નિશ્ચય કર્યો અને થોડા વખત પછી મારા મિત્ર અડાલજા માણેકચંદ તારાચંદ તેને પણ તેવોજ નિશ્ચય કર્યો જેથી હું મારા કામમાં ફળીભૂત થયો ને માણેકચંદ એલ. સી. ઇ.ની પરીક્ષામાં પેહેલા કલાસમાં પેહેલે નંબર પાસ થયા. જ્યારે મને મારી ભક્તિમાં લાંબો કાળ થયો ત્યારે મને જણાયું કે શુદ્ધ અંતઃકરણની સાથે ભક્તિએ તોફાની મોજાની સામે એક મજબુત નાવ છે, ધરતીકંપના જબરજસ્ત આંચકાની સામે મજબુત મેહેલ છે, સખત તાપની સામે તે વૃક્ષની શીતળ છાયા છે, તલવારની સામે મજબુત બખ્તર છે, તોપની સામે તે મજબુત કીલ્લો છે, અને આથીજ હું જાણે ચક્રવર્તી રાજાની સામે અમુલ્ય સિંહાસન ઊપર બેઠો હોઉં તેવું મને જણાવા લાગ્યું. અને તે વિનાની જીંદગી સમુદ્રમાં ગોથાં ખાતાં સઢ વિનાના નાવ જેવી સમજાવી અને તે જાણે સઘળા સુખના પ્રવાહોનો એક જબરો ફુવારો હોય તેમ દેખાયું. આથી મને એવો નિશ્ચય થયો કે આ સંસારમાં માહાદેવ સિવાય કોઇપણ મનુષ્ય કોઇ કરતાં બળવાન નથી. રાજા કે રંક, વિદ્વાન કે મૂર્ખ, સંસારની લીટીમાં એકજ સરખા છે. મનુષ્યોની મહત્તાએ સંસાર વેહેવાર ચલાવવામાટે બીજાઓ તરફથી મળેલી કૃત્રિમ બક્ષીસ છે. અને ઇશ્વરે આપણને એક બીજાના રક્ષણ અર્થે ઉત્પન્ન કરેલ છે પણ એક બીજાના દાસ થવાને માટે નહીં. જેથી મારે માહાદેવનો સેવક અને તેનો યાચક થવું યોગ્ય છે પણ મનુષ્યનો થવું યોગ્ય નથી. આ કારણથી આ મારો દેહ, અને તેની અંદર રહેલી બુદ્ધિ, અને તેને વિષે ઉત્પન્ન થતા વિચારો, અને તેનાથી આ બનેલું પુસ્તક હું માહાદેવના ચરણમાં અર્પણ કરૂં છું અને જે આ ફળ મને માહાદેવ તરફથી મળ્યું છે તે તેના ચરણ આગળ ધરી તેના રસનો સ્વાદ લોકોને ચખાડવા માટે આ પુસ્તકની પેટીમાં મુકેલ છે હું જેથી

મારા મિત્રોને એજ ભલામણ કરૂં છું કે આ પુસ્તકને તમારા કાષ્ટના કપાટમાં નહીં મુકતાં તેની અંદરના વિચારોને તમારા મગજના કપાટમાં ગોઠવશો.

આ પુસ્તક માંહેના મારા નિબંધો મારા મિત્ર મુળજી છગનભાઇ સોલંકીને બતાવતાં તેમણે મને આગ્રહ પૂર્વક છપાવી પ્રસિદ્ધ કરવાનું કહ્યું; જેથી તેમનો આશીર્વાદ લઇ આ પુસ્તક બાહાર પાડયું છે. કારણકે ઉત્તમ મિત્રનો આશીર્વાદ એ મારા પુસ્તકનો અભ્યુદય છે.

આ ગ્રંથના પ્રુફશીટ તપાસવામાં મારા મિત્ર મી. ઘેલાભાંઇ પરભુદાસ દલાલે જે શ્રમ લીધો છે તેનો ઉપકાર આ સ્થલે દર્શાવવો ઉચિત જણાય છે.

હું છું સદા મહાદેવનો કૃપાપાત્ર સેવક,

મેહેતા મણીશંકર ભીમજી પ્રજપાળ.

રે. મોરબી.

શુદ્ધિ પત્રિકા.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૧	૨	વોકળાઓનો	વોંકળાઓનો
૧૨	૭	સ્નાન	સ્થાન
૧૨	૫	જેઓ	જેઓએ
૮	૧૩	અમારા પ્રકાશના	'પ્રકાશના' શબ્દ કાઢી નાંખવો
૮	૧૩	પ્રકાશ લીધેજ	પ્રકાશને લીધેજ
૧૫	૨	પ્રતાપ	પ્રતાપે
૧૫	૧૮	આપની	આપણી
૧૫	૨૧	સાહાયતા	સહાયતા
૧૬	૮	મ	આપે
૧૭	૧૨	શોક	શોક્ય
૧૭	૨૮	સાહાયકારક	સહાયકારક
૧૭	૨૯	સાહાયતાથી	સહાયતાથી
૧૮	૨૩	પોરવેલી	પરોવેલી
૨૧	૨૮	આલાહદક	આહ્લાદક
૨૨	૨૩	લેતું નથી	લેતો નથી
૨૨	૨૪	નાશકનાર	નાશ કરનાર
૨૩	૧૭	અલાવવાને	ચલાવવાને
૨૪	૮	કેદરૂપ	કેદરૂપ થાય છે
૩૦	૭	ત્રણુ	તૃણ
૩૧	૧૭	ઉત્તપન્ન	ઉત્પન્ન
૩૨	૩	મનને	મનનું
૩૨	૧૩	પિંજર	પિંડ
૩૫	૨૪	અસત્યતાની સાથે	અંતઃકરણ અસત્યતાની સાથે
૩૩	૧-૨	ઉહુંમૂળ	ઉન્મૂળ
૪૦	૯	સ્નેહોના	સ્નેહના
૪૨	૮	જોતા રહેશો	જો તાર હશે
૩૫	૧૬	હિમતે	હિમત
૪૨	૧૩	વિયોગના સમયમાં	સંયોગના સમયમાં
૪૩	૯	દેતેરૂપી	દેહરૂપી
૪૬	૬	માહેના	મોહના
૬૨	૨૯	તાજવા	તાજવાં

મણિશંકર ભીમજી કૃત

મણિ નિબંધ માળા.

કર્તવ્ય.

આ સૃષ્ટિમાં ઇશ્વરે મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષો, પાણી, વાયુ, શરીરમાં રહેલ નાડીઓ, ત્વચા, આકાશમાં રહેલા જે સૂર્ય, ચંદ્ર, તારા અને મેઘ તેઓને પોતાના કર્તવ્ય અને એક બીજાના ઉપયોગને માટે ઉત્પન્ન કરેલ છે. આપણે સૂક્ષ્મ વિચારના શિખર ઉપર ચડીને ચોતરફ દૃષ્ટિ કરતાં જડ પદાર્થો, દરેક પ્રાણી વર્ગ અને શ્રેષ્ઠ જનમાં ઉત્પન્ન થયેલા આધુનિક કાળમાં મનુષ્ય વર્ગ પોતાની ફરજ બજાવવામાં કેવા ઉત્કંઠિતં ને સમર્થ છે તેનો ખરેખરો ચિતાર આપણી ચક્ષુની આસપાસ ફરી વળશે. પશુઓ સુકું ઘાસ ખાઇ આપણી જીંદગીના પોષણ અર્થે આપણને દૂધ આપી, આપણા સુખને અર્થે એક સ્થાનેથી બીજે સ્થાને લઇ જવામાં, આપણા બોજાને ઊંચકવામાં ને ખેતીવાડીના દરેક કાર્યમાં કેવા ઉપયોગી અને સહાયભૂત છે. વૃક્ષો પણ જંગલમાં રહી ટાઢ, તાપ, વરસાદ, પવનના તોફાનોને, પક્ષીઓના કંટાળાને સહન કરી, મુસાફરોને શીતળ છાયા આપી, પોતાના પાંદડાં અને ફળો પશુ પક્ષીઓને આપી, આપણા પાક માટે પોતાના અવયવો અગ્નિમાં સોંપી, એટલુંજ નહિ પણ ખેતરમાં સારો પાક ઊત્પન્ન કરવાને, હવાના ફેરફારથી થતા રોગોથી મુક્ત રાખવાને, વરસાદને પૃથ્વી તરફ ખેંચી લાવવાને, વાયુનાં તોફાનોમાંથી મુક્ત કરવાને, આકાશમાં ભટકતા પક્ષીઓને શાંતિ આપવાને, દવા તરીકે દરેક પ્રાણીઓને ભયંકર રોગમાંથી મુક્ત કરવાને ઓછા ઉપયોગી નથી. વાયુ પણ સુગંધો કે

ના, સપાટ કે ટેકરાવાળી જગામાં વહી દુર્ગંધીને દૂર કરી સારી હવા આપણા તરફ ફેંકે છે. જળાશય પ્રાણીઓ જળના ખરાબ ભાગને ગ્રહણ કરી આપણે માટે નિર્મળ જળ બનાવે છે. આપણા શરીરમાં રહેલ નાડીઓ શરીરમાં ઉત્પન્ન થતા રોગોની ચેતવણી આપે છે. ત્વચા પણ આપણા શરીરના અંદરના ભાગનું રક્ષણ કરવાને વસ્ત્રરૂપે રહી નિરંતર રક્ષણ કરે છે અને ઝેરી પ્રાણીના ડંશની, ઉષ્ણતા અને શિતળતાના ગુણોની આપણને ચેતવણી આપે છે. સૂર્ય પણ ગંદી ચૂસવામાં, પૃથ્વી ઉપર પ્રકાશ પાથરવામાં, વૃક્ષોનું પોષણ કરવામાં અને વરસાદને ઉત્પન્ન કરવામાં ઓછો ઉપયોગી નથી. ચંદ્ર અને તારાઓ અંધકારમાં આપણને ઓછા મદદગાર નથી. આ પૃથ્વી ઉપર રહેલા સર્વ પ્રાણી વર્ગ અને વૃક્ષોને જીવિત આપવાને વરસાદ આપણા ઉપર ઓછો ઉપકાર કરતો નથી. તેઓ પોતાના કર્તવ્યના મધ્ય બિંદુએ ઉભા રહી નિરંતર પોતાની ફરજ બજાવવામાં એક ક્ષણ પણ વિમુખ થતા નથી. તેઓ પોતાની જીંદગી પરોપકારને માટે છે એમ સમજે છે. દરેક પ્રાણી વર્ગને એક સરખા સમજી પોતાનો પ્રેમભાવ સર્વ ઉપર એક સરખો રાખે છે. પોતાના નાશ કરનાર ઉપર પણ એક સરખી દૃષ્ટિ ફેંકે છે. ફૂલઝાડો પણ પુષ્પ તોડનાર તથા રક્ષણ કરનારને એકજ સરખી સુગંધી આપે છે. દવા પણ વૈદ્ય કે બીજાને, રાજાને કે ભીક્ષુકને એક સરખો લાભ આપે છે. મનુષ્યો પોતાનું સ્વરૂપ ભૂલી ગયા પણ તેઓ ભૂલ્યા નહિ. તેઓ પોતાની પ્રથમની સ્થિતિ ઉપર હજુ સુધી એક સરખા ઉભા છે, પણ આપણે આપણી આગળની ઉત્તમ સ્થિતિના પગથીએથી ઉતરતાં છેવટે અધમતાની અને સ્વાર્થની ભૂમિ ઉપર ભમવા લાગ્યા. જ્યાંસૂધી આપણે આપણી જીંદગી રૂપી રત્નના પ્રકાશિત કિરણો પૃથ્વીના ઉપલા પડ ઉપર નથી પાથર્યાં, જ્યાં સૂધી ઉત્તમ દાખલો આ પૃથ્વી ઉપર કાયમ રાખવાને આપણે પ્રયાસ નથી કર્યો, જ્યાં સૂધી આપણી જીંદગી આપણા કુટુંબ અને બીજાને મદદ રૂપ નથી થઇ, જ્યાં સૂધી આપણે આપણા કર્તવ્યના પવિત્ર સ્થાનને નથી જાણ્યું, જ્યાંસૂધી આપણે આપણી ફરજ નથી બજાવી, જ્યાં સૂધી આપણે આપણી કિંમતને નથી ઓળખી, જ્યાં સુધી આપણા ઉમદા કાર્યો મનુષ્યોનાં મસ્તક ઉપર મુગટ રૂપે નથી

રહ્યો, જ્યાં સૂધી પવિત્ર કિરણવાળો કર્તવ્યનો નિર્મળ પ્રકાશ આપ્ણા અંતઃકરણ રૂપી ગુફાના અંધકારમાં નથી ફેલાયો ત્યાં સુધી તમે તમારા દેશમાં ભટકો કે પરદેશની મુલાકાત લો, પર્વતના શિખર ઉપર કે પર્વતની ટોચ ઉપર ચડો, જંગલમાં કે પર્વતોની ખીણોમાં પ્રવેશ કરો, સમુદ્રને તળીએ બેસો કે આકાશમાં વાતાવરણ ઉપર ફરો, તમારા બાહુ બળથી સમુદ્રની પાર ઉતરો કે પૃથ્વીની પ્રદક્ષિણા કરો, વિદ્યા કે હુન્નરના સઘળાં કિરણોને તમારા તરફ વાળો, ગ્રંથોનાં શિખરો કૂદી જાઓ, શાસ્ત્રોનાં વાકયોથી તમારી કર્ણેંદ્રિ તૃપ્ત કરો, ઇશ્વરના નામથી તમારી જીવ્હાને નિરંતર કસરત આપો તોપણ તમારી જીંદગીનું ઉત્તમ તત્ત્વ તમને મળવાનું નથી, અને તમારી જીંદગી તમારા પડછાયાની માફક નિરૂપયોગી રહેવાની. આપણા અંતઃકરણને કર્તવ્યના ખીલા સાથે મજબૂત બાંધવું જોઇએ, આપણી સઘળી ઇંદ્રિઓ તેના તરફ વાળવી જોઇએ, આપણા કૃત્યો ઉપર તેનો પ્રકાશ સંપૂર્ણ પડવો જોઇએ, આપણું મન ફળદ્રુપ હોવું જોઇએ તો આપણે સર્વે મનુષ્યની ચક્ષુમાં દિવ્યતા ઉત્પન્ન કરી શકશું. દરેક મનુષ્યોના અંતઃકરણના તારને આપણા અંતઃકરણની આસપાસ વીંટી શકશું, અને આપણી જીંદગીનો ઉત્તમ પ્રકાશ સ્વર્ગથી પાતાળ સૂધી પહોંચાડી શકશું. બાલ્યાવસ્થા આપણને એવી સૂચના આપે છે કે જેવા આપણે નિસ્પૃહી અને નિર્મળ મનના હતા તેવા આપણે સદા રહેવું જોઇએ. સઘળી અધમ ઇચ્છાઓનું દિવ્ય ચક્ષુવાળા અંતઃકરણથી અવલોકન કરી તરતજ ફેંકી દેવી જોઇએ, અને ધાવણરૂપી સત્યતાના પવિત્ર ઝરાથી આપણા અંતઃકરણને તૃપ્ત કરી કર્તવ્યના પવિત્ર ખોળામાં રમતું જોઇએ. પાણીના રેલાની માફક આપણી સ્થિતિની અધો ગતિ થવી ન જોઇએ પણ તેની વરાળ અને અગ્નિની શિખાની માફક આપણી સ્થિતિની ઉર્ધ્વ ગતિ થવી જોઇએ. આપણું અતઃકરણ કાંસાની માફક મિશ્રિત ધાતુથી બનેલું હોવું ન જોઇએ, પણ કંચનની માફક અમિશ્રિત ધાતુથી બનેલું હોવું જોઇએ તો અંતઃકરણની કિંમત લોકોની ચક્ષુઓ એની મેળે કરી લેશે. જ્યાં સૂધી આપણો ઉત્તમ જન્મ કાંઇમાં પ્રવેશ નહિ કરી શકે ત્યાં સૂધી ઉત્તમ કાર્યો આપણાથી દૂર ખસતા જશે, જ્યાં સૂધી કર્તવ્યની તીવ્ર જળધારાથી આપણા અતઃકરણની જમીન નહિ ભીંજાય ત્યાં-

સુધી આપણું મન કઠોર, સુકું ને ફળ રહિત રહેશે. વિદ્યા અને દ્રવ્યનો આડંબર નીચ વિચારો ઉપર ચડેલો સોનેરી ગીલ્ટ છે. સુંદર વસ્ત્રથી ઢંકાયલી કાષ્ટની પુતળી તરફ ભૂલ ખાવી ન જોઇએ, સુંદર દેવ મંદિરની અંદર સઘળા પ્રવેશક પુરૂષોમાં દિવ્યતા ન જાણજો, રણભૂમિમાં સઘળા શસ્ત્ર ધારણ કરનારા પુરૂષોમાં શૂરવીરતા ન જાણજો, એ સઘળી ખેલાડીની રમત જેવું છે. આપણે સત્ય વસ્તુના શોધમાં આપણી ચક્ષુને ખુલ્લી રાખી ચોતરફ ફરવી જોઇએ. આપણું મન તેના શોધને માટે ચપળ પાંખવાળું ને સુદૃઢ હોવું જોઈએ તો જીંદગીનું ઉત્તમ તત્ત્વ એની મેળે શોધ કરતું આપણી આગળ આવી પડશે. ઇલકાબમાં, શાસ્ત્રયુક્ત વાણીમાં, મોટી પેઢીમાં, રાજ્યના સિંહાસનમાં, કર્તવ્યના કિરણોનો પ્રકાશ નિસ્તેજ થયો, પણ ખોટી કીર્ત્તિ, અસત્યતા અને આડંબરનો પ્રકાશ વૃદ્ધિ પામવા લાગ્યો. કોઇ મનુષ્ય તરફથી મને એમ પૂછવામાં આવે કે કાયદાઓ અને શાસ્ત્રો શા કારણથી રચાયા તો તેના જવાબમાં એજ કે મનુષ્યના અંતઃકરણમાં કર્તવ્યનો નાશ થયો ત્યારથીજ; તેવી રીતે કોઇ તરફથી મને એમ પૂછવામાં આવે કે તૃષ્ણા, અહંકાર અને ખુશામતના કિરણો કયારે પ્રકાશિત થયાં તો તેના જવાબમાં મનુષ્યના અંતઃકરણરૂપી આકાશમાં કર્તવ્યરૂપી સૂર્યનો અસ્ત થયો ત્યારેજ. આથીજ પણ કલિયુગનું ઊત્પત્તિ સ્થાન મનુષ્યનું અતઃકરણ હોવું જોઇએ. જેમ જેમ સ્વાર્થ વૃત્તિઓ આપણા અંતઃકરણમાં ધીમે ધીમે પ્રવેશ કરવા લાગી તેમ તેમ આપણી કીર્તિ અપકીર્તિરૂપે થવા લાગી. આપણે સંપતિઓથી પૂર્ણ છતાં પણ નિર્ધન ને કંગાળ જેવા થયા. આપણું જીવન તત્ત્વ મનુષ્યના પગ તળે કચરાવા લાગ્યું. ઉત્તમ રસ્તાના શોધને માટે આમ તેમ ભટકવા લાગ્યા. મોટા વક્તા કરતાં, પૃથ્વીને પગતળે રાખનાર મોટા રાજા કરતાં, દ્રવ્યના ભંડાર રૂપ મનુષ્યો કરતાં, પોપટની માફક શાસ્ત્રોના વાકયોને બોલનારા મનુષ્યો કરતાં, પશુ, પક્ષીઓ અને વૃક્ષોને ઉત્તમ જન્મમાં મૂકવા એ શંકા નથી. જો મનુષ્ય કર્તવ્યનો દીવો હાથમાં રાખશે તો તેના ધર્મમાં, તેના ઉદ્યમમાં, રીત રીવાજમાં, વિચારોમાં, કુટુંબમાં, સંપત્તિમાં પ્રકાશ ઉત્પન્ન કરવાને શક્તિમાન થશે. આપણે જ્યારે ચિત્રકારના ઘરમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે તેની અંદર રહેલ છબીઓ આપણને એવી સૂચના

આપેછે કે ચક્ષુ ફેરવ્યા વગર, હાથ પગ ચલાવ્યા વગર, મુખાકૃતિ બદલાવ્યા વગર અને અંતઃકરણને સંકોચ્યા વગર તમે અમારી માફક તમારા કર્તવ્યના સ્થાન ઉપર એક સ્થિર ઉભા રહો. વૃક્ષો પણ કોઇની યાચના કર્યા વગર, કોઇની સ્પૃહા રાખ્યા વિના, પોતાના ઉપર આવી પડતા દુઃખોની દરકાર કર્યા વિના કેવી દૃઢતાથી એક સ્થિર ઊભા છે. આપણે આપણા કર્તવ્યથી જુદા પડી અંતઃકરણના શુદ્ધ વિચારને દબાવવા એ દુનિયાને છેતરવા જેવું છે. તમે તમારી વાણીને જ્ઞાનના શબ્દોથી ગોઠવો તોપણ તમારા છુપા ભેદને જાણનાર કુદરત નિર્મળ છે અને તેમાં તમારૂં પ્રતિબિંબ એની મેળે પડી જશે. તમારી ચક્ષુઓ, તમારા વિચારો બતાવવાને મદદ કરશે. કોઇ તત્વવેત્તા પાસે તમારો ફોટોગ્રાફ પ-ડાવી આ દુનિયામાં તમને લજ્જિત કરશે. એમ ન જાણજો કે આ દુનિયા સઘળી નિદ્રા મય છે, પણ તમારા અંતઃકરણના પવિત્ર કે અપવિત્ર રજકણો જાણવા માટે મોટા તત્વવેત્તાઓ સૂક્ષ્મ વિચાર-માં દુરબીનથી દૂર બેઠા પણ તમારૂં અવલોકન કરેછે, તમારા છુપા અધમ કાર્યને જાણવા માટે ઇશ્વરે તમારી આસપાસ સઘળી ચીજો બનાવી છે અને તેજ તમારા વિચારોનું પ્રતિબિંબ આ દુનિયા ત-રફ ખેંચશે. પર્વતની ગુફામાં પણ તમારો પડદો પડવાનોછે, તમારા હલકા વિચારો ઉપર તમે સોનેરી વરક ચડાવશો તોપણ કસોટી તો જાણવાનીજ. તમારા અવાજની માફક તમારા કૃત્યો તમારી ઓ-ળખાણ આપશેજ, ઇશ્વરે દરેક વસ્તુમાં એક સરખી સત્યતા મૂકી-છે, તો લોહચુંબકની માફક સતપુરૂષો તરફ દરેક વસ્તુઓ આ-વવાની. આપણે આપણા શુદ્ધ વિચારોથી જુદા પડવું ન જોઇએ. પડાઇ અને દોરની માફક અંતઃકરણ અને વાણીનો સંયોગ હોવો જોઇએ. અંતઃકરણમાં જે શુદ્ધ વિચાર ઉત્પન્ન થાય તેનો પ્રકાશ વાણી દ્વારા બહાર પાડવો જોઇએ તેથી ભલે અધમ લોકો આપણા સામા થા-ય, પણ ડાહ્યા પુરૂષો આપણા કર્તવ્ય રૂપી ચંદ્ર તરફ ચકોરની માફક સ્થિર દ્રષ્ટિ રાખશે, પોતાના અંતઃકરણમાં પ્રેમથી ધારણ કરશે, અને જનેતાની માફક પોતાના પવિત્ર ખોળામાં બેસાડશે, અને પોતાના અંતઃકરણના મંદિરમાં આપણી મૂર્ત્તિને ધારણ કરી, સ્નેહની પુષ્પ માળાથી આપણા કંઠને શોભાવશે અને પોતાના

પવિત્ર વિચારોથી આપણા અંતઃકરણનું પોષણ કરશે. આપણે આ દુનિયાને સમજાવવાને ચારણોની માફક મહાન્ પુરૂષોના દાખલા આપવાની જરૂર નથી કેમકે ઇશ્વરે પોતાના એકજ હાથથી તેઓને તેમજ આપણને પણ બનાવેલછે માટે આપણે તેઓના જેવા થઇ આ દુનિયામાં આપણો પોતાનો દાખલો બેસાડવો જોઇએ. રામચંદ્ર, હરિશ્ચંદ્ર, કૃષ્ણ ભગવાન, મહાવીર સ્વામી પોતે પોતાના દાખલાથી આ દુનિયાને શિક્ષિત કરતા. સૂર્ય પણ પોતાના પ્રકાશથી દુનિયાને પ્રકાશિત કરેછે. પુષ્પ પોતાની સુગંધીથી મનુષ્યોને આનંદ આપેછે. કેમકે ઇંદ્રિઓનો બોધ ઇંદ્રિઓ સાંભળેછે, પણ અંતકરણનો બોધ હોવો જોઇએ. જેથી સામું અંતઃકરણ પ્રેમથી તે બોધને ગ્રહણ કરે. આપણા અંતઃકરણમાંથી નીકળેલા ઉત્તમ વિચારો જમીનમાંથી નીકળેલા વૃક્ષની માફક હોવા જોઇએ. જેથી અધમ લાલચ તેને પાછી ખેંચી શકે નહિ. આપણું અંતઃકરણ સત્યના શોધને માટે રબરના દડા જેવું હોવું ન જોઇએ આ સંસારની રંગ ભૂમિમાં દુનિયાના સર્વ મનુષ્ય સામે અંતઃકરણ સંકોચ્યા વગર સત્યતાનો ચળકતો પડદો ખુલ્લો મૂકવો જોઇએ તેથી ભલે અધમ પુરૂષો તેના પ્રકાશથી પોતાની મલીન ચક્ષુઓ વીંચી જાય પણ ઉત્તમ પુરૂષો જન મંડળની વચમાં તેને સ્થિર રાખવાને મદદ કરશે. સુંદર મેહેલમાં કે ઝુંપડીમાં શહેરમાં કે જંગલમાં જાગ્રત અવસ્થા કે નિદ્રાવસ્થામાં કર્તવ્ય પોતાનો ધ્વનિ નિરંતર તમારી પાછળ કરે છે, પણ આપણી બધીરતાને લીધે તેનો ધ્વનિ આપણા કાનના મૂળ સુધી પહોંચી શકતો નથી. કર્તવ્ય પોતાને માટે પવિત્ર સ્વતંત્ર ઘર ગોતે છે. પણ મલીન અને ભાડુતી ઘરમાં માત્ર દ્રષ્ટિપાત કરી પાછું ચાલ્યું જાય છે, એટલે કે સ્વતંત્ર અને પવિત્ર અંતઃકરણમાં કર્તવ્યનો વાસ હોય છે. આપણા અંતઃકરણરૂપી કુંડમાંથી નીકળતાં કર્તવ્યના તણખાઓ આપણા કાર્યો ઉપર પડતાવાર ઓલાઇ જવા ન જોઇએ પણ તે તણખાથી આપણા દરેક કાર્યો પ્રજ્વલિત થવા જોઇએ. કર્તવ્ય સુંદર વસ્ત્ર કે કીંમતી આભૂષણથી મોહ પામતું નથી, જ્ઞાનયુક્ત મધુર વાણીથી લલચાતું નથી, વિદ્યા કે હુન્નરથી પ્રસન્ન થતું નથી, શક્તિ કે પરાક્રમથી વશ થતું નથી, વૈભવથી મોહ પામતું નથી, ડીગ્રીથી દબાતું નથી, રાજ્યને અનુસરતું નથી, દ્રવ્યને આધિન રહેતું નથી પણ શુદ્ધ, સત્ય, સ્વતંત્ર અને

નમ્ર અંતઃકરણમાં નિરંતર પોતાનું શયન કરેછે, રાજ્યના સિંહાસનમાં, ન્યાયાધીશના ન્યાયમાં, વેપારીઓની આડંબરવાળી પેઢીઓમાં, વિદ્વાનોની વિદ્વતામાં, ધર્મ ગુરૂઓના ધર્મમાં, ભક્તિવાન મનુષ્યોની ભક્તિમાં, વૈદ્યોના વૈદકમાં, સેવકોની સેવામાં, મિત્રોની મિત્રતામાં, વકીલોની દલીલમાં, બંધુઓના સ્નેહમાં, હવે માત્ર કર્તવ્યનો આડંબરનો પ્રકાશ ઝલકી રહ્યો છે. કોઇ મનુષ્યના અંતઃકરણમાં કર્તવ્ય રૂપી ચંદ્રની કોર હોતી નથી તો પૂર્ણ ચંદ્રની આશા કેમ રાખવી ? કે કર્તવ્યનો પ્રકાશ તે બીજાના અંતઃકરણમાં નાંખી શકે. કોઇ માણસે કર્તવ્ય દેવને પુછ્યું કે તારો રાક્ષસી માણસોના અંતઃકરણમાં શા કારણથી વાસ હોતો નથી? ત્યારે કર્તવ્ય દેવે કહ્યું કે તેના અંતઃકરણની દુર્ગંધીને લીધે. ત્યારે સામે માણસે પૂછ્યું કે તારી પાસે એવો કોઇ સુગંધી પદાર્થ નથી કે તેની દુર્ગંધી દુર થાય. ત્યારે કર્તવ્ય દેવે કહ્યું કે વિષ્ટામાં સુગંધ ઊત્પન્ન કરવાને એવો સુગંધી પદાર્થ ભાગ્યેજ દેવ કે મનુષ્ય પાસે હશે. પત્થર જમીનમાં હીરાની સાથે જોડાએલો હોય છે અને માટી જમીનમાં સુવર્ણની સાથે મળેલી હોય છે, તો પણ હીરાનાં કિરણો પત્થરમાં પ્રકાશ ઊત્પન નથી કરી શકતા, અને સુવર્ણના રજકણોને માટીના રજકણો ગ્રહણ નથી કરી શકતા કેમકે હમેશાં સુવર્ણના રજકણો સુવર્ણની સાથે જોડાય છે અને હીરો સામા હીરામાં પ્રકાશ ઊત્પન્ન કરે છે મત્સ્યેંદ્રનાથ પોતાના હજારો શિષ્યોમાં પોતાનો પ્રકાશ માત્ર ગોરક્ષનાથના અંતઃકરણમાં પાડી શકયા હતા. માટે અમારો પ્રકાશ અમારા પોતામાં રાખવો પડે છે કેમકે જેમ સૂર્યના કિરણો ભીંતો ઉપર પડતા વાર પાછા હઠે છે, તેમ અમારા કિરણો મલીન અંતઃકરણમાં પડતાવાર પાછા હઠેછે, જેથી અમારો પ્રયાસ નિશ્ફળ જાય છે. લોઢાનું ભાલું જેવું ભીંતમાં છિદ્ર પાડે છે તેવું સૂર્યના પ્રકાશમાં છિદ્ર નથી પાડતું અને સૂર્યનો પ્રકાશ જેવો સૂર્યકાન્તમણીમાં પ્રવેશ કરે છે, તેવો ભીંતમાં પ્રવેશ નથી કરી શકતો માટે ઉત્તમ પુરૂષોનો પ્રયાસ ઉત્તમ પુરૂષોમાં સફળ થાય છે. અને અધમ પુરુષોનો પ્રયાસ અધમ પુરૂષોમાં સફળ થાયછે, જેથી આ સૃષ્ટીમાં સર્વ ઠેકાણે પથ્થર હોવાથી મારે મારો વાસ પુસ્તકોના શબ્દમાં અથવા મનુષ્યોની જીભ્હામાં રાખવો પડયો છે કારણ કે જેવું અંતઃકરણ કઠણ અને મલીન છે તેવી જીવ્હા કોમળ અને મધુર

છે. અને ઘણે અંશે અંતઃકરણનો ચીંચોડો એવો તો ક્રૂર હોય છે કે તેમાં પડતા વાર ઘણી વખત અમારો નાશ થયોછે. છોડવાઓ પણ વૈદ અને ડાકતરોને એ શીખામણ આપે છે કે જો તમે અમારા ગુણ ગ્રહણ કરશો તો આપત્તિના સમયમાં અમારી માફક તમારો ઉપયોગ સર્વ લોકો લેશે અને અમારી માફક તમારા અંતઃકરણમાં દૈવી ચૈતન ઉત્પન્ન થશે, અને મનુષ્યની અંદર રહેલ રોગની સાથે પણ દુર્જનતાનો નાશ કરી શકશો. જેવો અમારો ઉપયોગ બીજાના રોગ નીવારણ માટે લોછો, તેવો તમારો ઉપયોગ બીજાના દુઃખ નીવારણ અર્થે હોવો જોઇએ. તો કર્તવ્યનો દીવો તમારામાં પ્રકાશિત થશે. અમે જડ છીએ છતાં ચૈતનવાળા મનુષ્યનો કેવો સારો ફેરફાર કરીએ છીએ તે તમારી સમજણની બહાર નથી. જંગલમાં જે કારણથી તમે અમારૂં ગ્રહણ કરોછો, તે અમારી સુંદરતાને લીધે નહીં પણ અમારા પ્રકાશના કર્તવ્યના પ્રકાશ લીધેજ અને તે પ્રકાશને લીધે પુસ્તકોના પાનામાં પણ અમારૂં નામ દીવાની માફક ઝળકી રહ્યુંછે. જંગલમાં પણ અમારી શોધને માટે અને અમારા ગુણ જાણવા માટે ધનવંતરી જેવા મહાન પુરૂષો પણ અમારી પાછળ ફરતા તેનું કારણ પણ તેજ. માટે જ્યાં સૂધી તમારી ચક્ષુઓ અમારા ગુણનું અવલોકન કરેછે ત્યાં સૂધી તમે અમારા ગુણ જાણવામાં એક અજ્ઞાન બાળક છો અને દુનિયાને નકામા છો. પણ જ્યારે અમારા ગુણનું શોધન તમારૂં અંતઃકરણ કરશે ત્યારે તમારા અંતઃકરણની શોધ મહાન્ પુરૂષોથી થશે અને તમારૂં પવિત્ર તત્ત્વ ગ્રહણ કરશે. અમે અમારા ગુણનું વર્ણન કરતા નથી, નિષ્કારણ પણ અમે અમારા ગુણનો પ્રકાશ બાહાર પાડતા નથી. કોઇ કોઇ વખત અમે જમીનમાં ગુપ્ત રહીએ છીએ. કોઇ કોઇ વખત અમે જળમાં સંતાઇ રહીએ છીએ. કોઇ કોઇ વખત અમે અમારૂં રહેઠાણ પર્વતો ઉપર કે પર્વતોની ખોણમાં કરીએ છીએ. કોઇ કોઇ વખત અમે કાદવવાળી જગ્યામાં પડયા રહીએ છીએ. કોઇ કોઇ વખત અમે વૃક્ષોની ઘટામાં ભરાઇ બેસીએ છીએ. આવી રીતે અમારૂં રેહેઠાણ ઘણું ભયંકર અને ખરાબ છે છતાં અમારે માટે કેટલી શોધો થાયછે તેનું કારણ તમે સંપૂર્ણ રીતે જાણોછો. માટે આવા અમારા ગુણ જાણી અમારા ઉપર દયા લાવી અમારો નાશ તમારા સ્વાર્થ વૃત્તિથી નહીં કરતાં પરો-

પ્રકાર વૃત્તિથી કરજો, એજ અમારી પ્રાર્થના છે. મિત્રો તમે મોટી મોટી કોલેજો પસાર કરીને ઝભાવડે તમારામાં જે ભવ્યતા દેખાયછે, તે માત્ર તમારા સાયંકાળના પડછાયાના જેવી નિષ્ફળ છે, છતાં દમ વગરની અને નિરૂપયોગી છે, અને તમે મેળવેલ ડીગ્રી પણ પાળેલા શ્વાનના કોટીયાના જેવીછે, કેમકે ઉત્તમ ભવ્યતા જે તમારા કર્તવ્યના ઝભાઓમાં રહેલ છે, તે વગર તમારૂં અંતઃકરણ બાળકની માફક નગ્ન છે. તો સમજુ માણસો તમારો ભયંકર દેખાવ જોઇ નાહાસી જવાના અને તમારા રાક્ષસી ઝભાને ધારણ કરનાર રાક્ષસો તમારી પાસે આવવાનાજ માટે જ્યાં સુધી ઉત્તમ ભવ્યતાવાળો કર્તવ્યનો પવિત્ર ઝભો તમે ધારણ નથી કર્યો ત્યા સૂધી તમારામાં જે ભવ્યતા દેખાયછે તે માત્ર સુંદર ઝુલવડે શણગારેલા બળદની બહારની અને નકામી ભવ્યતાના જેવી છે. સરસ્વતીના મંદીરોમાં રાક્ષસી ચીત્રોનો દેખાવ ઉત્પન્ન થયો, લક્ષ્મીના મંદીરમાં ચોતરફ અંધકાર ફેલાયો, ધર્મ રાજ્યના મંદીરનો પાયો તદન નબળો પડયો, કર્તવ્યના મંદીરોનો નાશ થયો, પ્રેમના મંદીરમાં ખોટાં મણીઓ દેખાવા લાગ્યાં, સત્યતાના મંદીરો ઉપર તોપોનો માર થવા લાગ્યો, અને માત્ર ખોટા આડંબરના મંદીરની ટોચો આકાશ સૂધી પહોંચવા લાગી. તેનું કારણ જ્યારથી જ મનુષ્યોના અંતઃકરણમાં કર્તવ્યની સત્તાનો નાશ થયો ત્યારથીજ જેવો કર્તવ્યનો પ્રકાશ આપણા કાર્યમાં તેવો ચકચકિત પ્રકાશ આપણા ભાષણમાં પણ હોવો જોઇએ. રાજ્યના પ્રતાપના કિરણોથી આપણી ચક્ષુઓ અંજાઇ જવી ન જોઇએ. પૈસાના મદવાળા માણસથી આપણું મન ભયભીત થવું ન જોઇએ. વિદ્વાન પુરૂષની વિદ્વતાથી આપણું મન કપિત થવું ન જોઇએ, અને મોટા પુરુષોના આડંબરથી આપણું મન ચકીત અને લુલું થવું ન જોઇએ ગમે તે ઠેકાણે આપણા કર્તવ્યના ચકચકીતપ્રકાશમાં કોઇનીછાંયાં ન પડવી જોઇએ. આપણા કર્તવ્યના સફેત રંગમાં શ્યામ રંગનું ટીપું પડવા દેવું ન જોઇએ અથવા તેનો પ્રકાશ પણ ઓછો થવા દેવો ન જોઇએ નપુંસક પુરૂષોના ભયંકર અવાજથી જરાપણ ભય પામશો નહીં કારણ કે તેના અંતઃકરણનો અવાજ તદન નબળો અને દમ વગરનો હોયછે. કેમકે મલીન અંતઃકરણમાં બળવાન ચૈતન હોતું નથી, પણ માત્ર બહારજ હોયછે. તો આપણે આપણી વાણીના બાણો ફેંકવામાં જરાપણ શંકા

ખાવી ને જોઇએ. આપણી વાણીના બાણોની અણી એવી તે તીવ્ર હોવી જોઇએ કે મલીન અંતઃકરણને ફાડી બહાર નીકળી જાય. જંગલમાં બાવળના વૃક્ષો ભલે પોતાના કાંટા પાથરીને ઉભા હોય પણ તમે જો કર્તવ્યના મજબૂત બુટ પહેરેલ હશે તો તેના કાંટાનું છેદન કરી આમ્ર ફળનો મધુર સ્વાદ તમે ગ્રહણ કરી શકશો. ઘુવડ ભલે સુર્યના પ્રકાશથી પોતાની ચક્ષુઓ વીંચી જાય પણ બીજા પક્ષીઓતો સૂર્યના પ્રકાશની અંદર ફરવાને સૂર્યોદયની રાહ પ્રેમથી જોયા કરેછે. માટે તમારા કર્તવ્યનો હીરો અંતઃકરણ સંકોચ્યા વગર નિર્ભયતાથી દુનિયાની વચ્ચોવચ મૂકી દીઓ એટલે જે ઉત્તમ ઝવેરી હશે તે બહાર પડી તે હીરાને પોતાના કંઠમાં ગ્રહણ કરશે, અને તે શિવાયના બીજા અજ્ઞાન માણસો પોતાની મલીન ચક્ષુઓ વીંચી ભલે પાછા ચાલ્યા જાય તેની દરકાર કરશો નહિ.

ઇશ્વરની પ્રશન્નતા તેની સેવામાં નહી પણ આપણા કર્તવ્યમાં રહેલ છે. મોટા પુરૂષો સ્વસેવા કરતાં અન્ય નિરાધાર પ્રાણીઓની સેવામાંજ પ્રસન્ન રહેછે. ઇશ્વર એવા અજ્ઞાન નથી કે આપણી માળા તથા પુજા કરવાની રીતિથી છેતરાય. જ્યાં સુધી આપણે કાળના કેદી થયા નથી, જ્યાં સુધી રોગના પ્રહારથી આપણા અવયવો ખંડિત થયા નથી અને જ્યાં સુધી આપણી આસપાસ દરેક પ્રાણીઓ હંયાતછે ત્યાં સુધી આપણે ભક્તિના પેન્સનને લાયક નથી. હુકમને તાબે રેહેનાર નોકર ઉપર જેટલો તેનો ધણી પ્રસન્ન રહેછે તેટલો તેના વખાણ કરનાર ઉપર રહેતો નથી. આ સંસારરૂપી સમુદ્રમાં ભલે મનુષ્યો ભક્તિના નાવમાં બેસે પણ જ્યાં સુધી તેના હાથમાં કર્તવ્યનું હલેસું નથી, ત્યાં સુધી તે મોક્ષને કિનારે પોહોંચશે નહીં.

રાજા રૈયત પ્રત્યે કેવા રૂપે હોવો જોઇએ.

રાજા માળી છે, રાજ્ય બગીચો છે, રૈયત ઝાડ છે, ખજાનો પાણીનો કુવો છે, ઝાડની સંભાળ માળીથી છે, પણ બગીચાની કીંમત, તેની શોભા, ઉત્તમ ફળની ઉત્પત્તિ તો ઝાડથીજ છે. હે નદી તું

તારા અગાધ જળનો જરા પણુ ગર્વ નહીં કર, તારા જળનો બધો પ્રતાપ તારી આસપાસ રહેલા અનેક વોકળાઓને છે, કે જેથી વોંકળાઓના જળથી તું મહાન બની છે પણુ તેઓએ પોતાના પાણીનો પ્રવાહ બીજી નદી તરફ ચાલતો કર્યો હોત તો જે લોકો તારા કાંઠા પાસે આવતા ડરે છે તે તારી છાતી ઉપર પગ મૂકવાને શક્તિમાન થાત. તેવીજ રીતે હે રાજન! તું તારી અતિ સમૃદ્ધિનો ગર્વ નહીં કર. તારી સમૃદ્ધિનો બધો પ્રતાપ તારી આસપાસ રહેલ અનેક રૈયતનો છે, કે જેથી પોતાના દ્રવ્યથી તુંને મહાન્ બનાવેલ છે, પણુ જો તેઓએ પોતાની સમૃદ્ધિનો પ્રવાહ બીજા રાજ્ય તરફ ચાલતો કર્યો હોત તો જે લોકો તારા દ્વાર પાસે આવતાં ધ્રુજે છે તે લોકો તારા માથા ઉપર પગ મૂકવાને શક્તિમાન થાત; માટે જેનાથી તું મહાન્ પદને પામેલ છે તેને તું માન આપ અને રક્ષણુ કર. રાજા ભરવાડ છે, રૈયત ગાયો છે. તો ઘી ને દુધથી જગતનું પોષણુ કરનાર ગાયો છે, પણુ ભરવાડ નથી. રૈયત રાજ્ય છે, અને તે રાજ્યના રક્ષણુ કરનાર રાજા કિલ્લા રૂપે છે, તો દેશની મજબૂતાઇનો આધાર કિલ્લા ઊપર રહ્યો પણુ કીંમત તો રાજ્ય પોતાથીજ છે. અમલદારો રાજ્યની શોભાને અર્થે આભૂષણુ રૂપે છે, ને રૈયત રાજ્યના પોષણુ અર્થે ખોરાક રૂપે છે. તો જીંદગીનો આધાર આભૂષણુની ઉપર નથી પણુ ખોરાક ઉપર છે. અમૂલ્ય વસ્તુઓથી ભરેલી રાજ્યરૂપી રૈયતની ગાડીને નિયમના રસ્તા ઉપર હાંકવા માટે રાજા કોચમેન રૂપે છે. ભલે ઝાડની મજબૂતાઇનો આધાર તેના મૂળ ઉપર રહ્યો, પણુ તેની શોભા, ફળનો આધાર, પુષ્પનો સુંદર દેખાવ, શીતળ છાંયાનો આધાર તેની શાખામાં રહયો છે. રાજ્ય કુવો છે, સમૃદ્ધિ પાણી છે, અને રૈયત કુવાની અંદર રહેલા પાણીના ઝરા છે, તો રાજ્યરૂપી કુવાની અંદર રહેલ જે સમૃદ્ધિરૂપી પાણી તેને પૂર્ણુ રાખનાર રૈયતરૂપી ઝરાઓ છે, અને તે ઝરા વગરનો રાજ્યરૂપી કુવો શુષ્ક જંગલના જેવો સમજવો. હે પર્વત તું તારી પૃથ્વીની સામે ઉંચાઇ તથા તારી અંદર રહેલા અનેક સુંદર માણેકનો જરા પણુ ગર્વ નહીં કર, કેમકે તારો આધાર અને ઉત્પત્તિ તેનાથીજ છે, તેવીજ રીતે હે રાજન્ તું તારી મહત્તા, ઉત્પત્તિ, સમૃદ્ધિ તારી રૈયતથીજ છે, જેમ રાજાની તલવારથી રાજ્યનું રક્ષણુ છે, તેમ વેપારીઓની કલ-

મથી રાજ્યનું પોષણ છે, માટે દરેક મનુષ્યોએ ઇશ્વરને રાજા તુલ્ય ગણી તેને વારંવાર નમવું. ધર્મગુરૂને અમલદાર તરીકે ગણી તેને માન આપવું ને સ્વર્ગને રાજ્યભૂવન ગણી તેની ઇચ્છા રાખવી.

રાજાઓની રૈયત પ્રત્યે ફરજ.

આગળના તેજસ્વી અને પરાક્રમી રાજાઓ કે જેઓ સૂર્યના એકપણ કીર્ણ સહન કરવાને અશક્ત છતાં પણ પોતાની વહાલી રૈયતની ખાતર પોતાના કર્તવ્યના પવિત્ર સ્નાન ઉપર વૃક્ષની માફક એક સ્થિર ઊભા રહી દુશ્મનના હજારો ભાલા અને બાણો સહન કર્યા છે તેઓએ પોતાની રાણીના આંસુના ક્રોધના એક બીંદુને પણ પોતાના અંતઃકરણમાં દાખલ કરવા દેતા નહીં. તેઓએ રાજયના અનેક વૈભવ તરફ સ્થિર દ્રષ્ટી રાખી નથી. તેઓ પોતાની અમૂલ્ય જીંદગીરૂપી રત્નથી જરાપણ લલચાણા નથી. અને પોતાની રૈયત તરફ પોતાની ફરજ બજાવવાને રાજયના વૈભવોથી સદા વિમુખ રહેતા. પ્રતાપ જેવા મોટા રાજાએ જંગલી મનુષ્યોની માફક કાચા અનાજથી પોતાનો નિર્વાહ ચલાવવાનું, પશુની માફક વર્ષોના વર્ષો સુધી ભયંકર જંગલો અને પહાડોમાં ભટકવાનું અને ઘાસ ઊપર સુવાનું કબુલ કર્યું. પૃથુરાજે શાહબુદ્દીનના કેદખાનામાં અંધ સ્થિતિ ભોગવી. જયશિખરે પોતાની સગર્ભા સ્ત્રીને જંગલમાં મૂકી સ્વર્ગના દ્વારમાં પ્રવેશ કર્યો. હે રાજન્ રાજય વૈભવો તમારા ખરા સુખનું સાધન નથી. એ તો માત્ર અંતઃકરણની ઘેલછા અને દ્રષ્ટિનો દોષ છે. એ તમારી પરીક્ષા કરવાને કસોટીરૂપે તમારી પાસે આવેલ છે. નબળા અને અધમ પુરુષોને પોતાને તાબે કરવાને અને કેદી તરીકે બનાવવાને પોતાના બંને હાથો લંબાવ્યા કરેછે રાજાઓ માત્ર રૈયત તરફથી ખરૂં સુખ મેળવે છે. આપત્તિના સમયમાં પણ તેજ છે. વૈભવો વેશ્યાની માફક અનેક પુરુષોનું આલિંગન કરેછે. દુર્જન પુરૂષની માફક તે સંપત્તિમાં આપણું આલિંગન કરેછે. અને આપત્તિમાં આપણો તીરસ્કાર કરેછે. વૈભવો જંગલમાં રામ લક્ષ્મણ અને

અને નળ રાજાનો ત્યાગ કર્યો હતો. ભંગીને ઘેર હરિશ્ચંદ્રના સામું પણ તેણે જોયું નહોતું. તેઓ અનેક ચેષ્ટાઓ કરી ક્ષણે ક્ષણે આપણને રમાડે છે. અને રોવરાવે છે. તેમના વેશ ભવાયાની માફક ખોટા હોય છે. પવન ચક્કીની માફક વિધિવડે ચોતરફ ફર્યા કરે છે. આ બ્રહ્માંડમાં સૂર્ય-ચંદ્ર-પૃથ્વી-પવન-જળની ગતિ પણ સ્થિર નથી. આકાશમાં તારાઓને પણ પૃથ્વી પર પડવું પડે છે. ગ્રહોને પણ પોતાની જગ્યો બદલવી પડે છે. મોટા જવાળામુખી પર્વતોનો પણ નાશ થાય છે. તો વૈભવની શું વીસાત કે આપણી આગળ હમેશની માફક સ્થિર રહી શકે. વૈભવનો પ્રકાશ વીજળીના પ્રકાશની માફક ક્ષણિક છે. જ્યારે તેના તીક્ષ્ણ બાણો અંતઃકરણને સ્પર્શ કરે છે ત્યારે અંતઃકરણને છિદ્રવાળું કરી ઉત્તમતા કાઢી નાંખી ચૈતન વગરતું શબવત્ કરી નાંખે છે. વૈભવનું સ્થાન જેવું કલંકિત અને અસ્થિર છે તેવું કર્તવ્યનું સ્થાન પવિત્ર અને સ્થિર છે. સૂર્ય પણ પોતાની અંદર રહેલા સાતરંગ શિવાય કોઇ પણ તારાની દરકાર નથી રાખતો.

તો તે પણ પ્રકાશિત છે. પુષ્પ પણ પોતાની સુગંધી શિવાય કોઇ પણ પાંદડાની સ્પૃહા નથી કરતું. તો તે પણ દેવ અને મનુષ્યોના મસ્તક ઉપર રહે છે. વૈભવો આપણને આનંદ આપવાને આપણી આગળ આવે છે એમ ન જાણજો; પણ આપણા અંતઃકરણની તુ-લના કરવાને આપણી આગળ આવે છે એમ જાણજો. વૈભવના કીરણો તો માત્ર આપણા અંતઃકરણ સુધી પોહોંચી શકે છે. પણ કર્તવ્યના અખંડિત કીરણો પાતાળથી સ્વર્ગ સુધી દરેક મનુષ્યના અંતઃકરણમાં પ્રવેશ કરી શકે છે. શ્રવણ પણ પોતાનું કર્તવ્ય મા-બાપની સેવામાં સમજતો હતો તો તેનું નામ આલોક તેમજ સાતે ગ્રહોમાં હજી સુધી પ્રકાશિત છે. તેમ તમારૂં કર્તવ્ય તમારી રૈયતનું રક્ષણ કરવામાં સમાએલું છે. આગળના રાજાઓની કીર્ત્તિના તારા વૈભવ વડે આકાશમાં નથી પથરાયા પણ કર્તવ્ય વડે પોતાની કીર્ત્તિના પ્રકાશિત તારાઓ પૃથ્વી અને આકાશમાં ફેલાઇ રહ્યા છે. આ સઘળા વૈભવો આપણે આપણી શક્તિથી આપણી સેવા બજા-વવાને ખેંચી લાવ્યા છીએ એમ ન જાણજો. પણ સોગઠાંઓ પાસાના આધારથી ચોપાટના પુલગ્રહને પામે છે. તેમ વિધિ વડે આપણે વૈભવના સ્થાનને પામીએ છીએ માટે રાજ્યની આબાદાની સ્ત્રી પુત્ર

કે વૈભવથી નથી પણ પોતાની રૈયતથીજ છે. માટે આબાદાનીના એ સ્થાનને તમારા અંતઃકરણમાં પ્રેમથી ધારણ કરજો અને તે સ્થાનની આબાદાનીને માટે તમારી શક્તિ અને મન તેની આસ-પાસ રાખજો. રૈયત તમારી જનેતાનું ઉત્તમ સ્તન છે અને તેથીજ તમારૂં અને તમારા રાજ્યનું પોષણ થવાનું. રૈયત જેમ રાજાના મ-સ્તકનું રક્ષક છે તેમ રાજાએ પણ તેના સુખના રક્ષક થાવું. તમારૂં મસ્તક જેવું તમારા શરીર ઉપર શોભા આપે છે તે કરતાં વિશેષ તમારા કર્તવ્યના પવિત્ર સ્થાન ઉપર શોભા આપશે. પત્થર જેમ મનુષ્યના એકત્ર અંતઃકરણથી પૂજવા ને માનવા લાયક થાય છે તેમ હે રાજન્! તમે પણ મનુષ્યોના એકત્ર અંતઃકરણથી પૂજવા ને માનવા લાયકછો. તમે ગમે તેટલા બળવાન હો તો પણ તમે તમારી રૈયત કરતા વિશેષ નથી કારણ કે દેહનો આધાર આત્મા ઉપર ને આ-ત્માનો આધાર દેહ ઉપર રહેલો છે. આખી સૃષ્ટિ પણ એક બીજાના આશ્રયથી સ્થિર રહેલી છે. તેલ જેમ દીવાના તેજની વૃદ્ધિને માટે ને અંધકારનો નાશ કરવા માટે પોતાનો દેહ અર્પણ કરે છે તેમ તમે પણ રૈયતની આબાદાની માટે ને દુશ્મનોના નાશને માટે તમારો દેહ અર્પણ કરો. માટે આ વખતે તમારા કર્તવ્યના કીરણો પ્રકાશિત કરો અને તમારી વહાલી રૈયતનો આશીર્વાદ ગ્રહણ કરો. તળાવ ગમે તેટલું મોટું હોય પણ તેની અંદર પાણીના ઝરણ નહીં હોય તો થોડા વખતમાં સૂર્યના તાપથી સુકાઇ જવાનું પણ તેની અંદર હમેશા પાણીના ઝરા વેહેતા હશે તો સૂર્યના લાખો કીરણો તેના તરફ નકામા થઇ પડે છે. તેમ રાજા ગમે તેવો તેજસ્વી અને પરાક્રમી હોય પણ રૈયતના સ્નેહના ઝરા તેના અંતઃકરણમાં વેહેતા ન હોય તો દુશ્મનના હાથથી તેનો ક્ષણવારમાં નાશ થવાનો; પણ તેના સ્નેહના ઝરા રાજાની અંદર વેહેતા હશે તો લાખો દુશ્મનોની શકિત નિષ્ફળ જાશે. રાજાઓ રૈયતની હીમતથીજ મોટા રાજ્યો તાબે કરી શકે છે. તેના સ્નેહથી અખંડ કીર્ત્તિ મેળવી શકે છે. તેની શકિતથી દુશ્મનોના મસ્તક ઉપર પગ મેલવાને શક્તિવાન થાય છે, તેના પરાક્રમથી સ્વતંત્રતાનું સુખ ભોગવી શકેછે. તેના આશીર્વાદથી સ્વર્ગ જેવા સુંદર ધામને મેળવી શકે છે. અને તેની આબાદીથી અનેક સુખ ભોગવી શકેછે. રામચંદ્રજી પણ વાનરોની

હીંમતથી લંકાનું રાજ્ય મેળવી શકયા હતા. પોતાની રૈયતના સ્નેહથી અખંડ કીર્તિ મેળવી શકયા. પ્રતાપ પણ રજપૂતોની શક્તિથી પ-ડતી દશામાંથી મુક્ત થઇ બીજી વખત અકબરની કીર્તિ ઉપર પગ મેલ્યો હતો. રાજસિંહ પણ રજપૂતોના પરાક્રમથી ઔરંગજેબથી સ્વતંત્ર રહી શકયો હતો. હરિશ્ચંદ્રે પણ પોતાની રૈયતના આશીર્વા-દથી સ્વર્ગ તેમજ પોતાનું ગયેલું રાજ્ય પાછું મેળવ્યું હતું. જેમ કીરણોવડે સૂર્યનો પ્રકાશ આ પૃથ્વી ઉપર પથરાય છે તેમ રૈયત-વડે રાજાની કીર્તિ આ પૃથ્વી ઉપર ફેલાય છે. રાજા અંતઃકરણ છે રૈયત શરીર છે તો જેટલું સુખ શરીરને તેટલું સુખ અંતઃકરણને અને જેટલી પીડા શરીરને હોય છે, તેટલી પીડા અંતઃકરણને ભોગ-વવી પડે છે. જ્યાં સુધી રાજાના પ્રેમરૂપી હળથી રૈયતના અંતઃક-રણ રૂપી જમીન ખેડાય છે ત્યાંસુધી તે જમીન ફળદ્રુપ રહેછે.

દુસ્મનોથી થતા ફાયદા.

મુસ્કેલ કાર્ય માણુસને શક્તિની તલવાર આપે છે, ભયંકર કાર્ય માણુસને હીમતનું બખ્તર આપે છે. દુસ્મન માણસને મનુષ્ય થવાની કવાયતી શીખડાવે છે. ઠેકાણે ઠેકાણે નદી ઉપર પુલો હોતા નથી જેથી આપણે સેહેલાઇથી કાંઠો મેળવી શકીએ. દરેક જગ્યાઓ સપાટ હોતી નથી જેથી આપની મુસાફરી સેહેલથી થઇ શકે. સર્વ સ્થળે સ્નેહી કે સગા હોતા નથી જેથી આપણે આપણા કાર્ય-માં નિર્ભયતાથી જય મેળવી શકીએ. નદીના કાંઠાને માટે કેવળ પુલની ઇચ્છા રાખનાર માણુસ પુલની સાહાયતા વગર કાંઠો મેળવી શકતો નથી. સપાટ જમીનને ઇચ્છનાર મુસાફર ધારવાળી કે ખાઇ વાળી જમીનમાં મુસાફરી કરવાને અશકય થાય છે, ને સ્નેહીઓનો સહવાસી માણુસ પોતાના કાર્યમાં દુસ્મનોના [illegible]ને લીધે પરાજય પામે છે. જલમાં તરનાર માણુસ ભયંકર મોજામાં પણ કાંઠો મે-ળવી શકે છે. ધારવાળી કે ખાઇવાળી જમીનનો મુસાફર પોતાની મુસાફરીમાં મોટા પર્વતો ઓળંગી પોતાની મુસાફરી સહીસલામત રીતે પુરી કરે છે. દુસ્મનોમાં રેહેનાર માણુસ તેનાથી સાવચેત રહી દરેક કાર્યમાં જય મેળવે છે. કવાયતીનું ખરૂં શિક્ષણ યુદ્ધમાં મળેછે;

ખરી સાવચેતી ને હુશીઆરી આપણને દુશ્મનથી મળેછે.

આ દુનીયામાં સગા કે સ્નેહી તે સગા હોતા નથી પણ દુશ્મન એજ ખરો સ્નેહી છે કેમકે તે આપણને માણસ બનાવેછે. માટે તમારેખરી કવાયતી શીખવીહોય તો યુદ્ધમાં રહો નેતમારે માણુસ થવું હોયતો દુશ્મન ઊત્પન્ન કરો: દુશ્મનાઇ હમેશાં દુર્જનમાં હોયછે. તો ખરી સાવચેતી આપણને દુર્જનથી મળેછે. માટે દુર્જનોને દુશ્મન બનાવવા ને સતકર્મો કરવા જેથી દુર્જન દુશ્મન થઇ આપણને સાવચેત રેહેવાનું ને માણુસ થવાનું શિક્ષણુ મ.

બે સ્ત્રીઓથી થતા ફાયદા.

દરેક કાર્યમાં જોખમ અને ભય સમાએલો હોય છે અને લાભ પણ સમાએલો હોય છે. જેમ મજબૂત વહાણુ સામા ઉછળતાં મોજાંઓને કાપી કીનારે સહી સલામત પોહોચેછે તેમ મજબૂત અને કેળવાએલું મન સામા આવતા જોખમોને ચીરી સુખને કીનારે પહોંચે છે. જેમ વહાણુની કીંમત તેના ભવ્ય દેખાવમાં નથી પણુ ઉછળતા મોજાંવાળા ભયંકર દરીયા ઉપર સમાએલી છે તેમ મનુષ્યના અંતઃકરણુની કીમત જોખમ વાળા દુનીયાના કાર્ય સાધવામાં સમાએલ હોય છે. મનુષ્યોની કીંમત જો હલકી વસ્તુ ને અધમ અંતઃકરણુના રૂપાંતરમાં સમાએલ નહોત તો મનુષ્ય ને પશુની કીંમત એક સરખી હોત. અધમ અંતઃકરણ ઉપર ને દરેક જડ પદાર્થ ઉપર બળવાન ને તીક્ષ્ણુ બુદ્ધિ પોતાની શક્તિ ચલાવી શકેછે, એટલે જડ પદાર્થને ઉત્તમ રૂપ આપે છે, ને અધમ અંતઃકરણુને ઉત્તમ બનાવે છે. સીંહ જેવા ક્રુર, અજ્ઞાન, ભયંકર પ્રાણી ઉપર મનુષ્યની શક્તિ કેટલી સત્તા ચલાવેછે? તો જ્ઞાનવાલી એક કરતાં વધારે સ્ત્રીઓ તરફ આપણી શક્તિ પોતાની સત્તા ચલાવવાને કેવી રીતે અશક્ત હોઇ શકે? મનુષ્યોની બુદ્ધિ આગળ આ દુનિયામાં એવી કોઇપણુ વસ્તુ નથી, અથવા એવુ કોઇપણુ અંતઃકરણુ નથી, કે જે પોતાના સ્વરૂપને બદલાવી નહી શકે. માણુસો બે પ્રકારથી આ દુનીયાના કાર્યમાં જોડાય છે. એક તો પોતાના મોજશોખને માટે, બીજું પોતાના તથા પોતાના કુટુંબના હિતને અર્થે.

તેમાં મૂર્ખ માણસો મોજશોખને માટે ને ઉત્તમ માણસો પોતાના અને પોતાના કુટુંબના હિતને અર્થે કાર્યોમાં જોડાયછે. મોજ શોખથી કરેલ કાર્યનું સુખ લાંબો વખત ટકી શકતું નથી. પણ પોતાના તથા પોતાના કુટુંબનાહિતનેઅર્થે કરેલ કાર્યનું સુખ લાંબો વખત ટકી શકેછે. જેમ આપણા માટે આપણે ઘર બાંધીએ છીએ, અને તેમાં મોજ શોખની ખાતર ફરનીચર વીગેરે ગોઠવીએ છીએ તેમ ફરનીચર ગોઠવવાના કરતાં આપણે રેહેવા ખાતર ઘર બાંધવું એ વધારે સુખરૂપછે. રૂપને માટે સ્ત્રી પરણવા કરતાં પોતાના હિતને માટે સ્ત્રી પરણવી એ વધારે સુખરૂપછે. પછી ભલે એકથી વધારે સ્ત્રી હોય. જેમ આપણા માબાપો આપણી મદદને માટે એક કરતાં વધારે પુત્રો ઉત્પન્ન કરેછે તેમ આપણે પણ આપણી સ્ત્રીની મદદને માટે એક કરતાં વધારે સ્ત્રી બનાવવી જોઇએ. કદાચ તમે એમ કહેશોકે સ્ત્રી કોઇ દીવસ શોકની ઇચ્છા કરતી નથી માટે આપણે તેની ખાતર બીજી સ્ત્રી કરવી જોઇએ નહીતો તે સત્યછે. કારણકે આપણે જે બીજી સ્ત્રી લાવીએ છીએ તે તેની મદદને માટે નહી પણ તેના નાશને અર્થે લાવીએ છીએ. જેમ ગુરૂ એક શિષ્યના કહેવાથી બીજા શિષ્ય પર દ્વેષ રાખતો હોય તો બીજો શિષ્ય કોઇ દીવસ સહાધ્યાયીની ઇચ્છા કરશેજ નહી. પણ જો ગુરૂ બંને શિષ્યોના અંતઃકરણને એકત્ર કરશે તો બંને શિષ્યો પોતાના અભ્યાસમાં મદદને માટે વધારે સહાધ્યાયીની ઇચ્છા કરશે. તેમ બંને સ્ત્રીઓના અંતઃકરણ એકઠાં થયા તો ગૃહકાર્યમાં મદદને માટે પોતે વધારે બેહેનની ઇચ્છા કરશે. આપણા દરેક વિચારો અને દરેક કાર્યો એકનેજ સોપવામાં આવતાં નથી. માબાપને માટે જુદું કાર્ય ને જુદા વીચારો તેમજ સ્ત્રીને માટે પણ તેમજ મિત્રને માટે તેમજ વડીલોને માટે એમ સર્વને માટે જુદું જુદું હોય છે. હવે આપણા દેશમાં સ્ત્રીઓ સદા પરતંત્ર હોય છે. એટલે પતિની વિરૂદ્ધ કોઇ પણ કાર્ય થઇ શકતું નથી. તો આપણે જેમ આપણા માટે બીજાને મિત્ર બનાવીએ છીએ તેમ આપણે આપણી સ્ત્રીને માટે પણ અંગત મિત્ર બનાવવો જોઇએ. મિત્રએ સાહાયકારક બીજું શરીર છે. ને તેની સાહાયતાથી મુસ્કેલ કાર્યો પણ સહેલાઇથી થઇ શકે છે. રામચંદ્રજીએ જ્યારે દશરથને ત્યાં જન્મ લીધો ને સીતાજીએ જનકને ત્યાં અવતાર લીધો ત્યારે એક પત્નીવાળા પુરૂષો હોવા છતાં

શા માટે રામે દશરથને ત્યાં અને સીતાજીએ જનકને ત્યાં અવતાર લીધો. આ ઉપરથી એમ માલુમ પડે છે કે ઇશ્વરનો પણ એક કરતાં વધારે સ્ત્રીવાળા તરફ તિરસ્કાર હોવો ન જોઇએ, વૃક્ષ નરજાતિમાં છે શાખા નારી જાતિમાં છે. તો વૃક્ષની આસપાસ શાખાઓ અનેક છે. સમુદ્ર નરજાતિમાં છે નદી નારી જાતિ છે તો અનેક નદીઓ સમુદ્રને મળેછે. ચંદ્ર નરજાતિમાં છે તારા નારી જાતિ છે. તો ચંદ્રની આસપાસ તારા અનેક છે. સંસ્કૃતમાં પણ ચંદ્ર તારાપતિ કહેવાય છે. તેમ રાજા નરજાતિમા છે. પ્રજા નારી જાતિ છે. તો રાજાની આસપાસ પ્રજા અનેક છે. પ્રમુખ નર જાતિ છે સભા નારી જાતિ છે. તો પ્રમુખની આસપાસ અનેક મનુષ્યોની સભા છે. માટે કુદરત અને વ્યવહાર એમ બતાવે છે કે નરની આસપાસ વધારે નારી હોવી જોઇએ એટલે પુરૂષને એક કરતાં વધારે સ્ત્રી હોવી જોઇએ જેમ એક કરતાં વધારે સદ્‌ગુણી પુત્રો આપત્તિના સમયમાં એક બીજાને મદદ રૂપે અને પોતાના માબાપને સુખ રૂપે થાય છે. ને દુર્ગુણી એક કરતાં વધારે પુત્રો માંહો માંહે લડીને દ્રવ્યનો નાશ કરી માબાપને વધારે દુઃખ રૂપ થાય છે; તેમ દુર્ગુણી એક કરતાં વધારો સ્ત્રીઓ માંહો માંહે લડી ગૃહસ્થાશ્રમના સુખનો નાશ કરે છે ને પતિને વધારે દુઃખ રૂપ થાય છે. અને સદ્‌ગુણી એક કરતાં વધારે સ્ત્રીઓ એક બીજીને મદદ રૂપે અને પોતાના પતિને સુખ રૂપે થાય છે. જેમ દોરામાં પરોવેલા એક કરતાં વધારે પાષાણોની માળા ગળામાં નાંખવાથી છાતીને પીડે છે ને દોરામાં પરોવેલા એક કરતાં વધારે પુષ્પોની માળા ગળામાં નાંખવાથી વધારે સુગંધી આપે છે તેમ ગૃહસ્થાશ્રમના દોરામાં પોરવેલી સદ્‌ગુણી સ્ત્રીની માળા આપણા અંતઃકરણને ફુલની માફક વધારે આનંદ આપે છે ને દુર્ગુણી સ્ત્રીઓની માળા પથ્થરની માફક હૃદયને વધારે પીડા આપે છે. બળવાન રાજા પોતાની આસપાસની અસંખ્ય રૈયતને નિયમમાં રાખી તેના તરફથી સંપૂર્ણ લાભ મેળવે છે, ને નબળો ને મૂર્ખ રાજા થોડી રૈયતથી પણ પોતાના રાજ્યનો નાશ કરાવે છે. હુંશીઆર ને બળવાન પતિ એક કરતાં વધારે સ્ત્રીઓને નિયમમાં રાખી તેઓના તરફથી સંપૂર્ણ લાભ મેળવે છે, ને મૂર્ખને નબળો પતિ એક સ્ત્રીથી પણ પોતાના ગૃહસ્થાશ્રમનો નાશ કરાવે છે. શિષ્ય બગડે ત્યારે ગુરૂનો દોષ, પુત્ર બગડે

ત્યારે માબાપનો દોષ, રૈયત બગડે ત્યારે રાજાનો દોષ, ને સ્ત્રી બગડે ત્યારે પતિનો દોષ સમજવો. નજીવી અને હલકી વસ્તુને વિદ્વાન માણસો ઉત્તમ ને અમૂલ્ય બનાવે છે. મૂર્ખ અને અધમ માણસોને ડાહ્યા પુરૂષો સમજુ બનાવે છે. એટલે કે ઉત્તમ ને અધમ માણસોના સહવાસથી માણસો ઉત્તમ કે અધમપણાને પ્રાપ્ત થાય છે. તો ક્લેશનું કારણ અરસપરસ બંને સ્ત્રીઓ નથી પણ તેનો મૂર્ખ અને નબળો પતિ હોય છે. તો પોતાની મૂર્ખાઇ અને અશક્તિ બીજાને દોષ રૂપ કે કલેશ રૂપ થવી ન જોઇએ. કદાચ આપણે એમ કહેશું કે જેમ પુરૂષો એક કરતાં વધારે સ્ત્રીઓનો હક ભોગવે છે તેમ સ્ત્રીઓએ પણ એક કરતાં વધારે પુરૂષોનો હક ભોગવવો જોઇએ. પણ તેમ થવાથી આપણા વ્યવહારિક કાર્યને અને આવી ગોઠવણના પરિણામે થનારી આપણી ભવિષ્યની સંતતિના હિત તથા રક્ષણને ધક્કો લાગે છે. જેમકે એક સ્ત્રીને બે પુરૂષો છે અને તેને એક છોકરો છે. હવે સ્ત્રીની માફક બંને પુરૂષોને માંહોમાંહે ક્લેશ ઉત્પન થયો. હવે બંને પુરૂષોને કોના વીર્યથી છોકરો ઉત્પન્ન થયો છે, એમ માલૂમ ન હોવાથી બંને પિતાઓની લાગણી પોતાના પુત્ર તરફ કમી થાય છે. લાગણી કમી થવાથી દુનીયાના જ્ઞાનનો આધાર જે પિતા ઉપર હોય છે, તે તેને મળતો નથી, જેથી છોકરાંની અને પોતાના ગૃહસ્થાશ્રમની સ્થિતિની ખરાબી થાય છે. હુંશીઆર કોચમેન એક કરતાં વધારે ઘોડાવાલી ગાડીને નિર્ભયપણાથી રસ્તા ઉપર ચલાવે છે ને મૂર્ખ કોચમેન એક ઘોડાથી પણ પોતાની ગાડીને ઉંધી વાળે છે તેમ હુંશીઆર પતિ એક કરતાં વધારે સ્ત્રીથી પોતાના ગૃહસ્થાશ્રમની ગાડીને નિર્ભયતાથી સુખના રસ્તા તરફ હાંકે છે ને મૂર્ખ માણસ એક સ્ત્રીથી પોતાની ગૃહસ્થાશ્રમની ગાડીને ઉંધી નાંખે છે. એક યુરોપીઅને કહ્યું છે કે બે સ્ત્રી પરણવાથી સ્નેહના વિભાગ થાય છે. પણ તે વાત ખોટી છે. જો સ્નેહના વિભાગ થતા હોય તો આ દુનિઆમાં ઇશ્વરના અનેક ભકતો હોવાથી ઇશ્વરના સ્નેહનો વીભાગ થવો જોઇએ, ને વિભાગ થતાં સર્વના ભાગમાં એટલો સ્નેહ મળે કે કોઇને સ્વર્ગ ન મળી શકે તો ઇશ્વરને સ્વર્ગ બનાવવાનું શું પ્રયોજન? જેમ સ્નેહનો વિભાગ થાય તેમ દ્વેષનો પણ વિભાગ થવો જોઇએ. તો આ દુનીયામાં અનેક પાપી છે. તો સર્વના ભાગમાં એટલો દ્વેષ મળવો જોઇ

એ કે કોઇ નર્કમાં ન જાય તો ઇશ્વરને નર્ક બનાવવાનું શું પ્રયોજન છે? તેમ એક લોહચુંબકના કટકાની આસપાસ એક અથવા એક કરતાં વધારે ખીલા લગાડયા હશે તો પણ સર્વને એકજ સરખી આકર્ષણ શક્તિ મળશે. તેમજ પુરૂષને એક સ્ત્રી હોય, અથવા એક કરતાં વધારે સ્ત્રી હોય તો પણ સર્વને સ્નેહતો એકજ સરખો મળે છે. સ્નેહ બે પ્રકારનો હોય છે એક કુદરતી અને બનાવટી; કુદરતી સ્નેહ માબાપનો પોતાના પુત્રો પ્રત્યે અને પુત્રનો પોતાના માબાપ પ્રત્યે, બનાવટી સ્નેહ સ્ત્રીનો પુરૂષ પ્રત્યે અને પુરૂષનો સ્ત્રી પ્રત્યે; તેમ અરસપરસ મિત્રનું પણ સમજવું. હવે આ બે સ્નેહમાં કુદરતી સ્નેહ વધારે બળવાન અને સત્ય હોય છે. પણ બનાવટી સ્નેહ ઉપર જો કુદરતનો રંગ ચડાવ્યો હોય તો તે બનાવટી સ્નેહ કુદરતના જેવું કામ કરે છે એટલે નિઃસ્વાર્થ સ્નેહ હોવો જોઇએ. ને તે સ્નેહ હમેશાં ઉત્તમ અંતઃકરણમાં હોય છે. ને ઉત્તમ અંતઃકરણ ઘણે અંશે ઉત્તમ માણસના સહવાસથી થાય છે. જેમ લોઢાની વસ્તુઓ પણ કારીગરના હાથમાં સોના કરતાં પણ મોંઘી કીંમતે મળે છે. તેમ શીષ્યના અંતઃકરણનો ગુરૂ કારીગર છે. પુત્રના અંતઃકરણના માબાપ કારીગર છે; ને સ્ત્રીના અંતઃકરણનો પતિ કારીગર છે. એટલે ગુરુ શિષ્યના અંતઃકરણને, માબાપ પુત્રના અંતઃકરણને, અને પતિ સ્ત્રીના અંતઃકરણને જેવા આકારમાં ઘડે તેવા આકારમાં ઘડાયછે. તો તમે પોતેજ કારીગર ન હોવાથી વસ્તુને નિંદશો નહીં; ને તમે નબળા હોવાથી સ્ત્રીઓ માંહોમાંહે લડે તેથી તમે સ્ત્રીને માથે આરોપ મૂકશો નહીં.

ક્રોધ અને ગુસ્સો રાખવા વીશે.

માણસો બે પ્રકારના હોય છે, જેવા કે સજ્જન ને દુર્જન. તેવીજ રીતે ક્રોધ બે પ્રકારનો હોય છે. દૈવી ને રાક્ષસી. દૈવી ક્રોધ હમેશાં ઉત્તમ પુરૂષોમાં હોય છે, જેથી તે પોતાના ને બીજાના સુખને પોષણ આપે છે. ઉત્તમ પુરૂષોનો ક્રોધ દુષ્ટ માણસનો નહીં પણ તેની દુષ્ટ વૃત્તિનો નાશ કરવામાં હમેશાં હોય છે ને પાછળથી તે-

નામાં ઉત્તમ બીજ વાવી સુંદર વૃક્ષોથી સુશોભિત કરે છે. સૂર્યકાન્ત મણીનું તેજ અગ્નિ રૂપે દેખાય છે. ખરૂં તેજ અગ્નિ રૂપે હોતું નથી. તેમ ઉત્તમ પુરૂષોનો ક્રોધ ક્રોધરૂપે દેખાય છે. ખરો પણ ક્રોધ રૂપે હોતો નથી. પણ પ્રેમને હિત રૂપે તે હોય છે. તેના ક્રોધની જ્વાલા જે પ્રગટ થાય છે, તે હમેશાં શીતળ હોય છે. ને અન્ય પુરૂષો પોતાના હૃદય ચક્ષુથી તેના કીરણોને પ્રેમથી ગ્રહણ કરે છે. તેઓનો ક્રોધ પવિત્ર માબાપની માફક નિર્ભય ને ફળદ્રુપ હોય છે. તેઓનો ક્રોધ મલીન ને કઠોર અંતઃકરણમાંથી ઊત્પન્ન થતો નથી, પણ પવિત્ર અને કોમળ અંતઃકરણમાંથી ઉત્પન્ન થાય છે. તેની ધારા ચંદ્રની અંદરથી નીકળતા અમૃતની માફક હોય છે, તેથી દેવના સરખા ઉત્તમ પુરૂષો તે ધારાનું પાન કરવાને હમેશાં ઇચ્છે છે. તેઓનો ક્રોધ દરેક ઉપર એક સરખો હોય છે, અને તેના સુંદર ફળ વડે દરેકને એક સરખો મધુર સ્વાદ આપે છે. જેવો રામચંદ્રજીના ક્રોધથી રાવણનો નાશ થયો તેમ તેને સ્વર્ગનું સ્થાન પણ મળ્યું કેમકે ઉત્તમ પુરૂષોનો ક્રોધ ઔષધની માફક શરૂઆતમાં વિષ જેવો કડવો ને પરિણામે અમૃતરુપે થાય છે. વિદ્વાન પુરૂષોએ જે ક્રોધનો નિષેધ કરેલ છે, તે રાક્ષસી ક્રોધનો પણ દૈવી ક્રોધ નહીં નહીંતર રાવણના પંજામાંથી સીતા મુક્ત ન થાત, ને રાવણના રાક્ષસી જુલમની જ્વાલાથી બળતા લોકો શાંત ગ્રહમાં પ્રવેશ ન કર્યો હોત, ઔરંગજેબના જુલમથી દરેક હીંદુના હાથમાં કુરાનની ચોપડી રહી હોત. દ્રૌપદીનાં શીયળનું રક્ષણ ભીમના ક્રોધથી થયું હતું. કૃષ્ણ ભગવાને પાંડવોના અંતઃકરણમાં ક્રોધનો જુસ્સો ઉત્પન્ન કરાવ્યો નહોત, તો દુષ્ટ કૈરવો પાંડવોનો નાશ કરી પોતાની સત્તા ચલાવત. પવનની માફક ક્રોધની ગતિ ગોળાકારે હોય છે. દુષ્ટ માણસોનો રાક્ષસી ક્રોધ પ્રથમ પોતાના અંતઃકરણમાંથી નીકળી તેના કુટુંબી સહવાસીને મિત્રોના અંતઃકરણની જગ્યાને બાળી પાછો પોતાના સ્થાનમાં સળગ્યા કરે છે. પણ ઉત્તમ પુરૂષોનો ક્રોધ પવનની માફક જાણે સુગંધો સ્થાનમાંથી નીકળ્યો હોય તેમ પોતાને તથા બીજાને આલાહદક થાય છે. વિદ્વાન માણસોએ પણ બાવળની સૂળની માફક ક્રોધ ને જુસ્સો રાખવો જોઇએ નહીંતર પુષ્પની સુગંધીને નહીં જાણનાર તેને કચરી નાંખે છે. તેમ તમારી સ્થિતિ થવાનીજ. વાદળાઓ પણ પોતાની અંદર

શીતળતાની સાથે વીજળીરૂપી ક્રોધને ધારણ કરેછે. મહાદેવે પણ કામદેવને બાળવા માટે ક્રોધને ધારણ કર્યો હતો. વશિષ્ઠ જેવા મહાન રૂષિએ પણ કામધેનુ ગાયનેમાટે ક્રોધનો ઝભ્ભો પેહેર્યો હતો. આપણો ક્રોધ તોફાની વાદળાની વીજળીની માફક નાશકારક હોવો ન જોઇએ. પણ શાન્ત વાદળાની વીજળીની માફક પ્રકાશિત હોવો જોઇએ. જ્યારે હિંદુમાંથી ક્રોધનો જુસ્સો નાશ થયો ત્યારે મહમદના હાથથી મૂર્તીઓ ને ધર્મનો નાશ થયો. જ્યારે શીવાજીના અંતઃકરણમાં ક્રોધ ને જુસ્સો ઉત્પન્ન થયા ત્યારે પાછું ધર્મનું રક્ષણ થયું. હીમત આધેય છે ને ક્રોધ આધાર છે. ક્રોધ વગર હીમતનો સ્થંભ સ્થિર રહી શકતો નથી. વીજળીને લીધે એક બીજાને ખેંચવાને વાદળામાં આકર્ષણ શક્તિ ઉત્પન્ન થાય છે. તેમ ક્રોધને લીધે દરેક કાર્યોને ખેંચવાને હીંમતમાં આકર્ષણ શક્તિ ઉત્પન્ન થાયછે. આપણો ક્રોધ દીવાની માફક બુદ્ધિ રૂપી વાટને બાળનાર જ્ઞાનરૂપી તેલને ચુસનારને મસ રૂપીકલંકનો ઉત્પન્ન કરનાર હોવો ન જોઇએ. કામ ક્રોધ, મદ, મોહ, લોભ જેટલે અંશે નુકશાન કરનાર છે, તેટલે અંશે ફાયદા કરનારછે. ને જ્યારે તેઓનો જન્મ રાક્ષસી અંતઃકરણમાંથી થાય છે ત્યારે પોતાને તેમજ બીજાને નાશકારક થાય છે, ને જ્યારે તેઓનો જન્મ દેવી અંતઃકરણમાંથી ઉત્પન્ન થાયછે ત્યારે તે પોતાને તેમજ બીજા ને ફાયદાકારક થાયછે. માણસો રાજાના કાયદાને માન આપી તેને આધીન રેહેતા નથી. પણ રાજાના ક્રોધને જુસ્સાને માન આપી કાયદાને આધીન રહેછે. જો બકરીમાં ક્રોધ ને જુસ્સો ઓછોછે તો ખાટકી તેનો નાશ કરવાને પોતાના હાથમાં હથીયાર ઝાલેછે, ને સીંહમાં ક્રોધ ને જુસ્સો વીશેષ છે, તો તેનું તો શું પણ તેના બચ્ચાનું નામ લેતું નથી. આપણા બાળકને તે નાશકનારના હાથમાંથી મુક્ત કરવાને અથવા તે દુષ્ટ માણસનો નાશ કરવાને આપણામાં જે હીંમત આવે છે, તે ક્રોધ સહીત; ધર્મનું ખંડન કરનાર જે માણસ તેના વાકયોને તોડીપાડવાને આપણામાં જે હીંમત આવે છે તે ક્રોધ સહીત; સભાની અંદર દુષ્ટ માણસોને બોધ આપવાને આપણામાં જે જુસ્સો ઉત્પન્ન થાય છે તે પણ ક્રોધ સહીત. અભ્યાસીઓને એક બીજાથી શ્રેષ્ટ થવાને ક્રોધ મદદ કરે છે. આપણે લડાઇમાં ગમે તેટલા ભયથી કંપતા હોઇએ પણ આપણે તે લડાઇમાં મિત્રને, બાપને, ભાઇને, પુત્રને મુએલ

જોઇએ છીએ ત્યારે આપણામાં યુદ્ધ કરવાને જે હીંમત ઉત્પન્ન થાય છે તે ક્રોધ સહીત. સરીયત જીતવાને ઘોડાને ક્રોધ ને જુસ્સો ઘણે અશે મદદ કરે છે. તમારી પાછળ દોડતા દુશ્મનના હાથમાંથી બચવાને તમે તમારા ઘોડાને શામાટે ચાબખ મારોછો? તમે જાણોછો કે ઘોડાને ચાબખ મારવાથી તેનામાં ક્રોધ ઉત્પન્ન થશે ને તેથી પોતાની ગતિને વધારશે. આપણો ક્રોધ વિચારવંત, ઉત્તમને પરોપકારી, હોવો જોઇએ. પણ અગ્નિને માફક સુકા તેમજ લીલા વૃક્ષને બાળનાર હોવો ન જોઇએ. સીંહ પણ ક્રોધને જુસ્સાથી સર્વ પશુની જાતિમાં શ્રેષ્ટ ગણાય છે. સુર્ય પણ પોતાની અંદર ક્રોધરૂપી ઉષ્ણતા રાખે છે. જેમ સૂર્યની અતિ ઉષ્ણુતા વરસાદને માટે હોય છે તેમ ઉત્તમ પુરૂષોનો ક્રોધ સમજવો. આપણો ક્રોધ અગ્નિની માફક પોતાની આસપાસની જગ્યાને બાળનાર, ને પાછળથી મશની માફક શ્યામતા ઉત્પન્ન કરનાર હોવો ન જોઇએ. જેમ આપણામાં કામ, ક્રોધ, મદ, મોહ, ને લોભ છે તેમ વિચારનું ઉત્તમ સ્થાન પણ છે. તો તે પાંચેનો વાસ તે સ્થાનની બહાર હોવો ન જોઇએ. જેમ યુદ્ધમાં શુરવીરતાની સાથે હથીઆરની જરૂર છે. તેમ મનુષ્યોને પોતાનો ગ્રહસ્થાશ્રમ ચલાવવાને, રાજાઓને પોતાનું રાજ્ય ચલાવવાને, શિક્ષકોને પોતાના શિષ્યોને અભ્યાસ તરફ દોરાવવાને, સ્ત્રીઓને પોતાના બાળકોને તાબે રાખવાને, બુદ્ધિની સાથે ક્રોધની જરૂર છે. ક્રોધની સંયોગતા મનની સાથે હોવી ન જોઇએ. પણ વિચાર પૂર્વક બુદ્ધિની સાથે હોવી જોઇએ. આપણા અંતઃકરણમાં ઇશ્વરે ક્રોધનું બીજ વાવ્યું નહોત તો ઉછાંછળી સ્ત્રીઓ નીચ પુરૂષોના ફંદમાં ફસાણી હોત, તોફાની બાળકો પોતાના માબાપોનું દુર્ભાગ્ય ઉત્પન્ન કરવાને શક્તીમાન થાત, દુષ્ટ લોકો ભયના બોજાથી સદા મુક્ત રહેત, આપણા ધર્મના જુસ્સા ખરતા તારાની માફક પડી ગયા હોત, તોફાની ઘોડાને ચાબખા જેમ સીધા રસ્તા ઉપર લઇ જાય છે. તેમ માબાપનો ક્રોધ તેના બાળકને, પતિનો ક્રોધ તેની સ્ત્રીને, ગુરૂનો ક્રોધ તેના શીષ્યોને ઉત્તમ રસ્તે લેઈ જાય છે. આપણો ક્રોધ બીજા ઉપર અગ્નિના પ્રકાશની માફક પડવો જાઇએ પણ તેના ધુમાડાની માફક પડવો ન જોઇએ. જેથી ઉત્તમ વસ્તુ ઝડપથી શોધી શકે, ને જાણી શકે. દુષ્ટ લોકોનો નાશ કરવાને ઇશ્વરે

ચોત્રીશ વખત જન્મ લીધો હતો. શાંત પુરૂષો રાખની માફક ક્રોધને બાળનાર કે અન્નને પકાવનાર હોતા નથી પણ મુર્છિત પુરૂષની માફક સદા નીરઉપયોગી રહે છે.

શાંતિ એ નિર્બળ પુરૂષોને સુખ રૂપે હોય છે ખરી, પણ વાસ્તવિક રીતે તો નહીં કેમજે વ્યભિચારિણી સ્ત્રીને, શઠ મિત્રોને, અધમ પુરૂષોને, નીચ બાળકોને, તે ઉત્તેજન આપે છે. શાંતિ એ કેટલેક અંશે દુષ્ટ પુરૂષોના નાશ કરનાર તલવારને મ્યાનરૂપ, તોપના મોઢાને ડાટા રૂપ, બાણુ ને ભાથા રૂપ, જુસ્સાને કેદ રૂપ એટલે તેઓ પોતાનું કાર્ય બજાવી શકતા નથી. કેમકે ધાર વગરની તલવાર, અણી વગરનું ભાલું ને બાણુ. દારૂને ગોળા વગરની તોપ ક્રોધને જુસ્સા વગરનો મનુષ્ય આ સંસારની રણભૂમિમાં નકામા સમજવા. અધમ પુરૂષોના કટુ વચન સહન કરવા, એ આપણા અંતઃકરણની, શ્વાનના અંતઃતકરણના સરખી અધમતા અને નિર્બળતા બતાવે છે. આપણો ક્રોધને જુસ્સો સીંહ સ્વરૂપે આપણા અંતઃકરણમાં ફેલાયલો હોવો જોઇએ. જો તોફાની ઘોડાની લગામ અને ચાબુખ તમારા હાથમાં નહીં રાખો તો ઘોડો તમને જમીન ઉપર પાડશે. શાસ્ત્રકારો આપણને કામ, ક્રોધ, મદ, મોહ અને લોભથી દૂર રેહેવાની સૂચના આપે છે ખરા પણ તેઓની સૂચના એવી છે કે જો ઘોડાના મુખમાં રેન નબળી હોય તો તેનાથી દૂર રહેજો. પણ તેનામાં સંપૂર્ણ પ્રબળતા હોય તો સ્વાર થવામાં જરા ભય રાખશો નહીં. તેવીજ રીતે જો તમારા વિચારો નબળા હોય તો તેઓનાથી દૂર રહેજો. પણ તેનામાં સંપૂર્ણ પ્રબળતા હોય તો પાંચેને તમારી અંતઃકરણની ગાડીમાં નિર્ભયતાથી જોડી દીયો તો તેઓ તમને તમારા ઇચ્છિત કાર્યની પાર સહી સલામત પોહોંચાડશે. ઘંટની સામે ટોકરો અથડાય છે, તો તે પણ અવાજ કરે છે આપણા ક્રોધની સાથે પ્રેમ, લાગણી, દયા, પરોપકાર, દ્રઢતા ને નિતી હોવી જોઇએ. માત પિતાને ગુરૂનો હીતઃકારી ક્રોધ આપણને કેટલો ફાયદાકારક થાય છે. રાજાઓનો રક્ષક ક્રોધ આપણું કેટલું રક્ષણ કરે છે, મીત્રનો નીતિવાન ક્રોધ આપણને કેટલો ફળદાયક થાય છે, તે ક્રોધની સમજણનો બાહાર નથી. અધમ પુરૂષોનો નિષ્કારણ ક્રોધ, સર્પની માફક કાળરૂપે

હોય છે. ઇશ્વરે આપણામાં જે કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મુકયા છે. તે પોતાની ભૂલથી નથી મુકયા, અને આપણને વિચાર કરવાની શક્તિ આપી છે, તે પોતાની ભુલ સુધારવાને માટે નથી આપી પણ પાંચેને ઉત્તમ રસ્તા તરફ દોરવાને માટે વિચાર શક્તિ આપી છે. તલવાર આપણને ક્રુર અને ભયંકર લાગે છે ખરી પણ આપણા શરીરનું રક્ષણ કરવામાં કેટલે અંશે મદદ રૂપ અને દુષ્ટ માણસને ત્રાસ રૂપ છે. તમારી ક્રોધરૂપી રેલને ઉત્તમ વિચારરૂપી પાટાની જરૂર છે. જો પાટા વિના તમે તેને ચલાવશો તો નિશ્ચય તમને હાનિ થશે. દુર્ગંધી પદાર્થોથી આપણે ગંધને તિરસ્કાર આપવો, ચંડાળના કૃત્યોથી આપણે મનુષ્ય જન્મને તિરસ્કાર આપવો, અને રાક્ષસી ક્રોધના ફળથી આપણે ક્રોધનો તિરસ્કાર કરવો, એ યોગ્ય નથી. જેવી તેની એક બાજુ ખરાબ છે, તેવી તેની બીજી બાજુ શ્રેષ્ઠ છે. જો ઇશ્વરને ક્રોધ ઉપર અભાવ હોય તો પશુને શૃંગ આપવાનું, હાથીને દંતુશળ આપવાનું, સિંહને નહોર આપવાનું, સર્પના મુખમાં અને વિંછીના પુચ્છમાં વિષ મુકવાનું, મગરને ધારવાળું પુચ્છ બનાવવાનું, અને મનુષ્યના અંતઃકરણમાં જુસ્સો અને ક્રોધ મુકવાનું શું પ્રયોજન ? અગ્નિનો સ્વભાવ બાળવાનો છે, તેથી તેની સાથે આપણાથી વેહેવાર એક ક્ષણ પણ નહીં છોડી દેવાય, કેમકે અંધકારમાં અને આપણા પાકને માટે ઘણો ઉપયોગી છે. શાંત અવસ્થા, અતિ વૃધ્ધાવસ્થા, અતિ બીકણ અવસ્થા, અને અતિ રોગી અવસ્થા, આ દુનિયાના ભયંકર અને મહાન્ કાર્યને માટે નકામાં છે. અગ્નિ, મેઘ, અને વાયુ જયારે પોતાની હદ છોડે છે ત્યારે તેઓ આપણા નાશકારક થાય છે. અને જયારે તેઓ પોતાની હદમાં રહે છે, ત્યારે તેઓ આપણી જીંદગીના પોષક થાય છે. તેવીજ રીતે જયારે ક્રોધ વિચારની હદ ઓળંગે છે, ત્યારે આપણો તેમજ આપણાં કાર્યનો નાશ કરે છે. જયારે તે વિચારની હદમાં રહે છે, ત્યારે તે આપણા કાર્યને પોષણ આપે છે. મૂર્ખ ને અધમ માણસોનું અંતઃકરણ ક્રોધ રૂપી અગ્નિના મધ્યમાં રહી સળગ્યા કરે છે. અને ઉત્તમ મનુષ્યોનું અંતઃકરણ તેનાં પ્રકાશમાં રહી પોતાની આસપાસ દરેક વસ્તુને જોઇ શકે છે. દૃઢ, ઉત્તમ અને પવિત્ર અંતઃકરણ, ક્રોધના પ્રકાશમાં રહે છે, જેથી તે ક્રોધ તેની ચક્ષુ રૂપે થાય છે. અને મલીન, નબળા,

અંતઃકરણ રૂપી પતંગીઆને માટે ક્રોધ અગ્નિ રૂપે થઇ તેનો નાશ કરે છે. સૂર્ય, મેઘ અને કાષ્ટ આદિ દરેક વસ્તુઓની માફક ક્રોધ રૂપી અગ્નિને પોતાના અંતઃકરણમાં દરેક માણસોએ ધારણ કરવો જોઇએ. આપણો, ક્રોધ બીજાના નાશને અર્થે નહીં, પણ ગરીબ અને નિરાધાર પ્રાણીઓના રક્ષણને અર્થે હોવો જોઇએ. ચેટાં, માછલા અને હરણની ગરીબાઇ તેનો પ્રાણ હરે છે. સીંહનો જુસ્સો અને ગર્જના માણસના હથીઆરને છોડાવે છે. શ્વાનની માફક વારંવાર નિષ્કારણ ભસવું અથવા તેની માફક લાકડીઓના પ્રહાર વારંવાર સહન કરવા, ને અંતઃકરણની ઉત્તમતા નથી. સ્ત્રી કુછંદી થઇ તે વખતે આપણે શું શાંતિની ચક્ષુ ખુલી રાખવી ? યુદ્ધમાં લશ્કર કપાતું હોય તે વખતે રાજાએ શું શાંતિના સિંહાસનમાં બેસી રહેવું ? શિષ્યો ખરાબ રસ્તે દોરાતા હોય તે વખતે ગુરૂએ શું શાંતિની ખુરશીમાં પડયા રેહેવું ? ધર્મનો નાશ થતો હોય તે વખતે ધર્મ ગુરૂએ શું શાંતિની સમાધિ ચડાવવી ? દુષ્ટ લોકો રાજ્યમાં લુંટફાટ કરતા હોય તે વખતે રાજાએ ક્રોધ રૂપી તલવારને શું શાંતિના મીયાનમાં મુકી રાખવી ? દુર્જન પુરૂષોથી સત્ પુરૂષોની ખરાબી થતી હોય, તે વખતે આપણે આપણી ચક્ષુ ઉપર શું શાંતિના પાટા બાંધવા ? શીવાજીના ક્રોધ અને જુસ્સા જો શાંતિના કુવામાં ડુબી ગયા હોત તો દરેક હિંદુઓ મુસલમાન થાત, અને હિંદુ ધર્મ ઉપર કતલ ચાલત; રામચંદ્રજી પણ શાંતિની ઝુંપડીમાં બેસી રહ્યા હોત તો સીતાજીના દુઃખનો અંત, તેના મૃત્યુની સાથે આવત. જ્યારે લોકો અધર્મ રસ્તે દોરાય છે, ત્યારે ધર્મ ગુરૂને વિષે પણ ક્રોધ અને જુસ્સો ઊત્પન્ન થાય છે. ધરતીકંપ અને પવનના તોફાનોથી આપણે આપણા મેહેલનો પાયો મજબુત કરીએ છીએ; રાજાઓના કોપના ભયથી નીચ લોકો તેના કાયદાને માન આપે છે. ઘોડાનો આપણે નાશ કરવો ન જોઇએ, તેમ તેને સ્વતંત્ર થવા ન દેવો જોઇએ, પણ લગામને આધીન રાખવો જોઇએ; તેવીજ રીતે ક્રોધનો આપણે નાશ કરવો ન જોઇએ, તેમ તેને સ્વતંત્ર થવા દેવો ન જોઇએ પણ તેને બુધ્ધિને આધીન રાખવો જોઇએ. જ્યારે પવન પોતાની હદ ઓળંગે છે, ત્યારે મોટા મોટા વૃક્ષને તોડી નાંખે છે, મોટા મોટા ઘર અને મેહેલાતોને જમીન દોસ્ત કરે છે, અને

સમુદ્રના વહાણો ઉંધા નાખી દે છે; તેવીજ રીતે ક્રોધ જ્યારે પોતાની હદ ઓળંગે છે, ત્યારે આપણા મહાન્ વિચારોને ઊંધા નાખી દે છે, બુદ્ધિને ડુબાવી દે છે, અને આપણા ઉત્તમ કાર્યોને તોડી નાખે છે. કામ, ક્રોધ, મદ, મોહ અને લોભ તેઓને હલકા કહેવા એ આપણી પોતાની હલકાઇ બતાવે છે. કારણકે તેના ઉપયોગનો આધાર આપણા ઉપર રહેલો છે. કારણકે જે વસ્તુ આપણે સ્વાધીન છે, તેના ઉપર આરોપ મુકવો તે આપણા પોતા ઉપર આરોપ મુકવા જેવું છે; કેમકે આપણા સિવાય તેઓની સ્થિતિ અધમ અથવા ઉત્તમ થવાની નથી. ડાહ્યા માણસોના સમાગમથી અધમતા ઉત્તમપણાને પામે છે; અને હલકા મૂર્ખ માણસના સહવાસથી ઉત્તમતા અધમતાને પ્રાપ્ત થાય છે. કોઇ વસ્તુનો ત્યાગ કરવો તે કરતાં તેને ઉપયોગમાં લેવી તે વધારે સારૂં છે. જેમ જેમ આપણે વસ્તુના સમાગમમાં આવતા જઇએ છીએ તેમ તેમ આપણે વધારે બળવાન થતા જઇએ છીએ અને જેમ જેમ આપણે તેનાથી દૂર ખસતા જઇએ છીએ તેમ તેમ આપણે વધારે નબળા થતા જઇએ છીએ. જો તમે નદી અથવા તળાવોથી દૂર રેહેશો તો તરવાની હીંમત તમારામાં નહીં આવે; જો તમે ઘોડાથી ભય પામશો તો તેના ઉપર તમે સ્વારીને લાયક નહીં થતાં તેના તરફથી મળતો લાભ ખોઇ નાખશો. જે વાયુથી આપણે વહાણોને સમુદ્રમાં ઊંધા પડતા જોઇએ છીએ તેજ વાયુથી આપણે વહાણોને ઝડપથી કાંઠે પહોંચતા જોઇએ છીએ. જે વરસાદથી આપણે શેહેરો અને પ્રાણીઓને જળમાં તણાતા જોઇએ છીએ, તેજ વરસાદથી આપણે આખા દુનિયાના પ્રાણીઓને આનંદમાં જોઇએ છીએ. જો સોક્રેટીઝે પોતાની સ્ત્રીના કઠણ અંતઃકરણ રૂપી જમીનમાં ક્રોધનો હળ ચલાવ્યો હોત તો તેની અંદર અનેક વિચારોનો ઉત્તમ પાક પેદા થાત પણ તેના અંતઃકરણની જમીનને કઠણ સ્થિતિમાં રાખનાર સોક્રેટીસની શાંતિ હતી. વશિષ્ઠના સો પુત્રોથી દુનિયાને મળતા જ્ઞાનના લાભનો નાશ કરનાર કેવળ વશિષ્ઠની શાંતિ હતી. જે સૈન્યથી બળવાન રાજા રાજ્યનું રક્ષણ કરે છે, તેજ સૈન્યથી નબળો રાજા પોતાના રાજ્યને ગુમાવે છે. માટે શંકર પોતાના અગ્નિના ત્રીજા નેત્રથી, રામચંદ્રજી પોતાના બાણથી અને શ્રી કૃષ્ણ ભગવાન પોતાના હસ્તકમાં રા-

ખેલા ચક્રથી આપણને એવી સૂચના આપે છે કે તમે તમારા અંતઃકરણના એક ભાગમાં અવશ્ય ક્રોધ અને જુસ્સાને ધારણ કરો. દરેક માણસે પોતાના વૃક્ષો રૂપી કાર્યના પોષણને માટે પોતાના અંતઃકરણ રૂપી તળાવમાં કામ, ક્રોધ, મદ, મોહને લોભ રૂપી જલને સુકાવવા દેવું ન જોઇએ. તેમ તે જલ પણ વિચારના કિનારાને તોડી બહાર ન જાય તેને માટે કિનારાને મજબૂત રાખવો જોઇએ. જે જમીન પોચી છે તેને પાણીના સિંચનની જરૂર છે ને જે જમીન કઠણ છે તેને ક્રોધ રૂપી હળની જરૂર છે. જે ક્રોધી છે તે કેવા દયાળુ, ભક્તવત્સલ, ને લાગણી વાળા હોય છે તેનું દ્રષ્ટાંત શંકર ઉપરથી જાણીએ. જ્યારે સમુદ્ર મથન કરતી વખતે હળાહળ વિષ નીકળ્યું ત્યારે બ્રહ્મા અને વિષ્ણુંએ તે વિષને નહીં ગળતાં શંકરે પોતે ગળ્યું; નહીતર આખા બ્રહ્માંડનો એક ક્ષણમાં નાશ થઇ જાત: શંકરને સ્મશાનમાં વાસ કરવાનું, શરીરે રખ્યા ચોળવાનું, તથા પોતાના ગળામાં અસ્થિની માળા પેહેરવાનું, માત્ર કારણ એજ કે સ્મશાનમાં રહી પોતાના ભક્તોનું રક્ષણ કરવું, તેના અસ્થિને પોતાના ગળામાં આભૂષણની માફક ધારણ કરવાં. અને વસ્ત્રની માફક તેઓની રખ્યાને શરીર ઉપર ધારણ કરવી. જેમ આ દુનિઆમાં ઉત્પન્ન થતી ચીજો ફાયદાકારક અને નુકશાનકારક હોય છે, તેમ અંતઃકરણમાં ઉત્પન્ન થતા વિચારો નુકશાનકારક અને ફાયદાકારક હોય છે; માટે દરેક વિચારોનો આપણે નાશ કરવા કરતાં નિયમમાં રાખતા શીખશું તો હલેસું જેમ વહાણને કિનારે પોહોંચાડે છે, તેમ તેઓ આપણને મોક્ષને કિનારે પોહોંચાડશે.

પરસ્ત્રી ગમનથી થતો ગેરફાયદો.

આપણા શરીરમાં રહેલ જે ઉત્તમ તત્વને અમુલ્ય રત્ન તે વીર્ય છે, અને તેના ખરચમાં જેમ બને તેમ કંજુસાઇ રાખવી. રોગરૂપી દુશ્મનોને શરીરની અંદર પ્રવેશ કરતાં અટકાવવાને તે મજબૂત કિલ્લો છે. જ્યારે રોગરૂપી સૈન્ય શરીરની અંદર ધીમે ધીમે પ્રવેશ કરે છે ત્યારે શક્તિરૂપી દ્રવ્યને લુંટી, શરીરરૂપી રાજ્યનો નાશ કરે છે. નીચ મિત્ર કરતાં પણ પરસ્ત્રી વધારે ભયંકર છે, કેમકે નીચ મિત્ર માત્ર

વાણીથી છેતરે છે પણ પરસ્ત્રી તો વાણીથી, વિષયથી અને હાવભાવથી છેતરે છે, નીચ મિત્ર માત્ર દ્રવ્ય હરણ કરવામાં સમર્થ છે, પણ પરસ્ત્રી તો દ્રવ્ય, શરીરનું દ્રવ્ય જે વીર્ય અને શક્તિ, અને અમુલ્ય આબરૂનું હરણ કરવામાં સમર્થ છે. આ દુનિયામાં દુશ્મન કરતાં પણ પરસ્ત્રી વધારે ભયંકર છે, દુશ્મન આ લોકના સુખનો નાશકારક થાય છે. પણ પરસ્ત્રી તોઆલોક અને પરલોકના સુખની નાશકારક થાય છે. દુશ્મનના હાથમાંથી બચવાને આપણને બુદ્ધિ, દ્રવ્ય અને બળ મદદ કરી શકે છે, પણ પરસ્ત્રીના હાથમાંથી બચવાને બુદ્ધિ, દ્રવ્ય અને બળ મદદ કરી શકતા નથી; કારણકે ત્રણેનો નાશ થાય છે. ભિક્ષુક તેમજ વ્યભિચારી પુરૂષો સમાન સ્થિતિના સમજવા. ઉચ્છિષ્ટ ભોજનની માફક અન્યથી ભોગવાપેલી સ્ત્રીની ઇચ્છા કરેછે. સ્ત્રીનેમાટે શેરીએ શેરીએ ભટકે છે, વારંવાર તિરસ્કાર વચનો સાંભળે છે. ભિક્ષુકની માફક એક ક્ષણપણ બીજાને ઘેર બેસવા લાયક થતો નથી. આ જગત્માં પુરૂષ ચોર કરતાં સ્ત્રી ચોર વધારે ભયંકર છે; કારણકે પુરૂષ ચોર તો ભયની સાથે ઘણી મુસ્કેલાઇથી દ્રવ્ય હરણ કરી શકે છે, પણ પરસ્ત્રી તો નિર્ભયતાથી અને ઘણી સેહેલાઇથી દ્રવ્ય, બળ, અને શકિતનું હરણ કરી લે છે પરસ્ત્રી એ કુળની સ્મૃદ્ધિનો ભયંકર રોગ છે. તેના કટાક્ષ એ નર્કના દ્વારની કુંચી છે, તેના મધુર વચનો તે વિષનો ઝરો છે. તેના હાથનું કંઠાલિંગન તે ફાંસીનો દોર છે. તેનો સ્નેહ જાળ છે. તેના હાવભાવ છેતરવાની કવાયતછે, સ્ત્રી સમુદ્ર છે, તેની અંદરનો સ્નેહ જળ છે, પુરૂષોનું મન વહાણ છે, તેની બુદ્ધિ સઢ છે, સ્ત્રીના મધુર વચનો તોફાની પવન છે. જ્યારે પુરૂષ પોતાના મનરૂપી વહાણને સ્ત્રીના સ્નેહરૂપી જલમાં ઝોકાવે છે, ત્યારે તે સ્ત્રી પોતાના કપટયુકત મધુર વાણીરૂપી પવનના ઝપાટાથી બુદ્ધિરૂપી સઢને તોડી મનરૂપી વહાણને ડુબાવી દે છે. હે મૃગ તું તારા જંગલના પક્ષીઓના અવાજમાં સંતોષ માનજે પણ પારાધીની મધુર વીણાના અવાજથી લલચાઇશ નહીં કેમકે તેની મધુરતા તારા નાશને અર્થે છે, દરેક જળમાં એક સરખો સ્વાદ હોય છે પછી તે જળ કુવાનું હોય કે નદીનું હોય, તળાવનું હોય કે ખાબોચીયાનું હોય, કે આપણા ઘરનું હોય કે બીજાના ઘરનું હોય, માટીના વાસણમાં હોય કે સુવર્ણ વાસણમાં હોય, રાજાના મેહેલનું હોય કે ભિક્ષુકના

ઘરનું હોય, ચંડાળના ઘરનું હોય કે પવિત્ર બ્રહ્મણના ઘરનું હોય, તોપણ તેના સ્વાદમાં ફેરફાર થતો નથી. તેવીજ રીતે સ્ત્રી ચોથરાથી વીંટાએલી હોય કે સુવર્ણથી સણગારેલી હોય, શુષ્ક અન્ન ખાતી હોય કે સુંદર પક્વાન્ન ખાતી હોય, ભિક્ષુકની ઝુંપડીમાં રેહેતી હોય કે રાજાના મેહેલમાં વૈભવ ભોગવતી હોય, સિંહાસન ઉપર બેસતી હોય કે પથ્થર ઉપર બેસતી હોય, જેનું શૈયન પુષ્પ શૈયા હોય અથવા ત્રણ શૈયા હોય, મુરખ હોય કે વિદ્વાન્ હોય સ્વરૂપવાન હોય કે કદરૂપી હોય તોપણ વિષયનો સ્વાદ સર્વમાં એક સરખો હોય છે. આપણા બગીચાનું પુષ્પ હોય કે રાજાના બગીચાનું પુષ્પ હોય, સુંદર મોતીવાળા તળાવનું કમળ હોય અથવા કાદવવાળા તળાવનું કમળ હોય તોપણ સર્વમાં સુગંધી એક સરખી હોય છે. ઇશ્વરે પાણીમાં સ્વાદ, સાકરમાં મીઠાશ, પુષ્પમાં સુગંધી અને સ્ત્રીના વિષયનો આનંદ સર્વમાં એક સરખો રાખ્યો છે, તો શા માટે આપણે આપણા બગીચાના પુષ્પની સુગંધી છોડી અન્યના બગીચાના પુષ્પની સુગંધની ઇચ્છા રાખવી જોઇએ ? શા માટે આપણે આપણા શેહેરની નદીના જળને છોડી અન્ય શેહેરની નદીના જળની ઇચ્છા કરવા જોઇએ? તેવી રીતે શા માટે આપણે આપણી સ્ત્રીના વિષયના આનંદને મુકી અન્ય સ્ત્રીના વિષયના આનંદની ઇચ્છા કરવી જોઇએ? માટે દરેક માણસે વિદ્યા અને કીર્ત્તિમાં અસંતોષ, અને દ્રવ્યને સ્ત્રીમાં સંતોષ રાખવો.

ગૃહ કેળવણી તથા સ્ત્રી કેળવણી વીશે.

બાળકના અંતઃકરણમાં સદ્‌ગુણ કે દુર્ગુણ, ઉંચ કેળવણી કે અધમ કેળવણીનું બીજ રોપનાર કુટુંબના મનુષ્યો તેમાં વીશેષે કરીને તેની જનેતા હોય છે. કેમકે જેટલો લાંબો કાળ બાળક પોતાની માતાની સાથે કાઢે છે તેટલો કાળ કુંટુંબના મનુષ્યો સાથે કાઢતું નથી. જેનું ગૃહ, સભ્યતા, સત્યતા, પવિત્રતા, સુલક્ષણ આદિ સારી રીતથી યુકત હોય તો પંચ મહાભૂતના સંયોગથી જેમ જમીનમાં બીજ ઉત્પન્ન થાય છે, તેમ ગુણોના સંયોગથી બાળકના અંતઃકરણમાં સદ્‌વર્ત્તનનું બીજ ઉત્પન્ન થાય છે. અને પછી સદ્‌ વિચારના સૂક્ષ્મ અંકુરો ક્રમે ક્રમે ફુટવા લાગે છે. માટે બાળકના

સદ્‌વર્ત્તનનો મુખ્ય આધાર ગૃહ છે. જ્યારે બાળક પોતાની માતાના ઉદરમાંથી નિકળી આ દુનિઆમાં પ્રવેશ કરે છે, ત્યારે પવનની સાથે દરેક કેળવણીનો દમ લે છે. બાળકનું મન માખણના સરખું કોમળ હોવાથી જે જે વિચારો, જે જે કાર્યોને જે જે વસ્તુઓ તેના અવલોકનમાં આવે છે, તેની છાપ તેના અંતઃકરણમાં જલદી પડી જાય છે. અને પછી તેની યુવાવસ્થામાં તેના અંતઃકરણની મજબૂતાઇ સાથે વિચારોના મૂળની મજબૂતાઇ વધતી જાય છે. સ્ત્રીઓએ મંડળીમાં અને નકામી વાતોમાં અથવા અહીં તહીં ભટકવામાં પોતાનો કાળ નહીં કાઢતાં, બાળકના શિક્ષણને અર્થે સુશિક્ષિત થવું. મોટો વિદ્વાન્ જેમ વિચારો આપવાને અથવા તેનું મનન કરવાને જેટલો સમર્થ હોય છે, તેમ તે વિચારોનું ગ્રહણ કરવાને અને તેનું મનન કરવાને તે બાળક તેટલો સમર્થ હોય છે. કોઇ પણ ચીજનો ઘાટ ઘડવા પેહેલાં તેનો જેટલો ફેરફાર કરવો હોય તેટલો ફેરફાર થઇ શકે છે. પણ ઘાટ ઘડાઇ રહ્યા પછી તેનો ફેરફાર થઇ શકતો નથી. તેવીજ રીતે બાળકના કોમળ મનનો તેની બાલ્યાવસ્થામાં જેવો ઘાટ ઘડવો હોય તેવો ઘાટ ઘડાઇ શકે છે પણ યુવાવસ્થામાં તેવો ઘાટ ઘડાઇ શકાતો નથી. પોચી જમીનમાં જેવો દાણો ઉત્તપન્ન થાય છે અને ફાલે છે તેવો કઠણ જમીનમાં થતો નથી. તેવીજ રીતે બાલ્યાવસ્થામાં મૂકેલી કેળવણી જેવી ઉત્પન્ન થઇ ફેલાય છે, તેવી કેળવણી યુવાવસ્થામાં ઉત્પન્ન થતી નથી. તોફાની પવનને લીધે ઉછળતા મોજાવાળા સમુદ્રમાં જેમ કોઇ વસ્તુ સ્થિર રહી શકતી નથી, તેમ દુનિયાના વિષયોથી ઉછળતા વિચારોવાળા અંતઃકરણમાં કોઇ પણ જાતનું શિક્ષણ સ્થિર રહી શકતું નથી. બાળકને આ દુનિયાના ઉત્તમ યા અધમ રસ્તાને બતાવનાર તેની માતા એક ભોમીઆ રૂપ છે, અને તેની સહાયતાથી બાળક પોતાની મનોવૃત્તિઓને તેવા રસ્તા ઉપર મુસાફરી કરાવે છે. માતાનો સદ્‌ઉદ્યમ, સદ્‌ગુણ, સદાચાર બાળકના અંતઃકરણને માટે સદ્‌વર્તનની પુષ્પશૈયા બનાવે છે. જ્યાં સદ્‌ગુણી જનેતા પ્રમુખ સ્થાને બીરાજતી હશે ત્યાં બાળકોને આપણે સદ્‌વર્તનના સુંદર મેહેલમાં ક્રીડા કરતા જોઇએ છીએ. જ્યારે બાળક જન્મ લે છે ત્યારે તેની માતા પોતાના બંને સ્તનની માફક તેના મુખની આગળ બે પ્યાલા ધરી રાખે છે, તેમાં સદ્‌ગુણી જનેતા

સારી કેળવણીથી ભરેલા એક પ્યાલાથી બાળકના મનનું પોષણ કરે છે, અને દુર્ગુણી જનેતા દુષ્ટ કેળવણીથી ભરેલા બીજા પ્યાલાથી બાળકના મનને પોષણ કરે છે. જેમ માતાના જેવું, બાળકના શરીરને કોઇ પોષણ આપનાર નથી તેમ તેના જેવું બાળકના મનને કોઇ પણ પોષણ આપનાર નથી. માતાના સ્તનમાંથી નીકળતા દુધથી બાળક જેમ પોતાના શરીરને પોષણ આપે છે તેમ તેના અંતઃકરણમાંથી નીકળતા વિચારોથી બાળક પોતાના અંતઃકરણને પોષણ આપે છે. દરેક માણુસોના અંતઃકરણનો ગેળો સફેદ રંગનો હોવો જોઇએ. પણ બાલ્યાવસ્થાની કેળવણીના રંગને લીધે તેમાંથી જુદા જુદા રંગનો પ્રકાશ નીકળે છે. બાળક જેમ બીજાને છોડી પોતાની માતા તરફ વળે છે તેમ તેનું મન પણ પોતાની માતાના મન તરફ વળે છે, અને પોતાની માતાના મનનો રંગ પોતાના મન ઉપર ચડાવવા લાગે છે. બાળકનું મન પ્રથમ માટીના પીંજરના જેવું હોવાથી તેમાં જેવું બીજ રોપાય તેવા વૃક્ષો ઉતપન્ન થાય છે. માતાના શિક્ષણ આગળ શાળાનું શિક્ષણ, શાસ્ત્રનું જ્ઞાન, ધર્મ ગુરૂનો બોધ આદિ દરેક બાહ્ય કેળવણી તૈયાર વસ્ત્ર ઉપર ચડેલા રંગની માફક સમજવી. વસ્ત્ર તૈયાર કરવાની શરૂઆતમાં તેના ઉપર ચડેલો રંગ તેના અંત સુધી કાયમ રહે છે, તેમ બાલ્યાવસ્થામાં લાગેલી કેળવણી તેના મરણ પર્યંત કાયમ રહે છે. ઋષિઓમાં શિરોમણિ વાલ્મીકઋષિ ભીલના સહવાસથી તેના અંતઃકરણમાં દુષ્ટ કૃત્યોની જાળ ચોતરફ પ્રસરેલી હોવાથી બાજપક્ષીની માફક મુસાફરો ઉપર તુટી પડી તેઓનું સર્વસ્વ લુટી લેતા. પણ બ્રાહ્મણપણાનું ઉત્તમ જ્ઞાનનું બીજ તેના અંતઃકરણમાં પ્રથમથીજ રોપાયેલું હોવાથી આત્મજ્ઞાનનો સુંદર મુગટ ધારણ કરી, સર્વ મનુષ્યને સંસારરૂપી સમુદ્રની પાર ઉતારવામાં નાવ રૂપ થઇ લોકોને નીતિ માર્ગે બતાવવામાં ભોમીઆ રૂપ થઇ અને પ્રચંડ તાપ રૂપી દુઃખનું નીવારણ કરવામાં લોકોના મસ્તકના છત્ર રૂપે રહી આ ભૂતળ ઉપર અખંડ કીર્ત્તિ મેળવી ગયા. માણસ ગમે તેવો વિદ્વાન્ હોય, ડાહ્યો હોય, તપસ્વી હોય અથવા ત્યાગી હોય, તોપણ બાલ્યાવસ્થાની સારી યા ખરાબ અસર તેના અંતઃકરણમાં ઠેઠ સુધી રહે છે. ક્ષત્રિઓને વિષે રહેલા ક્રોધ, સાહસ અને ઘાતકીપણું તે વિશ્વા-

મિત્રના અંતઃકરણમાં એવાતો જડીભૂત થયા હતા કે તેઓનું ઉ-હુંમૂળ કરવાને તપશ્ચર્યા પણ શક્તિમાન ન થઇ. અને બ્રાહ્મણોને વિષે રહેલા જે શાંતતાના ગુણ તે વશિષ્ટના અંતઃકરણમાં એવાતો મજબૂત રહેલા હતાં કે વિશ્વામિત્ર ઋષિથી મરણ પામેલા પોતાના સો પુત્રોથી તે ડગ્યા નહોતા. સ્ત્રીઓએ પુરૂષોની માફક નથી રાવણ રામ કે પાંડવોના જેવી લડાઇ કરી, નથી પાણીની, કાત્યાયની કે પતંજલીની માફક વ્યાકરણોના ઉત્તમ ગ્રંથો બનાવ્યા. નથી વેદવ્યાસ કે વાલ્મિકની માફક મહાભારત કે રામાયણ સરખું વીરરસ કાવ્ય બનાવ્યું, નથી ગૌતમની માફક ન્યાયના ઉત્તમ ગ્રથો બનાવ્યા, નથી મનુની માફક કાયદાના ઉત્તમ બંધારણો રચ્યા. નથી કપિલ મુનીની માફક સાંખ્ય શાસ્ત્ર બનાવ્યું. નથી ભાસ્કરાચાર્યની માફક ખગોળ શાસ્ત્રની શોધો કરી, નથી વિશ્વામિત્ર કે વશીષ્ટની માફક તપશ્ચર્યા કરી પણ તેઓ નારી રૂપ ક્ષીર સાગરમાંથી રત્ન રૂપે બહાર આવી અવિનાશી પ્રકાશ પાથરી ગયા છે. તે બધો પ્રતાપ તેની સદ્દગુણી જનેતાની કેળવણીનોજ. પૂર્વ જન્મમાં મેળવેલા સારા અથવા ખરાબ કૃત્યનું ફળ દરેક મનુષ્યો પુનરૂજન્મમાં ભોગવતા નથી, પણ બાલ્યાવસ્થામાં મેળવેલી સારી અથવા ખરાબ કેળવણીનું ફળ દરેક મનુષ્યો યુવા કે વૃદ્ધાવસ્થામાં ભોગવે છે. બાળક પોતાના માતાના ઉદરમાંથી નીકળતાવાર રોવા લાગે છે, તેનું કારણ એજ કે હે માતા ? મારા ખાલી અંતઃકરણમાં અત્યારથી. તું સારી કેળવણી આપવાનો આરંભ નહીં કરે, તો મારી આવી સ્થિતિ મરણ પર્યંત રેહેશે. ખેડુત ખેતીના કામમાં ગમે તેટલો હુશિઆર હોય પણ જો ખેતર ધૂળ અને પથ્થરથી યુક્ત હશે તો તેમાં સારો પાક નહીં થાય. તેવીજ રીતે પિતા ગમે તેટલો સુલક્ષણ અને સદાચાર યુક્ત હોય પણ જનેતા દુર્ગુણી હશે તો તેમાંથી સારા પુત્રની આશા વ્યર્થ સમજવી, બાળક પોતાની માતાના અંતઃકરણના દરેક વિચારો ગ્રહણ કરવામાં એક બ્લૉટિંગપેપર છે, અને તેના અંતઃકરણનું અનુકરણ કરવામાં તેની છાયા છે બાળક તેની જનેતાનું જુદુ પડેલું અંતઃકરણ છે. બાળક પોતાના અંતઃકરણની આકર્ષણ શક્તિ વડે પોતાની જનેતાના દરેક વિચારો પકડી લે છે. દીવાની આસપાસ જેવા રંગનો કાચ જડેલો હોય તેવા કાચના રંગને દીવો પોતાની

આસપાસની જગ્યામાં નાંખે છે. તેમ સ્ત્રીના અંતઃકરણની આસપાસ જેવા પ્રકારની કેળવણી જડેલી હોય તેવા પ્રકારની કેળવણીનો આભાસ પોતાના બાળકના અંતઃકરણમાં નાંખે છે. સ્ત્રીનું મન અને લક્ષણ સારી કેળવણીના પાયા ઉપર ચણાયેલું હશે, તેનામાં પવિત્રતા, સદ્ગુણ, નિર્મળપ્રેમ, અને નીતિનું બીજ રોપાએલું હશે તો આપણે સ્વર્ગના ખરા સુખનો અનુભવ આ દુનિયામાં સેહેલાઇથી મેળવવાને આખી જીંદગી પર્યંત સમર્થ થઇશું, એટલુંજ નહીં પણ તેના પવિત્ર અને નિર્મળ ગુણને ગ્રહણ કરીને તેના બાળકો આ દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી પોતાના તેમજ જનમંડળના સુખનો મંડપ બનાવવાને શક્તિમાન થશે. તેની નિષ્કલંક કીર્તિરૂપી સૂર્યને આ સૃષ્ટિમાં ચિરંકાળ સુધી અસ્ત થવા દેશે નહીં. પોતાના ઉત્તમ કાર્યોને આ દુનિયામાં અખંડિત રાખવાને ઉંડા મૂળ નાંખતો જશે. પોતાના ગૃહ કુટુંબ અને દેશની આબાદીનો મજબૂત પાયો નાંખશે; ઉત્તમ પદનો મુખ્ય પદ ધારણ કરશે. પોતાની સ્ત્રીઓ તરફથી પુત્રને સર્વદા સદુપદેશ મળતો હોય તો કોઇ કાળ કલિયુગ આ સૃષ્ટિમાં પોતાનું પગલું મુકે નહિ. ઘેર ઘેર છવાઇ રહેલા કલેશના વાદળાઓ સદ્બોધ રૂપી પવનના ઝપટાથી સ્થિર રહી શકે નહીં, ચિંતાના દાવાનળ અગ્નિથી બળતા ગૃહ કુટુંબો જ્ઞાનરૂપી વરસાદની શીતળ જળધારાથી શાંત થયા વગર રહે નહીં. કરમાઇ ગયેલા ગૃહસ્થાશ્રમના છોડને સચેત કરનાર સ્ત્રી છે તો સ્ત્રીના અંતઃકરણને આપણે જ્ઞાનના જળથી સિંચન કરવું જોઇએ. જેના ઘરમાં ક્રોધ પ્રમુખ સ્થાને રેહેતો હોય, જેના ઘરમાં નિર્દયતા અને હલકા કૃત્યોની ધ્વજાઓ ફરતી હોય, જેના ઘરમાં રાત દિવસ કલેશના વાદળાઓ છવાઇ રહેતા હોય, જેના ઘરમાં કુમાર્યાની દુષ્ટ વાણીઓની ચણુગારીઓ નીકળતી હોય, જેનું ગૃહ આળસ, દુર્ગુણ અને તૃષ્ણાની જાળથી પથરાયેલું હોય, તેનું ઘર નહીં પણ ક્રુર પ્રાણીને રેહેવાનું ભયંકર જંગલ સમજવું, અને તેવા ઘરમાં બાળક ક્રુર રાક્ષસરૂપે જન્મ લે છે. એવા ગૃહસ્થાશ્રમરૂપી સમુદ્રમાં ચિત્તભ્રમિત કરનારા ગૃહકુટુંબની મનુષ્યોની વાણીમાં મોજા જયાં ઉછળતા હોય અને દુઃખના બે કડાઓ ચોતરફ આવી પડેલા હોય, ત્યાં જીંદગીરૂપી વહાણ સુખને કીનારે કયાંથી પોંહોંચી શકે ? તમે તમારા ગૃહસ્થાશ્રમરૂપી બગીચાની અંદર રહેલા મનુષ્યો-

રૂપી વૃક્ષોને ફળ સહિત સુંદર રાખવા માગતાહો, તો સ્ત્રીના અંતઃકરણરૂપી કુવાને સારી કેળવણીરુપી જલથી ભરપુર કરો કલાઇ ચડેલ કાચ જેવો સૂર્યના બિંબને ગૃહણ કરીને તેના પ્રતીબિંબથી સામી જગ્યાને પ્રકાશિત કરેછે તેમ સાદો કાચ કરી શકતો નથી. તેમ સારી કેળવણી પામેલ સ્ત્રી સદ્વર્તનના બિંબને ગૃહણ કરીને તેના પ્રતિબિંબથી પોતાના બાળકના અંતઃકરણમાં જેવો જ્ઞાનનો પ્રકાશ ઊત્પન્ન કરે છે તેવી મૂર્ખ સ્ત્રી કરી શકતી નથી. આધુનિક કાળમાં સ્ત્રીઓને અપાતી કેળવણી રસાયણ શાસ્ત્રમાં રાંધવાની, સંગીત શાસ્ત્રમાં વિવાહના સમયમાં ગવાતા ફટાણાની, હુન્નરકળામાં ડોળડમાકથી વસ્ત્રાભૂષણ સજવાની, આવી કેળવણીના પ્રભાવથી સ્ત્રીઓ પોતાની વકતૃત્વ શક્તિનો ઉપયોગ કુટુંબની સાથે કલેશ કરવામાં કરેછે પણ સદ્બોધમાં નહી, પોતાના વિચારો પોતાના સુખને અર્થે પણ ગૃહસ્થાશ્રમના સુખને અર્થે નહીં. પોતાનું સુખ, પતિની સાથે વિલાસમાં પણ તેની સેવામાં નહી, જેથી ગૃહસ્થાશ્રમ રૂપી વૃક્ષ ઉપર વસંત રૂતુને બદલે પાનખર રૂતુ આવી. ચપળતાએ સ્ત્રીઓના અંતઃકરણનો ત્યાગ કરી ચક્ષુઓમાં પ્રવેશ કર્યો, શ્રેષ્ટ હિમતે મનનો ત્યાગ કરી જીવ્હાગ્રે બેઠી, સદ્ગુણોના કીરણો સંકોચાવા લાગ્યા અને દુર્ગુણોનો અંધકાર વધવા લાગ્યો. નીતિ ને બદલે અનીતિની શાખાઓ ફેલાવા લાગી, આથી પોતાના ઉપરીના દુષ્ટ કૃત્યોને માન આપવામાંજ, ફરજ, પ્રપંચમાંજ કુશલતા, ખુશામતમાંજ નમ્રતા રહી. દરેક પુરૂષો દુષ્ટ કૃત્ય રૂપી ચાંડાળના સ્પર્શમાં પોતે પોતાને વિષે પવિત્રતા માનવા લાગ્યા. ઉત્તમ વિચારોદમની સાથે બહાર કાઢી અધમ વિચારોના દીર્ઘ શ્વાસ લેવા લાગ્યા. હૃદયની દિવ્ય ચક્ષુમાંથી ચૈતન ચાલ્યું ગયું. સદ્વિચારોના તાર તુટી જવાથી અંતઃકરણનો ધ્વનિ નબળો થયો, અસત્યતાની સાથે વિલાસથી નપુંસક લિંગમાં ગણાવા લાગ્યું, મહાન પુરૂષોના વાકયો ઉપર ખંડનની તીવ્ર ધાર ચાલવા લાગી. અંતઃકરણ, કામિનીના વિલાસનું દાસત્વ ભોગવવા લાગ્યું. તેનું કારણ સ્ત્રીઓની અજ્ઞાનતાનો પ્રભાવ, કેળવણીના પ્રભાવથી ખનાયે જ્યોતિષ શાસ્ત્રના જ્ઞાન વડે રાજ સભામાં પોતાના સસરાની આબરૂ જાળવી હતી. શંકરાચાર્યની સાથે વાક્ યુદ્ધમાં ભારતિએ પોતાના પતિ મંડનમિશ્રયને મદદ કરી હતી, સંગીત શાસ્ત્રથી જે આપણે આપણા મનને

સંતોષ પમાડીએ છીએ, ગણિત, મૂળાક્ષરથી જે આપણે જગતનો વેહેવાર ચલાવીએ છીએ, સંસ્કૃત જ્ઞાનના બળથી જે આપણે ઉત્તમ જ્ઞાનના સિંહાસન ઉપર બેસવાને શક્તિવાન થઇએ છીએ, તે બધો પ્રતાપ બ્રહ્માની પુત્રી સરસ્વતીનોજ. વીશ્વશુદ્ધા ગાંધર્વની પુત્રી જે મદાલસા તેને તેના પિતાએ બાળપણથી વિદ્વાન પુરૂષો પાસે રાખી અનેક શાસ્ત્રમાં નીતિ, ધર્મ, સંગીત કાવ્ય વિગેરેનું જ્ઞાન આપાવ્યું હતું. અને તે જ્ઞાનના બળ વડે પોતાની બુદ્ધિ રૂપી તિક્ષ્ણ ધારવાળી તલવારથી સંસારની જાળને કાપી પોતાના ત્રણ પુત્રો જે સુબાહુ, વિક્રાંત, શત્રુવર્ધનને મુક્ત કર્યા હતા અને પોતાનો ચોથો પુત્ર જે અલર્ક તેને રાજ નીતિ સંબંધી ઉત્તમ શિક્ષણ આપી રાજ્ય લાયક કર્યો હતો. તેમજ બ્રહ્માએ પણ આ સૃષ્ટિ ઊત્પન્ન કરતી વખતે પોતાની પુત્રી સરસ્વતીને સર્વે વિધાની અધિષ્ઠાતા બનાવી હતી. તેમજ ઇશ્વરના નિયમ તરફ દૃષ્ટિ કરતાં નરજાતિમાં રહેલ સૂર્ય, ચંદ્ર, અને સમુદ્ર તે ઊત્તમ વસ્તુનું ઉત્પત્તિ સ્થાન નથી પણ નારીજાતિમાં રહેલ જે પૃથ્વી તે ઊત્તમ પદાર્થોનું ઊત્પત્તિ સ્થાન છે. માટે દરેક વિષયનું ઊત્તમ જ્ઞાન પુરૂષ કરતાં સ્ત્રીમાં વધારે હેવું જોઇએ.

સ્વાર્થ વિષે.

જ્યાં સુધી આપણા અંતઃકરણની જમીનને સુકવનાર જે સ્વાર્થના ઉષ્ણ કિરણો તેના ઉપર પડે છે, અને મોજ શોખનો પવન તેના ઉપર ફુંકે છે, ત્યાંસુધી જ્ઞાનનું વૃક્ષ ઉત્પન્ન કરવાને માટે તે જમીનમાં ધર્મના બીજને રોપવાનો પ્રયાસ કરવો જોઇએ નહી. જેમ વેશ્યાઓ પૈસાની ખાતર પોતાના યાર તરફ અતિ સ્નેહની દૃષ્ટિથી જુએ છે, માન આપે છે, અને મધુર વાણીથી લલચાવે છે, તેમ આપણા સ્નેહીઓ અને કુટુંબીઓ, આ દુનીયામાં પોતાના સ્વાર્થની ખાતર, આપણા ઊપર સ્નેહ રાખે છે, માન આપે છે, અને અનેક મધુર વચનોથી આપણા મનને પ્રસન્ન કરે છે. જેમ વેશ્યાનો યાર તેના પ્યારની ખાતર પોતાની સમૃદ્ધિનો નાશ કરે છે, તેમ આપણે આપણા કુટુંબના ભલાને માટે ધર્મની મુડીનો નાશ કરીએ છીએ. જેમ પૈસો ઓછો થવાથી વેશ્યાના સ્નેહ અનેમાન તેના યાર

પ્રત્યે ઘટતા જાય છે, તેમ આપણી શક્તિ ઓછી થવાથી આપણા કુટુંબોનું માન અને પ્રીતિ આપણા પ્રત્યે ધીમે ધીમે ઓછી થતી જાય છે. જેમ છેક દરિદ્ર અવસ્થામાં તેના યારને વેશ્યા પોતાના ઘરમાંથી લાત મારી કાઢી મુકે છે, તેમ આપણા મૃત્યુની સ્થિતિમાં આપણા કુટુંબીઓ પોતાના ઘરમાંથી કાઢી આપણા દેહને બાળી નાંખે છે. માટે વેશ્યાના સ્નેહની માફક આ દુનિઆના લોકોનો સ્નેહ સ્વાર્થી હોય છે. હે કુવા, તારા પાણીના સિંચન ને અર્થે જે સ્ત્રીઓ તને વારંવાર નમી તારા જલ ગ્રહણ કરતી તે સ્ત્રીઓ તારૂં જલ થઇ રહેવાથી તારા સામું પણ કોઇ નહી જુએ; તેવીજ રીતે હે મનુષ્ય, તારા પૈસાના ગ્રહણ કરવાના અર્થે જે લોકો તને વારંવાર નમતા, તે લોકો તારી સમૃદ્ધિના અભાવમાં તારા સામું પણ નહીં જુએ. ફળ અને પુષ્પવાળા વૃક્ષોનું જલવડે સિંચન થાયછે પણ ફળરહિત વૃક્ષોનું થતું નથી. હે જીવ જે આ દેહ કે જેને તું સુંદર આભૂષણથી શોભાવતો, સુગંધી પદાર્થોથી સુગંધ મય કરતો, બેસવાને માટે ઉત્તમ સિંહાસન આપતો, સુવાને માટે સુંદર પુષ્પ શૈયા તૈયાર કરતો, રેહેવાને માટે સુંદર મેહેલ બાંધતો, તેની સ્વચ્છતાને માટે અમૃત સરખા નિર્મળ જળનું સિંચન કરતો, પડી જવાના ભયને લીધે તેની સંપુર્ણ કાળજી રાખતો, નાશ થવાના ભયને લીધે વૈદ્ય અને ડાકટરોથી અમુલ્ય ઔષધિનું સેવન કરાવતો, થાકી જવાના ભયને લીધે મીઆના અથવા ગાડીમાં બેસાડતો, જન્મથી મૃત્યુ સુધી તેના ભલાનું ચિંતવન કરતો, તેની તંદુરસ્તીને માટે ઇશ્વર પાસે પ્રાર્થના કરતો, તેના દુઃખમાં દુઃખી અને સુખમાં સુખી રેહેતો, તેના ભલાને માટે અનેક અધમ કૃત્યો કરતો, તું મહાન છતાં પણ તેને માટે દાસત્વ કબુલ કરતો, તારી સ્ત્રી, માબાપ, પુત્રોને મિત્રોથી અધિકગણી નિરંતર તેની સેવામાં હાજર રેહેતો, તેના ઉપર માયા રાખતો, છતાં પણ તને સ્મશાન ભૂમી વિષે અગ્નિની ચેહમાં છોડી દીએ છે, તો તારૂં રાજ્ય, તારી સમૃદ્ધિ, અને વૈભવો તારા કયાંથી સગાં હોઇ શકે.

સ્નેહ.

સ્નેહને વિષે આકર્ષણશક્તિ એવી તો બળવાન છે કે મોટા પુરૂષો, દેવ અને ઇશ્વર પણ ખેંચાઇ રહે છે. રાવણ જુલમી તથા

દુરાચારી હોવા છતાં પણ તેના સ્નેહની પ્રબળતા શંકરને વારંવાર પ્રસન્ન કરતી. વાલ્મીકઋષિએ રામને બદલે મરા એવા અનિષ્ટ શબ્દ વડે રામને પ્રસન્ન કર્યા હતા, તેનું કારણ સ્નેહની પ્રબળતા અને શુદ્ધતા. પશુ જેવા અજ્ઞાન પ્રાણીઓ પણ સ્નેહવડે મનુષ્યોને આધીન રહી, પોતાના દેહને અર્પણ કરતાં તેના દૃષ્ટાંતો નીચે આપેલાં છે. ઍબુઅલના ઘોડાએ પોતાના ધણીના રક્ષણની ખાતર પોતાનો પ્રાણ છોડયો હતો. યુદ્ધમાં વાંદરાઓએ પણ રામચંદ્રજીના સ્નેહથી સીતાજીને રાવણના હાથમાંથી બચાવવાને પોતાના પ્રાણની સંભાળ રાખી નહતી. સ્નેહ એ ઇશ્વરનો એક પવિત્ર અને ઉત્તમ પ્રસાદ છે. તો તે પ્રસાદને અધમ વિચાર રૂપી ચાંડાલની છાયાના સ્પર્શથી તે અપવિત્ર થવા દેવો ન જોઇએ કેમકે તે પ્રસાદ આપણને ઇશ્વરની અત્યંત માયા અને દયાથી મળેલછે. તો તે પ્રસાદને પ્રેમથી ગ્રહણ કરીને, આ દુનીઆના સર્વ પ્રાણીઓ સાથે એક સંપ અને આનંદથી રેહેવું જોઇએ, જેથી આપણે ઇશ્વરના નિર્ભયસ્થાનમાં જઇ શકશું. આ સૃષ્ટિનો સ્તંભ સ્નેહ છે, અને તે સ્તંભની ટોચ ઉપર તમે ચડશો ત્યારે આ જગતના દરેક રજકણો તમારી દ્રષ્ટિ આગળ આવી રહેશે, દરેક પ્રાણીઓ તમારા પોતાનાજ છે એમ દેખાશે, દરેક પ્રાણીઓના અંતઃકરણનો ને તમારા અંતઃકરણનો એકજ પ્રવાહ છે તે તમને માલુમ પડશે, અને તે સ્તંભ ઇશ્વરના દ્વાર સુધી પહોંચે છે તે તમને માલુમ પડશે.

સ્નેહ એક દોર છે અને તે દોરથી દરેક પ્રાણીઓ એક બીજાની સાથે બંધાયેલા છે. તો તે દોરમાં આપણે જરાપણ તુટ પડવા દેવી ન જોઇએ. સ્નેહ સમુદ્ર છે અને આપણે તેના સુખના મોજા સામે એકપણ ખેકડો ઉત્પન્ન થવા દેવો ન જોઇએ, જેથી સ્વર્ગનો રસ્તો ઘણો પહોળો અને ટુંકો થતો જશે. આ દુનિઆના દરેક પ્રાણી વર્ગ સ્નેહના તરંગમાં ફરે છે. વૃક્ષોપણ સ્નેહે એટલે રસથી સુશોભિત અને ફળવાળા થાય છે. સમુદ્ર પણ સ્નેહ એટલે જળથી ભરપુર છે. પૃથ્વીમાં પણ સ્નેહ એટલે રસ સમાએલો હોય છે, પર્વતો અને નદીઓ પણ સ્નેહ એટલે જળથી વેહેતા હોય છે. પવનની લહેરોની અંદર સ્નેહ એટલે જળ હોય છે. એવી રીતે આખું બ્રહ્માંડ પણ સ્નેહના વાતાવરણમાં લટકેલું છે. માતપિતાના સ્નેહથી આ-

ષણે આપણી બાલ્યાવસ્થાને પાર નિર્ભયતાથી પહોંચીએ છીએ. ગુરૂઓના સ્નેહથી આપણે જ્ઞાનની પાંખોવડે સ્વર્ગ તરફ ઉડવાને શક્તિમાન થઇ શકીએ છીએ. ભાઇઓના સ્નેહથી દુનિઆની આપત્તિમાં આપણને હિંમત અને શક્તિ મળે છે. પુત્રોના સ્નેહથી આપણી વૃધ્ધાવસ્થા નિશ્ચિંતપણે અને સુખેથી જાય છે. મિત્રના સ્નેહરૂપી હલેસાથી આપણી જીંદગીરૂપી નાવને શાંતિનો કિનારો મળે છે. સ્ત્રીના સ્નેહથી આપણા ગૃહસ્થાશ્રમનું સુખ મેળવવાને ભાગ્યશાળી થઇએ છીએ, એટલુંજ નહીંપણ આપણે આપણા આત્મા તરફ પ્રેમદ્રષ્ટિથી જોયા કરીએ તો અખંડ સુખવાળા આત્મજ્ઞાનના ધામને મેળવી શકીએ છીએ. જ્યાં જ્યાં આપણું મન દોડે છે, જ્યાં જ્યાં આપણી બુધ્ધિ સ્થિરતાને પામે છે ત્યાં ત્યાં પ્રેમનો દોર તેની સાથે લાગેલો છે. અધમ સ્નેહનો દોર બુધ્ધિને ફાંસીરૂપ, મનને બેડીરૂપ, ને ઉત્તમ સ્નેહ બુદ્ધિ અને મનને ભોમીઆ રૂપ થાય છે. મૂર્ખ માણસો પોતાના સ્નેહનો પ્રભાવ દુઃખ રૂપી કીડાની વૃદ્ધિને માટે ને કાદવવાળી મલીન જગ્યામાં રેડે છે અને ડાહ્યા માણસો સુખના ફળની વૃદ્ધિને માટે વૃક્ષો ઉપર સિંચન કરે છે. ઇશ્વરે પ્રાણીઓના અંતઃકરણમાં સ્નેહ મુકવાની ભૂલ કરી હોત તો સ્ત્રીઓ પ્રસવ સમયે અથવા બાળકને ઉછેરવામાં અત્યંત દુઃખો સહન કરી, તેની સંભાળ રાખેછે તે કદાપિ રાખત નહીં. માતાઓ બાળકને ઉછેરવામાં જે અસહ્ય દુઃખો સહન કરે છે તે પોતાના સ્વાર્થ કે ભવિષ્યના સુખની ખાતર નહી પણ પ્રેમની ખાતર. સ્નેહને લીધે ઇશ્વર પોતાના ભક્ત જનોને સ્વર્ગમાં નાખે છે. સ્નેહવડે પક્ષીઓ પોતાના ઇંડાઓને સેવેછે, પશુઓ પોતાના આંચળને બચ્ચાનાં મુખ આગળ ધરે છે, માતાઓ પણ પોતાના બાળકને ખોળામાં સુવડાવી દુધવડે પોષણ આપેછે. સ્નેહ જેવી અમુલ્ય વસ્તુ આ દુનિઆમાં આપણે માટે ઇશ્વરે પેદા કરી નહોતતો સ્નેહ એટલે રસ વગર પૃથ્વી, સ્નેહ એટલે રસ વગર વૃક્ષો, સ્નેહ એટલે જળ વગર સમુદ્ર, નદીઓ, તળાવ, કુવાઓ અને પર્વતો નહી હોત અને સ્નેહ એટલે પ્રેમ વગર આ દુનિઆમાં દરેક પ્રાણીઓની ઉત્પત્તિ હોત નહી. માટે આખા બ્રહ્માંડનો પાયો સ્નેહ છે. પ્રેમથી પથ્થર પણ દેવ રૂપે ભાસે છે. આપણા મિત્ર કે પુત્રને મળતાંવાર જે આનંદની શીતળ લેહેરો આપણા અંતઃકરણમાં ઉત્પન્ન થાય છે, તે સ્નેહથીજ.

માતાના સ્નેહથી બાળક તેના ખોળામાં નિર્ભય રહે છે. કટુ વચનો પણ સ્નેહથી અમૃત રૂપે દેખાય છે. નરસિંહમેહેતા તિરસ્કાર અને અવિવેક યુક્તવાણીથી ઇશ્વરને પોતાની પાસે વારંવાર બોલાવતા. પ્રેમના બે છેડા છે તેમાંનો એક છેડો સ્વર્ગ અને સુખ તરફ, બીજો નર્ક અને દુઃખ તરફ હોય છે. માટે જે છેડો સ્વર્ગ તથા સુખ તરફછે તેની માહીતી આપણે આપણી બુદ્ધિને આપીએ તો દુનિઆ આપણને સત્ય સ્નેહવાળી દેખાશે. એટલે મનુષ્યો, દેવતાઓ, અને ઇશ્વર આપણા તરફ સત્ય સ્નેહથી જોશે. આગળના મહાન્ રાજાઓ પણ રૈયતના સ્નેહથી યુદ્ધમાં જય પામતા. સ્નેહીના લયમાં પ્રાણીઓનોલય સમજવો. આપણો દેહ પણ સ્નેહને આધારે રહે છે. કીર્ત્તિપણ સ્નેહને આધારે ટકે છે. મિત્રતા પણ સ્નેહ રૂપી વૃક્ષને વળગેલી લતા છે. માનપણ સ્નેહને આધારે ટકી શકે છે. પોતાની રૈયતના સ્નેહના અભાવમાં રાવણના રાજ્યનો, કીર્ત્તિનો, માનનો, અને દેહનો નાશ થયો. જ્યારે મનુષ્યો પોતાના સ્નેહના નાવને સ્વાર્થના ખેકડામાં અથડાવી ભાંગી નાંખે છે ત્યારે આ દુનિઆના દુઃખના મોજામાં હમેશાં ગોથા ખાતો રહે છે. જેમ બુદ્ધિ અદ્રશ્યત્વને વિષે દ્રશ્યત્વ ઉત્પન્ન કરે છે, અને હીંમત જેમ અગમ્યતાને વિષે ગમ્યતા ઉત્પન્ન કરેછે અને સ્ત્રી જેમ પુરૂષની સ્વાધીનતાને વિષે પરાધીનતા ઉત્પન્ન કરેછે તેમ સ્નેહ પરત્વને વિષે અપરત્વ ઉત્પન્ન કરે છે. વૃક્ષ વિનાના જંગલમાં, નાવવગર જલમાં, દીવા વીનાઅંધકારવાળી ગુફામાં અને સ્નેહવગર મનુષ્યમાંફરવું એ એક પાંખ વગર આકાશમાં ફરવા જેવું છે. એટલે જેમ વૃક્ષ આપણને જંગલમાં શીતળ છાયા આપે છે, જેમ નાવથી આપણે વગર શ્રમે કાંઠો મેળવી શકીએ છીએ. પ્રકાશથી જેમ અંધકારવાળી જગ્યામાં આપણે રસ્તો જોઇ શકીએ છીએ, તેમ સ્નેહથી આપણે આપણા કાર્યનો સહેલાઇથી અંત લાવીએ છીએ, વારંવાર કુવા પાસે જવાથી, તેની અંદર દ્રષ્ટિ કરવાથી, અથવા તેની આસપાસ ફરવાથી આપણી તૃષ્ણાનો નાશ થતો નથી. પણ પાણી પીવાને માટે જ્યારે આપણે તેની અંદર દોરી નાખશું, ત્યારે આપણી તૃષાનો નાશ થશે. તેવીજ રીતે ગમે તેટલી વખત આપણે ગુરૂના દર્શન કરીએ, તેના તરફ સ્થિર દ્રષ્ટિથી જોઇએ અથવા તેના વાકયોનું વારંવાર શ્રવણ કરીએ તોપણ અજ્ઞાનતાની તૃષાનો નાશ થતો નથી; પણ જ્યારે જ્ઞાન રૂપી જળને માટે

તેના અંતઃકરણ રૂપી કુવામાં આપણી સ્નેહ રૂપી દોરી નાંખશું ત્યારે અજ્ઞાનતાનો નાશ થશે. સ્નેહ, ફરજ અને કીર્ત્તિ, એ ત્રણમાં સ્નેહ સૌથી શ્રેષ્ટ છે. રૈયતનું ભલું કરવામાં રાજાની ફરજ છે, શિષ્યની વિદ્વતામાં ગુરૂની કીર્ત્તિ અને બાળકના રક્ષણમાં વિશેષે કરીને માબાપનો સ્નેહ હોય છે. દરેક મનુષ્યોના અંતઃકરણને એક બીજાની સાથે મજબુત જોડી રાખનાર સ્નેહ એક ખીલો છે. એક ત્રાજવામાં સ્નેહ અને બીજા ત્રાજવામાં કલ્પ વૃક્ષ હોય તોપણ સ્નેહનું ત્રાજવું હમેશાં નીચુંજ રહે છે. કેમકે કલ્પવૃક્ષની શાખાઓ ઇશ્વરના સ્થાન સુધી પહોંચી શકતી નથી પણ સ્નેહની શાખાઓ ઇશ્વરના દ્વાર સુધી પહોંચેલી હોય છે. જે મનુષ્યના અંતઃકરણ રૂપી જંગલમાં સ્નેહરૂપી વૃક્ષ હોતું નથી, તો તે જંગલ હમેશાં ક્રુરતાના પ્રચંડ ઉષ્ણતાથી બળ્યા કરે છે. ત્યાં દયારૂપી નદીઓ પણ સુકાઇ ગયેલી હોય છે. ઉત્તમ પુરૂષોરૂપી પક્ષીઓનો વાસ તેને વિષે હોતો નથી. જેવું દુધ વગરનું માતાનું સ્તન તેવો સ્નેહ વગરનો માણસ જાણવો. આ દુનિઆમાં ભયથી બીકણ લોકો, વિદ્યાથી મૂર્ખ લોકો, હથીઆરથી કાયર પુરુષો પૈસાથી લાલચુ લોકો તાબે રહે છે, પણ સ્નેહ અને સદ્દગુણથી ઉત્તમ મનુંષ્યો આપણા તરફ દોરાય છે. રસ વગરના કાષ્ટ ઉપર જેમ અગ્નિ પોતાની સતા ઝડપથી ચલાવે છે, તેમ સ્નેહ વગરના મનુષ્યો ઉપર, આપત્તિ પોતાની સત્તા ઝડપથી ચલાવે છે. માટે જે મનુષ્યો પોતાના અંતઃકરણને તંદુરસ્ત અને સુખી રાખવા માગતા હોય તેઓએ પોતાના અંતઃકરણને સ્નેહ રૂપી ઔષધનું સેવન કરાવવું. સ્નેહ વિના માબાપ, સ્નેહ વિના કુટુંબ, સ્નેહવિના મિત્ર, અને સ્નેહ વિના રાજા, સ્નેહ વિના ભાઇ, એ રૂતુ વગરના વરસાદ જેવા સમજવા. સ્નેહ વિના ભકિત અને સેવા રસ વિનાના ફળ જેવી સમજવી. જેમ બુદ્ધિ આગળ દરેક પદાર્થો પોતાના તત્વ ખુલ્લા કરે છે તેમ સ્નેહ આગળ દરેક અંતઃકરણો પોતાના વિચારોને ખુલ્લાં કરે છે. મનુષ્યોના અંતઃકરણો જે સ્નેહની સાંકળથી જે એક સરખા જોડાએલા હોય છે તેઓને સ્વાર્થવૃત્તિ તોડી નાખે છે. જેથી આપણું રક્ષક છત્ર દુર થાય છે, અન્યના અંતઃકરણો આપણી દ્રષ્ટિને ઘણા સૂક્ષ્મ માલુમ પડે છે, વારંવાર આપણા કાર્યો આગળ મોટા ખાડાઓ ઉત્પન્ન થાય છે, નજદીકની વસ્તુઓ ઘણી દૂર ભાસે છે.

અને સુખના વહાણુને ઉન્મત્ત મોજાઓ દૂર ઘસડી જાય છે. આપણુને ઉત્તમ અને પ્રબળ સાધનો હોવા છતાં પણ સ્નેહસાધન વિના રૂધિર વગરના દેહની માફક થઇએ છીએ. રૂપને જેમ ચક્ષુ, જીહ્વા જેમ રસને, નાસિકા જેમ ગંધને અને કાન જેમ શબ્દને સંપૂર્ણ રીતે જાણી શકે છે તેમ દરેક અંતઃકરણ અરસપરસના અંતઃકરણને જાણનાર હોવું જોઇએ. પણ સ્નેહના ચૈતન્યની સંપૂર્ણતા નહી હોવાથી જાણી શકતું નથી. મનુષ્યનું અંતઃકરણ ટેલીફોન છે, તો તે ટેલીફોનમાં જોતા રહેશો તો જેવો અવાજ આપણા અંતઃકરણમાં ઉત્પન થયો તેવોજ અવાજ સામા અંતઃકરણમાં પડશે. જેવું ઇશ્વરે દેવતાઓને કલ્પવૃક્ષ આપેલું છે તેવો આપણુને સ્નેહ આપેલ છે. જેટલી ઇચ્છાઓ સ્નેહથી સિદ્ધ થાય છે તેટલી દ્રવ્યથી અથવા શારીરિક અથવા માનસિક બળથી, અથવા બુદ્ધિથી, અથવા હથીયારથી, અથવા લશ્કરથી સફળ થતી નથી. વિયોગના સમયમાં જેની ચક્ષુઓ હર્ષથી જળયુક્ત થાય છે, અને વીયોગના સમયમાં દુઃખથી જળયુક્ત થાય છે તેજ સાચો સ્નેહી અને તેજ મોક્ષને લાયક થાય છે.

સ્થિતિની કીમત.

જેમ સુંદર ઝુલથી શણગારાએલો બળદ વનમાં રખડતા બળદ કરતાં વધારે શ્રેષ્ટ અને સુશોભિત લાગે છે, તેમ રાજ્ય, દ્રવ્ય, અને સત્તા ઝુલથી શણગારાએલો મનુષ્ય શેરીને વિષે, રખડતાં મનુષ્ય કરતાં વધારે શ્રેષ્ટ અને સુશોભિત દેખાય છે! પણ જ્યારે તે ઝુલ ઉતરી જાય છે ત્યારે શેરીને વિષે રખડતા ભિક્ષુકના જેવો થઇ રહે છે; માટે રાજ્ય, દ્રવ્ય અને સત્તાની પાંખો ત્રુટી જવાથી માણસ પરાધીન રાંક જેવો થઇ રહે છે. હે મનુષ્ય ! તું બખ્તરવાલા શરીરને વજ્રના સરખું જોઇ તેનાથી ભય નહી પામતાં તારી તલવારને સદા મ્યાનની બાહાર રાખજે કારણ કે જે વજ્રતા માલમ પડે છે તે તેના શરીરમાં નથી પણ બખ્તરમાં રહેલ છે; બખ્તર ઉતરી જવાથી તે દેહધારી મનુષ્યના જેવો થઇ રહેવાનો; તેમ હે મનુષ્ય ! રાજ્યસત્તાવાળા રાજાઓ તથા અમલદારોના ભવ્યવેશ જોઇ તેનાથી ભય નહીં પામતાં તારા સત્ય વિચારને અંતઃકરણની બાહાર

રાખી વાણી દ્વારાએ તેનો સદા ઉપયોગ કરજે, કારણ કે તેનામાં જે ભવ્યતા દેખાય છે તે તેના પોતામાં નથી પણ સત્તામાં છે, તે સત્તા ચાલી જવાથી ભિક્ષુકના જેવો રાંક થઇ રહેશે. હે મનુષ્ય આ સંસારની રંગ ભૂમીમાં નટનું કામ કરનારા નટના સરખા મનુષ્યો કોઇને રાજાની સ્થિતિમાં, કોઇને ઉમરાવોની સ્થિતીમાં અને કોઇને પૈસાદારની સ્થિતિમાં જોઇ તેનાથી મોહ પામી લલચાઇશ નહી. જ્યારે તેનો વેષ ઉતરી જશે ત્યારે તે બીજા સાધારણ નટના જેવો થઇ રહેશે. તેનામાં જે ભવ્યતા દેખાય છે તે તેનામાં નથી પણ સ્થિતિમાં છે. શાખા તો શું પણ દેતરૂપી મૂળનો નાશ થાય તોપણ વિચારની શાખા આપણી પૂર્વ અને પશ્ચિમ તરફ હોવી જોઇએ એટલે સત્યતાને વિષે ઉદયતા અને અસત્યતાને વિષે અસ્તતા હોય છે. ખરી શક્તિ રાજાઓના આશ્રયમાં અથવા પૈસામાં અથવા સત્તામાં નથી પણ મહાન્ અંતઃકરણને વિષે રહે છે. હે મનુષ્ય ! તું ચકચકતી તલવાર હાથમાં લઇ અમને શા માટે મૃત્યુનો ભય બતાવે છે? અમારા સ્વાધીનતામાં તે તલવાર તેવોજ ભય તારે વિષે ઉત્પન્ન કરશે.

હે આકાશ ! તારા સાયંકાળના સુંદર દેખાવમાં જરા પણ ગર્વ નહીં કર; તે સુંદરતા તારી પોતાની નથી પણ તારી આસપાસ રહેલા સૂર્યના કિરણોના રંગની છે; જ્યારે કિરણો સંકોચાઇ જશે ત્યારે તુંને તારા પ્રથમના રૂપમાં રહેવું પડશે.

સુખ દુઃખની સામાન્યતા.

પદાર્થમાં સ્થિતિમાં અને દેખાવને વીષે શ્રેષ્ટતા અથવા કીમત નથી પણ મનુષ્યોના અંતઃકરણની માન્યતામાંછે. કદરૂપી અને સ્વરૂપવાન સ્ત્રીના અવયવો, આકૃતિ, અને વિષયનું સુખ સમાન હોવાં છતાં પણ લોકોની માન્યતા પ્રમાણે સ્વરૂપવાન સ્ત્રીને કદરૂપી સ્ત્રીના કરતાં વિષયના સુખને માટે આપણે વધારે પસંદ કરીએ છીએ. રેશમી વસ્ત્રની માફક સુત્રાઉ વસ્ત્ર, ટાઢ, તાપ, અને વરસાદને વિષે. એકજ સરખાં ઉપયોગી હોવા છતાં દુનિઆની માન્યતાથી સુત્રાઉ વસ્ત્ર કરતાં રેશમી વસ્ત્ર વધારે શુશોભિત અને કીમતી ગણાય છે. ગરીબ તથા મોટા ચક્રવર્તી રાજાની મૃત્યુઅવસ્થા, જન્મ અવસ્થા, બા-

લ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃધ્ધાવસ્થા સમાન હોવા છતાં પણ લોકોની માન્યતા પ્રમાણે આપણી દ્રષ્ટિમાં ગરીબ કરતાં રાજાઓ વધારે શ્રેષ્ઠ અને માનનીય દેખાય છે. આ સંસારના દોરમાં પરોવાયેલા મનુષ્યો દોરમાં પરોવાયેલા મોતીની માફક એકજ સરખા છે. પણ કોઇ મહાન અથવા ગરીબ નથી. રાજ્ય વિષે મહત્તા, વિદ્વતા વિષે શ્રેષ્ઠતા અને પૈસાને વિષે સુખ, એ મનુષ્યોના અંતઃકરણની માન્યતાના પ્રભાવમાં રહે છે. જેટલું અને જેવું વિષયનું સુખ, સુંદર શૃંગારથી અલંકૃત સ્વરૂપવાન સ્ત્રીને વિષે રહેલું છે, તેટલુંજ અને તેવુંજ સુખ, ચીથરાએથી વીંટાએલી કદરૂપી સ્ત્રીને વીશે રહેલ છે. જેટલો આનંદ, ઉત્તમ વસ્તુઓથી અલંકૃત સુંદર મહેલને વિષે છે, તેવોજ આનંદ સાધારણ ઝુંપડીને વિષે રહેલો છે. સૂર્યના કિરણોથી જેમ પ્રકાશ થાય છે. તેમ અંતઃકરણના વિચારોથી સુખને દુઃખ ઉત્પન્ન થાય છે. આપણી પોતાની વસ્તુ, સંયોગમાં સુખ અને વિયોગમાં દુઃખ ઉત્પન્ન કરે છે, તેટલું અન્યને વિષે સુખ અથવા દુઃખ ઉત્પન્ન કરી શક્તી નથી, તેનું કારણ અંતઃકરણની માન્યતા; જે સુખ અને દુઃખ, પદાર્થોને વિષે દેખાય છે તે તેને વિષે નથી. પણ વિચારોના રંગને વિષે રહેલ છે. વસ્તુઓ અંતઃકરણના વિચારના રંગના જેવો રંગ ધારણ કરે છે, જેને લીધે, વસ્તુના રંગથી અંતઃકરણ, કે અંતઃકરણના રંગથી, વસ્તુ રંગાએલી છે, તે માલુમ પડી શકતું નથી. આથીજ મૂર્ખ લોકો દુનિઆના પદાર્થને તિરસ્કાર આપે છે: પણ ખરી રીતે જોતાં સુખ અને દુઃખનો રંગ જે પદાર્થમાં દેખાય છે, તે તેને વિષે નથી પણ અંતઃકરણને વિષે છે. જળની માફક પદાર્થો એકજ સરખા રંગવાળા હોય છે. પણ પ્યાલાના રંગના યોગે કરીને જળ જેમ પોતાના રંગને ફેરવે છે; તેમ અંતઃકરણના યોગે કરીને, પદાર્થો પણ પોતાના રૂપને ફેરવે છે, ચક્ષુને પ્રિય તેજ સુંદર, અંતઃકરણને પ્રિય તેજ ઉત્તમ, અને કાનને પ્રિય તેજ મધુર, પણ સુંદરતા, અથવા ઉત્તમતા, અથવા મધુરતા, વસ્તુઓમાં નથી પણ ચક્ષુ આદિ ઇંદ્રીઓને વિષે રહેલ છે. જે વિષયી પુરૂષને પ્રીતિને પાત્ર છે, તે યોગીઓને તિરસ્કારને પાત્ર છે. અને જે યોગીઓને પ્રીતિને પાત્ર છે તે વિષયીને તિરસ્કારને પાત્ર થાય છે. જેઓના વિચારના કિરણો અંદર લય પામ્યા છે તેને દરેક જાતનો ધ્વનિ પછી શોકાતુર હોય કે મધુર હોય, દરેક

જાતના દેખાવો સુંદર આકૃતિવાળા હોય કે ખરાબ આકૃતિવાળા હોય, તોપણ તેને સમાન લાગે છે. આ દુનિઆમાં પ્રિય અથવા અપ્રિય વસ્તુઓના, સુંદરતા કે કુરૂપતાના પરીક્ષક થવું તે દુ:ખનું કારણ છે. તમે જેટલું સુખ ગ્રહણ કરોછો તેટલાજ દુઃખના ગ્રાહક થાઓછે. મોટા રાજ્યની પ્રાપ્તિમાં લાખો માણસોની કતલનો અનુભવ લેવો પડે છે. પરાક્રમની સાથે દુશ્મનોનો ભયપણ ભોગવવો પડે છે. શરીરની સાથે અનેક જાતની વ્યાધિ અને દુઃખો વેઠવાં પડે છે. સમૃદ્ધિની સાથે અનેક ચિંતાઓ પણ રાખવી પડે છે. વિષયની સાથે અનેક પ્રકારના રોગનું કષ્ટ પણ સહન કરવું પડે છે. સુખ એટલે અંતઃકરણમાં મેળવેલા દુઃખનું ચક્ષુ દ્વારાએ અશ્રુના રૂપમાં વમન કરવું, અને દુઃખ એટલે અંતઃકરણમાં મેળવેલા હર્ષનું ચક્ષુદ્વારાએ અશ્રુના રૂપમાં વમન કરવું, એટલે જો તમે ઇચ્છિત વસ્તુથી પ્રસન્ન થશો તો તેના વિયોગમાં તમારે દુઃખ ભોગવવું પડશે જેવી આપણે મુખાકૃતિ કરીએ છીએ તેવી આકૃતિ દરપણ પોતાને વિષે પાડેછે એથી કાંઇ દરપણનો દોષ નથી; તેમ જેવું આપણું અંતઃકરણ તેવો આ સંસાર સમજવો. દુઃખી અંતઃકરણ સંસારને દુઃખ રૂપે જુએ છે અને સુખી અંતઃકરણ સંસારને સુખ રૂપે જુએ છે.

જગત્.

જગત્ એ ચોપાટ છે, ફુલગ્રહ દેવલોક છે અને તેનું મધ્યસ્થાન જે ગ્રહ તે મોક્ષ છે. પાસા નસીબ છે, અને સોગઠાંઓ પ્રાણીઓ છે. આ જગત રૂપી ચોપાટને વિષે નશીબરૂપી પાસાથી સોગઠારૂપી પ્રાણીઓ પોતાનો વેહેવાર ચલાવે છે. તેમાંના કેટલાકતો મરણ પામીને ફરીથી તેની અંદર પ્રવેશ કરે છે કેટલાક પ્રાણીઓ ફુલ ગ્રહરૂપી દેવલોકને પામી થોડો કાળ નિર્ભય રહે છે. મોક્ષને પહોંચવાને પ્રયાસ કરનારા કેટલાક પ્રાણીઓ અધવચથી રખડી પડી સંસારરૂપી ચોપાટમાં ભટકે છે, અને કેટલાક પુરૂષો ચોપાટનું મધ્યસ્થાન જે મોક્ષ તેમાં પ્રવેશ કરી આ દુનિઆમાં પોતાનું ભટકવું બંધ કરે છે. આ સંસાર, પ્રાણીઓનું કેદખાનુંછે. પ્રથમ પ્રાણીઓ ગર્ભસ્થાનના કેદખાનામાં પુરાય છે, પછી બાલ્યાવસ્થામાં અજ્ઞાનતાના કેદખાનામાં પુરાય છે. પછી યુવાવસ્થામાં વિષયના કેદખાનામાં પુરાય છે, પછી વૃદ્ધાવસ્થામાં

અશક્તતાના કેદખાનામાં પુરાય છે, અને તે પછી કાળની ફાંસીમાં લટકે છે છતાં પણ પ્રાણીઓ આવા દુઃખ દાયક કેદખાનામાં પ્રવેશ કરવાને વારંવાર અધમ કર્મ કરેછે. સંસાર સમુદ્રછે, શરીરવહાણછે, બુદ્ધિ સઢ છે, મન ખલાસી છે; આત્મા મુસાફર છે, અને મોહ ખેકડાઓ છે. હુશીયાર ખલાસી (ઉત્તમ અંતઃકરણ) આ સંસારરૂપી સમુદ્રમાં દેહરૂપી વહાણને મોહના ખેકડા તરફ નહી અથડાવતાં બુદ્ધિરૂપી સઢ વડે આત્મારૂપી મુસાફરને મોક્ષને કીનારે સહીસલામત પોંહોંચાડે છે; અને નબળો ખલાસી તે વહાણને મોક્ષના કિનારા તરફ નહીં ચલાવતાં મોહના ખેકડામાં શરીરરૂપી વહાણને અથડાવી આત્મારૂપી મુસાફરને દુઃખને તળીએ મુકી દે છે. તો જલમાં બુડવું અને કીનારે પોંહોંચવું તે જેમ ખલાશીના હાથમાં છે, તેમ આ સંસારમાં ડુબવું અથવા મોક્ષને પહોંચવું તે અંતઃકરણના હાથમાં છે. જેમ દારૂ સેવન કરનાર ને દારૂ ભ્રમિત કરે છે તેમ સંસારના વિષયના સેવન કરનાર માણુસને વિષયો દુઃખી કરે છે. હે મનુષ્ય મોહરૂપી શાખામાં લાગેલા વિષ તુલ્ય વિષયરૂપી ફળની સુંદરતાથી લલચાઇશ નહીં, કેમકે તેઓ વિષથી ભરેલા છે.

—(૦)—

કાળ વિષે.

પૃથ્વી વૃક્ષ છે સર્વ પ્રાણીઓ તેના ફળો છે; હે ફળ તારી સુંદરતા તથા તારા રસની મીઠાશનો જરાપણ ગર્વ નહીં કર કારણકે કાળરૂપી પવનના ઝપાટામાં મહાન વૃક્ષો પણ ઉડી ગયા છે તો તારી શું વિશાત. દરેક માણસે પોતાના સતકર્મમાં કાળને પોતાની પાછળ રાખવો ને અસતકર્મમાં કાળને પોતાની સન્મુખ રાખવો એટલે કાળના પંજામાં આપણે આપણાં સતકર્મોને વીસરવા નહીં ને અસતકાર્યમાં કાળનો આપણે ભય રાખવો. કાળના મુખમાં પડેલું આખું બ્રહ્માંડ તેમાં રજકણ જેટલા આપણે શા વિશાતમાં. જન્મનો અર્થે ઉત્પન્ન થવું નથી પણ મૃત્યુ છે. કાળરૂપી તોફાની મોજાવાળી આ સંસાર રૂપી નદીના કીનારાની આસપાસ ઉગેલા પ્રાણીઓ રૂપી વૃક્ષોને જ્યારે બલવાન મોજો લાગે છે ત્યારે નિર્મૂળ વૃક્ષની પેઠે નિરાધાર થઇ તેના તરફ ધસડાઇ જાય છે. જીંદગી રૂપી દીવાને કાળ રૂપી પવનની ઝપાટ લાગે છે ત્યારે તે સંસાર રૂપી પાત્ર,

તેલ રૂપી દ્રવ્ય, વાટ રૂપી દેહને છોડી એક ક્ષણમાં ઓલવાઇ જાય છે. કાળની પીઠ એજ આપણો જન્મને કાળનું સન્મુખ એજ આપણું મૃત્યુ; જ્યારે કાળ પ્રાણીઓને પોતાની પીઠ તરફ ફેંકે છે ત્યારે કાળના મોજાથી ધસડાતું પ્રાણી ધીમે ધીમે તેના સન્મુખ આવતું જાય છે. હે મનુષ્ય તુંને જ્યારે મૃત્યુ અપ્રિય છે ત્યારે તું જન્મ માટે કેમ પ્રયાસ કરે છે કારણકે જન્મ એજ મૃત્યુ છે. અવસ્થા એ, કાળ તરફની આપણી મુસાફરી છે. જન્મ એ મુસાફરીની શરૂઆત છે, વૃદ્ધાવસ્થા કાળનો દરવાજો છે, રોગ તેનો અનુચર છે, મૃત્યુ તેની બેડી છે, મૃત્યુ એ શાંત નિદ્રા છે, રોગની છેલ્લી ઔષધી છે, સ્વર્ગ કે નર્કના દ્વારની કુંચી છે, અજીત અને અમર દેવ છે, રાજા કે રંક, વિદ્વાન કે મૂર્ખ, શૂરવીર કે કાયરનો નિષ્પક્ષપાતી મિત્ર છે. જીંદગીના ચક્રની આસપાસ, જાગૃત અવસ્થાની પાછળ નિદ્રાવસ્થા અને નિદ્રાવસ્થાની પાછળ જાગૃત અવસ્થા ભમ્યા કરે છે, તેમ સંસારના ચક્રની આસપાસ, મૃત્યુની પાછળ જન્મ ને જન્મની પાછળ મૃત્યુ ભમ્યા કરે છે. મોટા પુરૂષો જન્મ કરતાં મૃત્યુને વધારે કિમતી ગણે છે કારણ કે જન્મ એ કાળનું મુખ છે ને મૃત્યુ એ ઇશ્વરના ઘરનું દ્વાર છે. સંસારમાં ભટકતા મનુષ્યોને સ્મશાન ભૂમિ એ વિશ્રામ સ્થાન છે. નથી કાળ રાજાની પ્રબળ સત્તાથી દબાતો, નથી પૈસાથી મોહ પામતો, નથી વિદ્વતાથી શરમાતો, નથી સુરવીરથી ડરતો, નથી રાંક ઉપર દયા રાખતો, તેની સત્તા સર્વ ઉપર એક સરખી હોય છે. જીંદગી આપણી મુસાફરી છે તો તે મુસાફરીનો અંત આવવો જોઇએ. જેનો વિયોગ થવાનો છે તેનો થાય છે, તેમાં શું આશ્ચર્ય ?

હિમત અથવા દૃઢ નિશ્ચય.

મનુષ્યો ત્રણ પ્રકારના હોય છે; ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ. ગરૂડપક્ષી જેમ પૃથ્વીની આકર્ષણ શકિત તોડી આકાશ તરફ ધીમે ધીમે વધતો જાય છે, તેમ ઉત્તમ પુરૂષો વિઘ્ન તેમજ આપત્તિને તોડી ઊંચ સ્થિતિને પ્રાપ્ત કરે છે. બલુન જેમ ગ્યાસથી થોડો વખત સુધી પૃથ્વિની આકર્ષણ શક્તિ તોડી પાછું તે જમીન ઉપર અથડાય છે, તેવીજ રીતે મધ્યમ પુરૂષો પોતાની થોડી હિમતનાં પ્રભા-

વથી યતકિંચિત્ ઉન્નતિને પામ કરી પોતાની મૂળ સ્થિતિમાં ઉભો રહેલું છે. અને કનિષ્ટ પુરૂષો પથ્થરની માફક એક ક્ષણમાં પૃથ્વી તરફ અથડાય છે. હિમત ઉત્તમ પુરૂષોની શક્તિનો ફોટોગ્રાફ પાડવામાં ફોટોગ્રાફર છે. અને તે ફોટોગ્રાફને સારા લોકોની સામે ખડો કરે છે. દરેક મનુષ્યોએ પોતાના દ્રઢનિશ્ચયમાંથી વિમુખ નહી છતાં ગમે તેટલા વિઘ્નોના પહાડો પોતાના સામા આવે, ગમે તેટલી આપત્તિની નદીઓ પોતાની આગળ વહેવા લાગે, ભલે સંકટનાં કિલ્લામાં પોતાને પુરાવું પડે તો પણ વીટંબનાઓને દૂરકરી જેમ આગબોટો પોતાની આગળ વધતા સમુદ્રના મોજાઓને કાપતી કાપતી સમુદ્રનીપાર ઉતરે છે, તેવીજ રીતે કશાથી ભય નહીં પામતાં હિમત અથવા દ્રઢતાથી સામા આવતાં અનેક સખ્ત સંકટોમાંથી તરી, નિશ્ચિત કાર્યનો કાંઠો પકડવો એજ પુરૂષોનું પુરૂષત્વ છે. યુધ્ધમાં વાજીંત્ર વાગતા હોય, વિજળીની માફક ચમકારા કરતી અને ખડખડ થતી તલવારોનો ખણખણાટ થતો હોય એવા યુદ્ધના વખતમાં શુરવીર પુરૂષોની શુરવીરતા દેખાય છે. તેવીજ રીતે આપત્તિના સમયમાં હિમતવાન પુરૂષોની હિમતની ખબર પડે છે. એક ખુણે બેસી રહેવાથી અથવા એશઆરામ ભોગવવાથી હિમતની ખબર પડી શકતી નથી. આ દુનિઆમાં જનમી મોજ શોખમાં પડવું, એ મનુષ્યનું કર્તવ્ય નથી, પણ સંસારના સુખોને એક બાજુ તરફ રાખી, હિમતવડે આપત્તિ તથા વિઘ્નોને દૂર કરી, મહત્ત કાર્યમાં થાપો મારવો જોઇએ. વિદ્વતા, રાજ્ય, સમૃદ્ધિ વકતૃત્વ શક્તિ, અને સત્તાઓ પશુની માફક, આપણા ઉપર રહેલા મોટા બોજા છે, અને પશુની માફક આપણે તેઓનું વહન કરનાર છીએ. પણ ધૈર્યતા, દ્રઢતા, હિમત અને વીરત્વ એજ આપણા નસનું રૂધિર, આપણા શરીરની શક્તિ, અને આપણા સતેજ અવે બળવાન અવયવો છે, માટે દરેક મનુષ્યોએ હિમત રૂપી તલવાર હાથમાં પકડી સંસારના રણસંગ્રામમાં ઝુઝતા કદી પણ ચલિત થવું નહી. જો જગત કર્તા ઇશ્વર મારા દેશને માટે એક તરફ હિમત અને બીજી તરફ સર્વ સંપત્તિનું સુખ મને માગવાનું કહે તો હું એજ માગુ કે મારા દેશી ભાઇઓ હિમતવાન તેમ દ્રઢ નિશ્ચયવાન થાય. હિમત મનુષ્યને કીર્તીનો હીરો આપી દુનિઆની સનમુખ તેને પ્રકાશિત કરે છે, હિમત વગરની વિદ્યાએ પતિ વગરની સ્ત્રીના જેવી

સમજવી, હિંમત વગરનું રાજ્ય એ રૂધિર વગરના દેહ જેવું સમજવું, હિંમત વગરની જીંદગી એ ચૈતન વગરના દેહ જેવી સમજવી, હિંમત વગરનું સૈન્ય એ શ્વાન સૈન્યના જેવું સમજવું અને હિંમત વગરનો પુરૂષાર્થ અપંગ માણસની મુસાફરી જેવો સમજવો. દરેક માણસે સુકા તણખલાની માફક પવનના વેગ તરફ નહીં ધસડાતા તેના સન્મુખ ચાલવું એજ પુરૂષની અંતરશક્તિ સમજવી. અને તેવોજ પુરૂષ પોતાના મસ્તકને ધન્યવાદના મુગટવડે અલંકૃત કરે છે. આપણી બાલ્યાવસ્થા રમત ગમત માટે નહીં; પણ દ્રઢતા, હિંમત, અને નીતિના બીજના આરોપણને માટે છે. યુવાવસ્થા વિલાસ માટે નહીં, પણ તેના ફળનો સ્વાદ, દુનિઆને ચખાડવાને માટે, અને વૃદ્ધાવસ્થા શાંતિને માટે નથી, પણ બીજાને વિષે તે બીજ રોપવાને માટે. ઇશ્વરે. મનુષ્યોના અંતઃકરણમાં હિંમતનું બીજ રોપ્યું ન હોત તો સૂર્ય ચંદ્રના પ્રકાશ શિવાય આખું જગત અંધકારમય હોત સૂર્ય ચંદ્ર પૃથ્વીના ઉપલા પડને પ્રકાશિત કરી શકે છે, પણ મહા પ્રતાપી પુરૂષોના પ્રતાપનો પ્રકાશ પર્વતોની ગુફાઓમાં, મેદાનોમાં, દેશોમાં, તેમજ સર્વ મનુષ્યના હૃદયમાં પ્રકાશી રહ્યો છે. મનુષ્યોના અંતઃકરણને વિષે, હિંમત એ બળવાન આકર્ષણ શક્તિ છે. જેથી દરેક વસ્તુઓને પોતાની તરફ ખેંચી રાખે છે, હિંમત મનુષ્યોની બળવાન અને ચપળ પાંખછે તેના વડે મોટા પહાડો અને મહાન સમુદ્રને તે ઝડપથી ઓળંગી શકે છે. હિંમત એ પરાક્રમી અને બળવાન રાજા છે, જેથી દરેક કાર્યો તેને તાબે રહે છે. હિંમત એ કલ્પવૃક્ષ છે, જેથી દરેક મનુષ્યો ઇચ્છિત વસ્તુઓને મેળવે છે. હિંમત એ મહા મંત્ર છે, જેથી અસાધ્ય કાર્યો સાધ્ય થાયછે. હિંમત એ ઉત્તમ નસીબ છે જેથી દરિદ્રતા અને દુઃખનો નાશ થાય છે અને હિંમત એ આત્માછે, જેથી દરેક શક્તિઓ પોતાનો વહેવાર આ દુનિઆમાં ઝડપથી કરી શકે છે. હિંમત એ અદ્રશ્ય સોય છે, સર્વ કાર્ય તેના દોરા છે, જગત એ વસ્ત્ર છે; જ્યારે હિંમત રૂપી સોય આ જગત રૂપી વસ્ત્રમાં પ્રવેશ કરે છે, ત્યારે સર્વ કાર્ય રૂપી દોરાઓ તેની પાછળ ચાલ્યા આવે છે. નીતિ, ધર્મ, સત્યતા, પરાક્રમ, અને વિદ્યા રૂપી શાખાનું મૂળ હિંમત છે. અને તે મૂળ વગરની શાખાઓ સુકાઇને નાશ પામે છે. ભૂતકાળમાં

હિમત દેવીની આપણી હિંદીમાતા ઉપર કૃપા હોવાથી તેના જે પુત્રો પોતાની તલવારોને વીરપુરૂષોના મસ્તકમાં વિલાસ કરાવતા તે વર્તમાન કાળમાં તે દેવીના અભાવથી દરેક મનુષ્યો જંટને બોલની સાથે વિલાસ કરાવવા લાગ્યા; તલવારે રૂધિર રૂપી લાલ સાડી છોડી પતિ વિનાની સ્ત્રીની માફક મ્યાનરૂપી શ્યામ વસ્ત્ર ધારણ કર્યું. માટે દરેક માણસે પોતાના અંતઃકરણને ક્ષણે ક્ષણે ચડ ઉતર કરનારા વાતાવરણોની માફક નહી બનાવતાં દૂરથી દરેક કાર્યનું અવલોકન કરવાને સમર્થ એવી બુદ્ધિની સાથે દરેક કાર્યોને ખેંચી લાવનાર હિમત રૂપી લોહચુંબક અંતઃકરણમાં ધારણ કરવું જોઇએ.

પરોપકાર વિષે.

હે વૃક્ષ! જ્યાં સુધી તારા ફળોથી કોઇ પણ પક્ષીઓ તૃપ્ત થઇ શકતા નથી ત્યાં સુધી તું ગમે તેટલો ફળયુક્ત છતાં પણ ફળ રહિતજ છું. હે સમુદ્ર? તુ ગમે તેટલા જળથી ભરપૂર રહે, ગમે તેટલા ઉત્તમ રત્ન અને મોતીથી શુશોભિત રહો પણ જ્યાં સુધી તારા પાણીનું એક પણ બિંદુ બીજાને ઉપયોગિ થતું નથી ત્યાં સુધીતું શુષ્ક જંગલના જેવોજ છું. જ્યાં સુધી આપણે દુઃખીયાનું દુઃખ, ને નિર્ધનની નિર્ધનતા ઉપાડવાને અશક્ત છીએ ત્યાં સુધી આપણો પ્રયાસ અને આપણી વકતૃત્વ શક્તિ કાકરૂદનના જેવી સમજવી. વનસ્પતિ કે જેની વંશ વૃદ્ધિને માટે આપણે જરાપણ પ્રયાસ કરતા નથી, નથી તેની જીંદગીની આપણે દરકાર રાખતાં, નિરંતર આપણે તેને પગતળે કચરીએ છીએ, આપણા સ્વાર્થને માટે તેનો મૂળથી નાશ કરીએ છીએ, તેઓ આપણી જ્ઞાતિ નહીં હોવાં છતાં પણ મોટા રોગમાંથી આપણને મુકત કરવાને પોતાનો દેહ અર્પણ કરે છે તેજ પરોપકાર. જેમ વિદ્વાન માણસ પોતાની સર્વ વિદ્વતા મૂર્ખ માણસની બુધ્ધિમાં રેડવાને બંધાય છે તેમ પૈસાદાર લોકો પોતાની સર્વ મિલ્કત દુઃખીયાઓને આપવા બંધાએલ છે; ત્યારે તે ખરો વિદ્વાન અને ખરો પૈસાદાર સમજવો, વિદ્વાન તરફ જે વિદ્વાન પોતાની વિદ્યાનો પ્રકાશ કરે છે ને પૈસાદાર તરફ જે ગૃહસ્થ પોતાનો પૈસો ખરચે છે, તે કેવળ કીર્તિને અર્થે પણ પરોપકાર અર્થે નહી.

કીર્ત્તિ વિષે.

સત્ પુરૂષોની કીર્તિ વેસ્યા સ્ત્રીની માફક પોતાના પતિના મૃત્યુની પાછળ રહી, અનેક પુરૂષોનાં અંતઃકરણનું આલિંગન કરે છે. સદ્-વિચારો રૂપી શાખા, જ્ઞાન રૂપી ફળ, વિદ્યા અને કીર્ત્તિ રૂપી પુષ્પો, અને ધર્મ રૂપી પાંદડાવિના આ દેહ રૂપી મૂળીયું નકામું છે. મળ, મૂત્ર, રૂધિર, માંસ, પરૂ અને અસ્થિથી ભરેલા આ નાશવંત દેહને અમર રાખવાનો પ્રયાસ કરવા કરતાં કીર્ત્તિને અમર કરવી જોઇએ. દુનીયાના સન્મુખ નૃત્ય કરતી, લોકોના અંતઃકરણનું આકર્ષણ કરતી, અનેક પુરૂષોના હૃદયનું આલિંગન કરતી, એવી કીર્ત્તિરૂપી સ્ત્રી જે પુરૂષને પરણેલી નથી તે પુરૂષ પશુ અથવા નપુંશક સમજવો.

વિદ્યા વિષે.

લક્ષ્મી અને સરસ્વતી એ બંને વૃક્ષો છે. ને તેઓના ફળ જુદા જુદા હોયછે. લક્ષ્મીનું ફળ મોજ શોખ અને વિદ્યાનું ફળ જ્ઞાન છે. લક્ષ્મીના ફળને દારૂડીયા રૂપી પિસાચો, વેશ્યા રૂપી પિશાચિની, મૂર્ખ અને સ્વાર્થી રૂપી કાગડા અથવા કૂતરાઓ વળગે છે. અને વિદ્યાના ફળને પંડિતો, યોગીઓ અને સત્પુરૂષો રૂપી દેવો ઇચ્છે છે. લક્ષ્મી, વેશ્યાસ્ત્રી અથવા દુર્જન મિત્રની માફક પ્રારબ્ધ રૂપી સ્વાર્થની સાથે સંબંધ રાખનારી હોય છે. અને વિદ્યા સતી સ્ત્રી, તથા સન્મિત્રની માફક આપણી જીંદગીના અંત સુધી સંબંધ રાખે છે. લક્ષ્મીના ફળો દારૂની માફક માણસને ઉન્મત બનાવી નચાવે છે અને વિદ્યાના ફળો અમૃતની માફક માણસને વિદ્વાન્ બનાવે છે. અને મોક્ષના રસ્તાની ઓળખાણને માટે વિચારની ચક્ષુ આપે છે.

સ્ત્રી નીંદા.

સંસારના જંગલમાં ફરનાર હે મુસાફર ! તારાજ્ઞાન રૂપી જવાહીરના રક્ષણને અર્થે તારા હાથમાં સત્ પુરૂષના સમાગમની ઢાલ તથા ભક્તિની તલવાર રાખજે. કારણ કે આ સંસારના જંગલમાં ફરનાર દરેક પુરૂષને યુવતિ રૂપી ચોર, ભ્રકુટી રૂપી કમાનમાં ચડા-

વેશ્યા કટાક્ષરૂપી બાણવડે ઘાયલ કરી મોહરૂપી પાશથી બાંધે છે. પછી વિષય રૂપી વિષથી બેશુધ્ધ કરી હાથના કંઠાલિંગન રૂપી તલવારથી મસ્તકનું છેદન કરે છે. પછી કામાગ્નિથી બાળી નાંખેછે. સ્ત્રી પિશાચિની કરતાં પણ વધારે ભયંકર છે અને નાશકારક છે કારણ કે પિશાચિની સંયોગમાં પુરૂષોનો નાશ કરે છે. પણ સ્ત્રીતો સંયોગ અને વિયોગમાં પુરૂષોનો નાશ કરે છે. સ્ત્રી એ મૂત્રની વેહેતી દુર્ગંથી ગટર છે; અને તેના કાંઠા ઉપર શૃંગારિ પુરૂષો અલંકારના સુગંધી પુષ્પો પાથરી તેને વિષે સદા રમણ કર્યા કરે છે.

વિયોગી અવસ્થા.

હે સ્ત્રી ? જમીનની ઠોકરથી તારા પડી જવાના ભયને લીધે તારો હાથ મારા કંઠને વિષે નાંખી જે હું તને શયન ગૃહમાં નિરંતર દોરી જતો તે અત્યારે હું ક્રૂર થઇ કાષ્ટની લાકડીથી તુંને મજબૂત બાંધી સ્મશાન ભૂમિ તરફ લઇ જાઉછું. જે તુંને હુંજ કોમળ અને શીતળ પુષ્પ શૈયામાં સુવાડતો, તે અત્યારે હું કૂરબની અગ્નિથી બળતી કાષ્ટવાળી ચિતામા સુવાડુછું. સુંદર વાજીંત્રોના ગાયનથી જે તુંને હું નિરંતર આનંદ આપતો તે અત્યારે હું ભયંકર આક્રંદના અવાજ તારા કાનમાં નાંખુંછું. તું થાકી જઇશ એવા ભયથી પુષ્પનો હાર પણ તારા કંઠને વિષે નાખી ન શકતો તે અત્યારે હુ નિર્દય થઇ મોટા મોટા લાકડાના કટકાઓ તારા કોમળ શરીર ઉપર નાંખુંછું.

ચંદ્રના પ્રકાશથી કરમાઇ જવાના ભયને લીધે પુષ્પવાળા શીતળ વૃક્ષના કુંજમાં જે તને હું રાત્રિને વિષે શયન કરાવતો તે અત્યારે હું તુંને ઝળહળતી અગ્નિના મધ્યમાં સુવાડુછું. તું એકાંત શયન ગૃહમાં ભયપામીશ એવા ભયથી, જે હું તારી આસપાસ અનેક દાસીઓ રાખતો, તે અત્યારે પિશાચોથી ભયંકર આ શ્મશાન ભૂમિમાં તુંને એકલી રાખી ચાલ્યો જાઉંછું. હે સ્ત્રી તારા વિયોગથી હવે મારા સુખના પ્રકાશિત કિરણો સંકોચાઇ ગયા, આ ધાઢ અંધકાર ફેલાઇ ગયો. તો આ દુઃખી જગતમાં મારાથી આગળ પગલું કેમ મુકાશે ?

સંસારની સત્યતા વિષે.

ઇશ્વરના હાથથી ઉત્પન્ન થયેલ જે જગત તેની નીંદા કરવી એ ઇશ્વરની નીંદા કરવા જેવું છે. તેની અસત્યતા ઇશ્વરની મૂર્ખતા અથવા શક્તિની ન્યૂનતા બતાવે છે. તેના પ્રત્યે તિરસ્કાર તે ઇશ્વરના પ્રત્યે તિરસ્કાર સમજવો. તેને દુઃખ રૂપે માનવો એ ઇશ્વરની નિર્દયતા બતાવે છે. જે માન ગ્રંથને વિષે છે તે માન ગ્રંથકારને વિષે સમજવું. આ સૃષ્ટિ ઇશ્વરનો ગ્રંથ છે તો તેને માન આપવું એ ઇશ્વરને માન આપવા જેવું છે. તેની દરેક રચનાને આપણે માન આપી પ્રેમથી ગ્રહણ કરવી જોઇએ. પિતા પોતાના વાહાલા પુત્રના હાથમાં વિષનો પ્યાલો મુકે નહી અને ઇશ્વર પોતાના પ્રાણીઓને માટે દુઃખ દાયક જગત ઉત્પન્ન કરે નહી. જગત એ સ્વર્ગ અને નર્કનું મધ્યમ સ્થાન છે, અને બુદ્ધિ તે રસ્તાની માહિતિને માટે છે. ધર્મ અને દાનથી મળતું સ્વર્ગ અને હિંસા અને અનીતિથી મળતું નર્ક એવી જે સંસારની ક્રિયા તે પોતાના કર્તાની સત્યતાની સાબીતી આપે છે. જોવાની ક્રિયા જેમ ચક્ષુની સિદ્ધતા બતાવે છે તેમ સંસારની ક્રિયા સંસારની સિદ્ધતા બતાવે છે. સંસાર એ સ્વર્ગના રસ્તાનો આડો કિલ્લો નથી પણ સ્વર્ગનો રસ્તો છે. નીચ માણસો આપણા કાર્યોના સામા મોટા વિઘ્નોરૂપી પહાડો ઉત્પન્ન કરેછે. પણ ઇશ્વર જેવા દયાળુ તો કરેજ નહીં. સંસાર એ ઇશ્વરના હાથથી ઉત્પન્ન થયેલો સ્વર્ગનો સેહેલો રસ્તો છે. ઇશ્વરે આપણા રક્ષણને અર્થે આ સંસારનું મકાન ઉત્પન્ન કર્યું છે. અને આપણા આનંદ અને ઉપયોગને માટે તેની અંદર ઉત્તમ ચીજો ગોઠવી રાખેલ છે. તો તેઓને આપણે સંપૂર્ણ માન આપી આપણે તેમનો ઉપયોગ કરવો જોઇએ. પણ તેનો ત્યાગ કરી જંગલની એક ગુફામાં બેસવું યોગ નથી. પણ જે ચીજો આપણે સ્વાધીન રાખેલછે, તેનેવિષે આનંદ મની રક્ષણ કરવું જોઇએ. ઇશ્વરે આપણને રહેવાનેમાટે આ જગત ઉત્પન્ન કર્યું. આપણી સહાયને માટે આપણી જાતિના પ્રાણીઓ ઉત્પન્ન કર્યા. આપણા સુખને અર્થે જુદી જુદી ઋતુઓ, અનેક જાતની વનસ્પતિઓ, અને સૂર્ય, ચંદ્ર, અને તારા, મેઘ બનાવ્યા, અને તેઓનાથી મળતા સુખનો અનુભવ લેવાને માટે મન, બુધ્ધિ આદી ઇંદ્રિઓ આપણને સોંપી છે. ઇશ્વર પ્રત્યે આપણી સાચી ભક્તિ, તેની આકૃતિના દર્શનમાં અથવા તેના નામના

શબ્દોમાં નથી, પણ તેના હુકમમાં છે. જે માણુસ પોતાના સુખ શિવાય બીજાનાં સુખ વા દુઃખ ઉપર દૃષ્ટિ કરતો નથી અથવા તેના ગુન્હાને માટે કોઇપણ જાતની શિક્ષા કરતો નથી, તેના કરતાં જે માણુસ પ્રાણીઓનું રક્ષણ કરે છે, અને તેના ગુન્હાને માટે શિક્ષા કરે છે તે વધારે શ્રેષ્ટ છે. દરેક માણુસે સંસાર વેહેવારમાં રહી પોતાના કુટુંબ તેમજ ગરીબ પ્રાણીનું રક્ષણ કરવું જોઇએ. પણ તેનો ત્યાગ કરી જંગલની ગુફામાં જડ પદાર્થની માફક બેસી રહેવું યોગ્ય નથી સુવર્ણના સિંહાસનમાં બેસનાર કાયર રાજા કરતાં લોહીથી ખરડાએલો અને તલવારના ઘાથી ઘાયલ થએલો સાધારણ સીપાઇ વધારે શ્રેષ્ટ છે; કારણકે રાજ્યના રક્ષણને અર્થે તલવારોના સખત ઘા સહન કરી પોતાની ફરજ બજાવે છે તેમ વિદ્વત્તાના સિંહાસનથી શોભતો વિદ્વાન માણુસ સંસારનો ત્યાગ કરી પર્વતોની ગુફામાં ઇશ્વરનું ધ્યાન કરે છે તેના કરતાં દુઃખોના ઘા સહન કરી આ સંસારની રણભૂમિમાં પોતાની ફરજ બજાવનો એવો મૂર્ખ માણુસ વધારે શ્રેષ્ટ છે. ઇંદ્રિઓના દમનથી મોક્ષને કીનારે પોહોચી શકાતું હોતતો ઇશ્વર જેવા દયાળુ ઇંદ્રિઓ રૂપી પથરાઓ આપણા ગળામાં નાખી આ સંસારના સમુદ્રમાં આપણને ફેંકેજ નહી. ઇશ્વર તરફથી મળેલી ઇંદ્રિઓ રૂપી પાંખો સંસારરૂપી પહાડોના ઉલંઘનને માટે છે. દરેક માણુસોએ પોતાના કાર્યોને ન્યાયના દોરમાં પરોવવા અને ઇંદ્રિઓને નીતિના રસ્તા ઉપર ચલાવવી. આપણે જે આ સંસારરૂપી ખેલની જગ્યામાં ઉભા છીએ તેને વિષે આપણી રમત, ન્યાય અને નીતિયુક્ત હોવી જોઇએ; કદાચ આપણે આપણા ઉત્તમ સાધનોથી નીચા પડશું તો પણ તે પાંખો આપણને શિખર ઉપર મૂકશે, જંગલમાં ભટકતા હશું તો પણ તે ભોમીઓ આપણને સુંદર શેહેરમાં લાવી મૂકશે, દરિઆના મધ્યમાં તે ખલાસી આપણા આગળ વાહાણ લાવશે, અગ્નિના મધ્યમાં તે મેઘ આપણા ઉપર વૃષ્ટિ કરશે, અંધકારમાં તે દીવો આપણા આગળ પોતાનો પ્રકાશ પાથરશે, દુસ્મનોની તલવાર સામે તે બખ્તર આપણા શરીરને વજ્રના સરખું બનાવશે.

તોફાની મોજાવાળો સમુદ્ર જેમ તારૂની કીમત કરે છે, ભયંકર લડાઇ જેમ શુરવીરતાની કીંમત કરે છે, તેમ આ સંસારની રણભૂમિ માણુસની બુદ્ધિની દૃઢતાની કીંમત કરે છે. મેહેલમાં બેસી જીવતા

રહેવું, સંસાર વેહેવારનો ત્યાગ કરી મોક્ષ પોહોચવું તે મૂર્ખ અને કાયરનું કામ છે માટે આ દુઃખી સંસારને પોતાની કસોટી સમજી તેવડે પોતાની શક્તિની કીમત ઇશ્વરને બતાવવી.

અનીતિ અથવા પ્રપંચ.

નીચ માણસના હાથમાંથી છુટવાને અથવા સારા માણસને તેના પંજામાંથી બચાવવાને અનીતિ અથવા પ્રપંચની જરૂર પડે છે. દુષ્ટ રાક્ષસના પંજામાંથી શંકરને છોડાવવાને માટે શ્રીકૃષ્ણ ભગવાને પ્રપંચ કરી પાર્વતીનુ રૂપ લીધું હતું. શીવાજી ઔરંગજેબના કેદખાનામાંથી પ્રપંચ વડે છટકી શકયો હતો. તોપના સામી તોપ, તલવારના સામી તલવાર, સલામના સામી સલામ, વિદ્યાના સામી વિદ્યા, સ્નેહના સામો સ્નેહ. નીતિની સામે નીતિ, પ્રપંચના સામે પ્રપંચ, દયા સામે દયા, ક્રૂરતા સામે ક્રૂરતા હોવી જોઇએ તો આપણે આ દુનિઆમાં જય મેળવી શકશું. દુધને વિષે સાકર પણ મીઠું નહી ને સાકને વીષે મીઠું પણ સાકર હોવી ન જોઇએ. ઇશ્વરે આપણા અંતઃકરણના ભાથામાં પ્રપંચોના બાણો મુકયા છે અને તેનો ઉપયોગ કયારે કરવો તેનું કામ વિચાર પૂર્વક બુદ્ધિને સોંપ્યું છે; ગંભીર બુદ્ધિ તેનો વાજબી ઉપયોગ કરે છે. જેમ માણસને પોતાની મુસાફરીને વિષે પોતાની મિલકત અથવા દેહના રક્ષણને અર્થે હથિઆરની જરૂર છે તેમ આ દુનીઆની મુસાફરીને વિષે લુચ્ચા અને દગલબાજી પુરૂષોથી નિર્ભય રહેવાને માટે આપણા અંતઃકરણના મ્યાનમાં પ્રપંચની તલવાર ઇશ્વરે મુકીરાખી છે તો તેનો ઉપયોગ કરવામાં જરા પણ શંકા રાખવી નહી. શૃંગાર સ્ત્રી તરફ પણ માતા તરફ નહી, ભક્તિ માતા તરફ પણ સ્ત્રી તરફ નહી, મોટાઇ સેવક તરફ પણ ગુરૂજન તરફ નહી, નમ્રતા ગુરૂજન તરફ પણ સેવક તરફ નહિ, સ્નેહ મિત્ર પ્રત્યે પણ શત્રુ પ્રત્યે નહી, શઠતા લુચ્ચા તરફ પણ મિત્ર તરફ નહી, દયા ગરીબ ઉપર પણ ક્રૂર તરફ નહી અને ક્રૂરતા કૂકટ તરફ પણ ગરીબ તરફ નહી, પરાક્રમ શુરવીર સામે પણ બીકણ સામે નહી અને બીરતા કાયર સામે પણ શુરવીર સામે નહી, વિદ્વત્તા વિદ્વાન તરફ પણ મૂર્ખ તરફ નહી, અને જડતા મૂર્ખ તરફ પણ વિદ્વાન સામે નહી, તેમ સત્યતા સજ્જન સામે પણ દુર્જન સામે

નહી અને લુચ્ચાઇ દુર્જન સામે પણ સજ્જન સામે નહીં. જેવો આત્મહત્યાનો દોષ વિષથી મરણ પામેલા મનુષ્યને વિષે રહેલો છે તેવો આત્મહત્યાનો દોષ લડાઇમાં કપાએલાં મનુષ્યને વિષે રહેલો છે; છતાં પેહેલો દેહ અને નર્કને લાયક થાય છે, અને બીજો માન અને સ્વર્ગને લાયક થાય છે. કૃત્યો બન્નેના સમાન હોવા છતાં પણ માણસના પ્રસાદાથી તેઓ ઉત્તમતા અથવા અધમતાને પ્રાપ્ત થાયછે તેવીજ રીતે હલકું કાર્ય પણ વિચાર પૂર્વક બુદ્ધિના સંયોગથી ઉત્તમતાને પ્રાપ્ત થાય છે ને વિચાર વગરનું ઉત્તમ કાર્ય પણ અધમતાને પ્રાપ્ત થાય છે.

અંતઃકરણની મહત્તા તથા ઉત્તમતા.

આપણા અંતઃકરણના રાજ્યમાં ઉત્તમ વિચારોની સત્તા એવી તો મજબુત હોવી જોઇએ કે અધમ વિચારો તેને દૂર કરવાને જરા પણ શક્તિમાન ન થાય. આપણા નામનો ધ્વનિ બીજાઓને મયૂર રૂપે બનાવવાને શક્તિમાન થવો જોઇએ. જેથી મયૂર જેમ મેઘની ગર્જનાથી તેની જલધારાનું પાન કરવાને અર્થે તેના આગમનની રાહ જુએ છે, તેમ આપણા વિચારોની ધારાને પ્રેમથી પોતાના અંતઃકરણમાં ગ્રહણ કરવાને અર્થે આપણા આગમનની રાહ જુએ. આપણા વિચારો અને કૃત્યો દરેક પ્રાણીઓને માટે ઉત્તમ રસવાળા હોવા જોઇએ. જેથી દરેક પ્રાણીઓ પોતાની તૃપ્તિને માટે તેઓનું ગ્રહણ કરે. હલકા પદાર્થોની ગતિ ઉન્નત હોય છે અને પવનને લાગે આઇ ચોતરફ અથડાય છે, મહાન પદાર્થો સદા નમ્ર હોય છે, અને પવનના જબરા વેગથી જરાપણ ચલિત થતા નથી. પૃથ્વીની માફક આપણામાં ગુરૂત્વની આકર્ષણ શક્તિ હોવી જોઇએ. જેથી ખરતા તારાઓ જેવા હલકા અંતઃકરણો આપણા તરફ ખેંચાઇ આપણા વિચારની સાથે તેઓ નિરંતર ભ્રમણ કરે. આકાશમાં ભટકતા અતૃપ્ત પક્ષિઓ આપણા કાર્યના ઉત્તમ ફળથી લલચાઇ તે વડે પોતાનું ગુજરાન ચલાવે તેને માટે આપણે આપણી બુદ્ધિના વૃક્ષના પોષણને અર્થે અંતઃકરણની જમીનમાં ઉત્તમ જ્ઞાનના રસનો ભંડાર હોવો જોઇએ. અરસપરસ વાદળાઓના ઘર્ષણ ઉત્પન્ન થતી વીજળીનો પ્રકાશ સ્વયં પ્રકાશિત સૂર્યના પ્રકાશના જેવો નિરંતર ને

વધારે હોતો નથી, પણ ક્ષણિક હોઇને પોતાના સ્થાનમાં લય પામે છે. કલિયુગના નિશાના આવેશમાં દરેક મનુષ્યો પોત પોતાનું ભાન (ફરજ) ભૂલી ગયા. સત્યતાની સડકને છોડી અસત્યતાની ઉંડી ખાચોમાં ગોથા ખાવા લાગ્યા. સ્વચ્છ રસ્તાને છોડી હલકા કાર્યની કાદવવાળી જંગ્યામાં પોતાના વિચારોને મલીન કરવા લાગ્યા. ઉત્તમ વિચારોની અમૃત રસને છોડી અધમ વિચારો રૂપી દારૂના પ્યાલાથી પોતાના અંતઃકરણને તૃપ્ત કરવા લાગ્યા. ત્રિદોષના રોગથી પીડાતા અથવા દારૂની નિશાથી મત્ત થઇ ગયેલા માણસની માફક નહીં કરવા લાયક કાર્યો સ્વતંત્રતાથી કરવા લાગ્યા. વ્યભિચારી પુરૂષની માફક નિતિરૂપી ગૃહપત્નીનો ત્યાગ કરી અનીતિ રૂપી વેંસ્યાના પ્રેમમાં અમૂલ્ય વિચારો રૂપી જવાહીરોનો નાશ કરવા લાગ્યા. આ દુનિઆને વિષે હવે પુરૂષોની કીર્ત્તિમાં સતીઓનું સતીત્વ રહ્યું. એટલે (મનુષ્યનીસાથેજ કીર્ત્તિનો નાશ થવા લાગ્યો) સદ્‌ગુણોમાં દુર્જન પુરૂષોનો સ્નેહ (દુર્જન પુરૂષના સ્નેહની માફક સ્વાર્થ યુક્ત અને ક્ષણિક સદ્‌ગુણો રહ્યા.) વખતમાંજ સત્‌ પુરૂષોની મિત્રતા (એટલે વખતનું અસ્તિત્વ મૃત્યુ સુધી રહે છે પણ મૈત્રિનુ નહીં.) નામના અર્થમાંજ નામની ભવ્યતા, એટલે નામના અર્થના જેવા ગુણો મનુષ્યોમાં ન રહ્યા. જમીનની સાથે મૂળની દ્રઢતા વૃક્ષોમાંજ (પણ વિચારોનું મુળ જે બુદ્ધિ તેને વિષે સત્યતા રહી નહી) સમુદ્ર પ્રત્યે જલનો પ્રવાહ નિરંતર નદીઓનોજ રહયો. (પોતાના પતિ પ્રત્યે સ્નેહનો પ્રવાહ સ્ત્રીઓનો, ઇશ્વર પ્રત્યે ભક્તિનો પ્રવાહ તેના ભક્તોનો અને મિત્ર પ્રત્યે સ્નેહનો પ્રવાહ તેના મિત્રનો રહયો નહીં) પુરૂષોનું પુરૂષત્વ તેના જન્મમાં નથી પણ મહાન કાર્યના અંતમાં છે. તેની સુંદરતા, શરીર આકૃતિમાં નથી, પણ ઉત્તમ વિચારોમાં છે. તેની શક્તિ બળવાન શરીરમાં નથી પણ ભયંકર મહાન કાર્યના અંતમાં છે.

પ્રાણીઓ ઉપર આપણો હક નથી.

પ્રાણીઓનો નાશક અથવા તેના માંસનો ભક્ષક મનુષ્યના આકારમાં રાક્ષસ રૂપે સમજનો. તેના અંતઃકરણમાં દયાના વૃક્ષો તથા સ્નેહના જળનો અભાવ હોવાથી દુષ્ટ વિચારોના પ્રચંડ તાપથી

સત્તા અસત્ય હોય છે ઇશ્વર માતાના ઉદરમાં સર્વ પ્રાણીઓનું રક્ષણ કરતો હોવાથી સર્વ પ્રાણીઓ ઉપર તેનો એક સરખો પ્રેમ બતાવે છે અને તેના વહાલા પ્રાણીઓનો નાશ કરનાર માણુસ ગુન્હેગાર થઇ નર્કના દુઃખદાયક કેદખાનામાં પડે છે. અને ઇશ્વરની પ્રિય વસ્તુને માન આપનાર અને રક્ષણ કરનાર માણુસ ઇશ્વરના ઉત્તમ અને સુખદાયક સ્વર્ગના ધામને લાયક થાય છે. જેમ માતાના દુધ ઉપર તેના બાળક સિવાય બીજા કોઇનો હક નથી, તેમ પશુઓના દુધ ઉપર તેના બચ્ચાં સિવાય કોઇનો હક નથી, તો તેના દેહ ઉપર આપણી સત્તા કેવી રીતે હોઇ શકે ? આપણને ઇશ્વર તરફથી પ્રાણીઓના નાશ કરવાની સત્તા મળી હોત તો ગર્ભમાં તેની સંભાળ લેવાનું અને આ દુનિઆમાં તેઓના સુખના સાધનો બનાવવાની ઇશ્વરને જરુર નહોતી. અથવા તેને તાબે રાખવાને આપણને સત્તા મળી હોત તો પશુઓનો જન્મ આપણા બાળકની માફક આપણી સ્રીની યોનિમાં આપત, અને તેઓનો ખોરાક જે ઘાસ તે પહાડ અને જંગલમાં ઉત્પન્ન નહીં કરતાં આપણા આશ્રય તળે મુકત. આપણા શરીરની માફક તેઓનું શરીર રૂધિર, માંસ, હાડ, અને ચર્મથી ઉત્પન્ન થયેલ છે. આપણા માફક તેઓને વિષે આત્મા છે. સુખ દુઃખની લાગણીઓ પણ આપણા જેવીજ છે. આપણી માફક સ્વતંત્રતા અને સુખને ઇચ્છે છે. સ્નેહ પણ આપણા જેવો છે. પણ પ્રાણીઓની ઓળખાણને માટે તેઓના શરીરની આકૃતિ જુદી થયેલ છે. આ ઉપરથી દરેક પ્રાણીઓ તરફ અભિન્નતા રાખી રક્ષણ કરવું જોઇએ. ઇશ્વરે આપણા બાળકના રક્ષણ અર્થે તેની માતાના સ્તનમાં દુધ ઉત્પન્ન કર્યું ખોરાકને માટે વનસ્પતિઓ બનાવી, પરદેશ જવાને માટે મજબુત પગ આપ્યા, બોજો ઉચકવા કૌવત આપ્યું, આપણી મદદને માટે આપણી જાતિના પ્રાણીઓ ઉત્પન્ન કર્યા. આ ઉપરથી અન્ય જાતિના પ્રાણીઓને આપણા ઉપયોગને માટે લેવા ન જોઇએ. દરેક જાતિના પ્રાણીઓની વાચા, શરીરની આકૃતિ, અવયવો, અને ખોરાક જુદા જુદા હોવાથી દરેક પ્રાણીઓ પોત પોતાની જાતિના પ્રાણીઓને માટે ઉપયોગી છે. પશુનો ખોરાક જે ઘાસ તે પહાડ અને જંગલમાં, પક્ષીઓનો ખોરાક જે ફળ તે વૃક્ષો ઉપર અને મનુષ્યોનો ખોરાક ખેતરમાં ઉત્પન્ન થયેલ છે. મસીદમાં

બેસી બાંગ પોકારવી, દેવ મંદીરમાં પૂજન કરવું, ગુફામાં ધ્યાન કરવું, જંગલમાં તપ કરવું, ઘરના ખુણામાં માળા જપવી, શાસ્ત્રોનું અધ્યયન કરવું, વેદ મંત્રોનો ઉચ્ચાર કરવો, તિલક અને વિભૂતિથી કપાળને શોભાવવું, ભગવા વસ્ત્રોથી ગોગને શોભાવવો, એ બધી ક્રિયાઓ મનુષ્યોને વશ અને પ્રસન્ન કરવાની છે. પણ ઇશ્વરને પ્રસન્ન અને વશ કરવાની ક્રિયા તેની કૃતિના રક્ષણમાં છે. આપણે આપણા ધર્મ મંદીરોનું, અથવા ધર્મ પુસ્તકોનું રક્ષણ કરવાની જરૂર નથી; કેમકે તેઓ મનુષ્યોના હસ્તથી ઉત્પન્ન થયેલા છે, પણ ઇશ્વરના હાથથી ઉત્પન્ન થયેલા જે પ્રાણીઓ છે તેને માન આપી રક્ષણ કરવું જોઇએ. પશુઓનું માંસ તો શું પણ તેનું દુધ પીવાનો પણ હક આપણો નથી કેમકે ગર્ભની સાથે દુધની ઉત્પત્તિ છે માટે તે દુધ ઉપર તેના બચ્ચા શિવાય અન્ય કોઇનો હક નથી પશુઓ પોતાના સ્તનને પોતાના બચ્ચાના મુખ આગળ જેવા પ્રેમથી ધરે છે તેવા પ્રેમથી આપણા આગળ ધરતા નથી. માટે તેઓની ઇચ્છા વગર દુધ લેવું તે જબરો અન્યાય છે. આ સૃષ્ટિ ઇશ્વરની છે, તો તેને વિષે તેઓને સ્વતંત્ર અને નિર્ભય રહેવા દેવા જોઇએ.

કોઇ ચિત્રકાર પોતાની છબીઓને લોકોને દેખાડવા માટે શહેરમાં મૂકે તેનો કોઇ બીજો માણસ આવી નાશ કરે અથવા તેને સ્વાધીન કરે ત્યારે તે જેમ ચિત્રકારનો ગુન્હેગાર થાય છે તેમ ઇશ્વર ચિત્રકાર છે, ને દરેક પ્રાણીઓ છબી છે તો ઇશ્વરની ઇચ્છા વગર કોઇ પણ પ્રાણીઓનો નાશ કરવો અથવા સ્વાધીન કરવાં એ ઇશ્વરના ગુન્હેગાર થવા જેવું છે. જેમ આપણા બાળક શિવાય બીજાના બાળક ઉપર, આપણા દેહ સિવાય બીજાના દેહ ઉપર, આપણા ઘર સિવાય બીજાના ઘર ઉપર, આપણા ખેતર સિવાય બીજાના ખેતર ઉપર, આપણો હક નથી એવો મનુષ્યોનો કાયદો છે, તેમ આપણી જાતિના પ્રાણીઓ સિવાય બીજી જાતિના પ્રાણીઓ ઉપર આપણો હક નથી એવો ઇશ્વરનો કાયદો છે. ઇશ્વરે સિંહને સ્વતંત્ર રહેવા દેવાને અર્થે તીક્ષ્ણ નહોર ને દાંત આપ્યા. સર્પના મુખમાં અને વીંછીનાં પુછમાં વિષ મૂકયું. પક્ષીઓને ઝડપથી ઉડવાને પાંખ આપી. પશુઓને માટે શૃંગ બનાવ્યાં. વૃક્ષો કોઇ પણ પ્રાણી પાસેથી કોઇ પણ જાતની ઇચ્છા નહીં રાખતા ઇશ્વરને માન આપવાને અમે

તેની કૃતિનું રક્ષણ કરવા માટે ધાન્યથી પક્ષીઓનું, પાંદડાથી પશુઓનું પોષણ કરે છે. ટાઢ, તાપ, અને વરસાદમાં પક્ષીઓને પોતાના કોટરમાં રાખે છે અને પશુઓને છાયા તળે રાખે છે. તેઓ એમ જાણે છે કે જેવી ઇશ્વરની પ્રિય અને મોંઘી વસ્તુ આપણે છીએ તેવા બીજા પ્રાણીઓ પણ છે માટે તેઓને આપણા પોતા તુલ્ય ગણી તેનું રક્ષણ કરવું જોઇએ. ભાડુતી ગૃહમાં રેહેનાર તેની મુદત પહેલાં, અને આત્માને તેના દેહના ગૃહમાંથી તેના નિમિત પહેલાં દૂર કરવો એ જબરો અન્યાય છે. દરેક પ્રાણીઓ બે જાતની ઇચ્છા કરે છે એક સ્વતંત્રતા અને બીજું સુખ. બાળક પણ એક જગ્યાએ સ્થિર રેહેવા ઇચ્છતું નથી. પક્ષીઓ પણ એક ઝાડેથી બીજે ઝાડે ઉડે છે, માછલાઓ પણ જળમાં સ્વતંત્રતાથી ચોતરફ ફરે છે. સુંદર મેહેલ, ઉત્તમ વસ્ત્ર, સ્વાદિષ્ઠ ખોરાકની કિમ્મત સ્વતંત્રતાની આગળ નજીવી છે. પરતંત્ર અવસ્થામાં સુંદર મેહેલ પણ કેદખાના જેવો લાગે છે. ઇશ્વરે દરેક પ્રાણીએ નો જન્મ બીજાના ગુલામ થવા અર્થે નથી આપ્યો, પણ પોતાની સૃષ્ટિમાં સ્વતંત્રતાથી ફરવાને, અને સૃષ્ટિની સૌંદર્યતાનું અવલોકન કરવાને અર્થે આપેલ છે, છતાં પણ આપણે ઘોડાના મુખમાં ચોકડું નાખીએ છીએ, ગાડીમાં જોડી ચાબખાના માર મારીએ છીએ, ઢોરાંઓના પગ બાંધી બળાત્કારે તેનું દુધ ગૃહણ કરીએ છીએ, ગાડાં અથવા હળમાં નાંખી લાકડીના માર મારીએ છીએ, પક્ષિઓનાઇંડાના ભક્ષણને અર્થે આપણે પક્ષિઓને ઘરમાંપાળીએ છીએ એ ઓછો અન્યાય નથી. આ સૃષ્ટિ ઇશ્વરની છે તેનાં અંદરના પ્રાણીઓ પણ તેના છે તો આપણે તેના ઉપર હક રાખવો એ ઇશ્વરના હક ઉપર પગ મૂકવા જેવું છે. માટે આપણા પ્રેમના દોરમાં સર્વે પ્રાણીઓને એક સરખા બાંધવા જોઇએ. આપણી દયાની છાયા સર્વે ઉપર એક સરખી પડવી જોઇએ. આપણા અંતઃકરણના ઘરમાં સર્વને માન સહિત ઉતારો આપવો જોઇએ. અને આપણી સ્વાર્થની મૂડી સર્વને એક સરખી વેહેંચી દેવી જોઇએ.

સામાન્ય નીતિ.

જેમ નિસરણી ઉપરથીઉતરતો માણસ નીચેના પગથીઆ તરફ દ્રષ્ટિ રાખેછે ને ચડનો માણસ ઉપરના પગથીઆ તરફ દ્રષ્ટિ રાખેછે તેમ પોતાના કાર્યથી ભ્રષ્ટ થએલો માણસ હલકા કાર્ય તરફ દ્રષ્ટિ

શખે છે ને ચડતો માણુસ ઉતમ કાર્ય તરફ દ્રષ્ટિ રાખે છે.

જેમ ઉત્તમ અને સ્વાદિષ્ટ ખોરાકથી સરસ અને રૂડપથી રૂધિર બને છે તેમ સ્વરૂપવાન અને પ્રિય સ્ત્રીથી ઉત્તમ અને બળવાન પુત્રોત્પત્તિ થાય છે. સ્ત્રીનો શૃંગાર, હાવભાવ, ખુબસુરતી, અને આલિંગન ઉત્તમ અને બલવાન પ્રજા ઉત્પત્તિને માટે છે.

તોફાની બાલ્યાવસ્થા ભવિષ્યની શક્તિ બતાવે છે.

કુદરતના નિયમથી જે વિપરીત તે નશીબ નહી પણ ભૂલો છે. જેમ વીર્યના સંયોગથી ગર્ભસ્થાનમાં ગર્ભનુ ઉત્પન્ન નહી થવું, બીજના સંયોગથી જમીનને વિષે વૃક્ષની ઉત્પત્તિ નહી થવી, ને ખોરાકના સંયોગથી હોજરીમાં રૂધિરનું નહીં થવું તે આપણી ભૂલો થીજ પણ નશીબથી નહી; વસંત રૂતુમાં ફળ અને ફુલોથી વૃક્ષોની સુશોભિત અવસ્થા અને પાનખર રૂતુમાં વૃક્ષોની નગન અવસ્થા તે કુદરતના નિયમથીજ પણ નશીબથી નહીજ.

જે શેહેરમાં સારા માણુસો ઓળખી શકાય છે અને અધમ માણુસો ઓળખી નથી શકાતા તેના કરતાં જે શેહેરમાં સારા માણુસો નથી ઓળખી શકાતાને હલકા માણુસો ઓળખી શકાય છે તે દેશ વધારે કિમતી છે.

હે ચિત્રકાર ! તારા વિચારની કલમથી તારી છબીઓને એવી તો સુંદર બનાવ કે ઇશ્વર તેઓને અધમ સ્થાન (યોની)માં ફેંકવાને બદલે પોતાના સ્વર્ગના મેહેલમાં પ્રેમથી દાખલ કરે.

અગ્નિના પ્રકાશની માફક રાજાઓની કૃપામાં રહેવું પણ તેના સહવાસમાં રહેવું એ અગ્નિના મધ્યમાં રહેવા જેવું છે.

મોતિને અર્થે સમુદ્રના જળમાં ડુબકી મારવા કરતાં સાધારણ જળમાં ડુબકી મારવી અને હાથીઓના કુંભ સ્થલને ફાડી જેના દ્વારની આસપાસ અનેક મોતીઓ વેરાએલા છે એવા સિંહના દ્વાર પાસે રહેવા કરતાં ગરીબ મૃગોના સહવાસમાં રહેવું તે વધારે સહી સલામત ભરેલું છે; કારણકે કોઇ વખત સિંહ અને સમુદ્રના કોપમાં આપણે

આપણી જીંદગીનું મોતી ગુમાવવું પડે છે તેવીજ રીતે રાજાઓના સહવાસમાં રહેવા કરતાં ગરીબ અને સાધારણ માણસોના સહવાસમાં રહેવું તે વધારે સહી સલામત ભરેલું છે. સત્ પુરૂષોએ ગરીબ અને દોષિત પુરૂષોને દાન અને માફી આપવી જોઇએ, ગરીબ અને દૂષિત માણસોએ દાન અને માફી માગતા શીખવું જોઇએ. દાન આપવું એ ઉદારતા બતાવે છે અને માફી આપવી એ શ્રેષ્ઠતા બતાવે છે.

જેમ કુપથ્ય સેવનારને અથવા પથ્ય સેવનારને ઉત્તમ ઓષધિ નકામી છે, તેમ કુવિચાર સેવનારને અથવા સુવિચાર સેવનારને ઇશ્વરની ભક્તિ નકામી છે. જેમ યુદ્ધમાં યોદ્ધાઓને શુરાતન ઉત્પન્ન કરાવવા માટે, મરણનો ભય ભુલાવવાને માટે, કુટુંબના વિયોગનું દુઃખ દુર કરાવવા માટે, બેન્ડની જરૂર છે તેમ કન્યાઓને કામ ઉત્પન્ન કરાવવા માટે, માબાપના વિયોગનું દુખ ભૂલાવવા માટે, અને શ્રેષ્ઠ પ્રજા ઉત્પન્ન કરાવવા માટે, કામદેવનું બેન્ડ જે ફટાણા (વિવાહના સમયમાં અપશબ્દો વાળા ગવાતા ગીતો) તેની જરૂર છે, કારણકે શોકાતુર મન વાળી સ્ત્રીના કરતાં પ્રફુલ્લિત મન વાળી સ્ત્રી શ્રેષ્ઠ અને બળવાન પ્રજા ઊત્પન્ન કરવાને સમર્થ થાય છે.

જેમ ચિત્રકારની મુખાકૃતિની સાથે તેની કલમને સંબંધ હોતો નથી તેમ માણસના અંતઃકરણની સાથે તેની વાણીને સંબંધ હોતો નથી, એટલે વાણીના અવાજના જેવો અવાજ અંતઃકરણનો હોતો નથી.

હે રાજન્ ભલે વિદ્વાન લોકો તને દાતા કહે પણ હું તને હર્તા કહું છું કારણકે સભાને વિષે વાક્ યુદ્ધમાં તારી વાણી વડે વિદ્વાન પુરૂષોની વિદ્વતાનું અને રણભૂમીમાં યુદ્ધને વિષે તારી તલવાર વડે શુરવીર પુરૂષોની શુરવીરતાનું હરણ કરવામાં તારા જેવો કોઇ બીજો સમર્થ નથી. હે રાજન્ તારી કીર્તિરૂપી સૂર્યનો પ્રકાશ આ દુનિઆના દરેક ભાગમાં પ્રકાશી રહ્યો છે એમ જે વિદ્વાન માણસો કહે છે તે અસત્ય છે; કારણકે સૂર્યનો પ્રકાશ દરેક પદાર્થોને પ્રકાશિત કરે છે પણ તારી કીર્તિનો પ્રકાશ બીજાની કીર્તિના પ્રકાશને ઝાંખી કરી નાંખે છે.

તાજવા એ પુરૂષના વેશમાં ભાગનાર સ્ત્રીની જાતિની ઓળખાણને માટે છે.

દરેક માણુસે યુદ્ધ અને ભક્તિમાં શરીરને, દાન અને વિદ્યામાં દ્રવ્યને, ને વિષયમાં સ્ત્રીને, તૃણવત્ લેખવી જોઇએ. જેને પગમાં બૂટ પેહેરેલ છે એવા માણુસની પાછળ બૂટ વિનાના માણુસે ચાલવું તે પોતાના પગને જોખમ ભરેલું છે; અને બૂટ વિનાના માણુસની પાછળ બૂટ વિનાના માણુસે ચાલવું તે પોતાના પગને માટે સહી સલામતિ ભરેલું છે કારણકે બૂટ વાળો માણુસ કાંટા વાળી જમીન અથવા કાંટા વિનાની જમીન તરફ દ્રષ્ટિ કરતો નથી, જેને લીધે પાછળ ચાલનાર માણુસને કાંટાથી વિંધાવું પડે છે. તેવીજ રીતે પૈસાવાળા માણુસના વિચારની પાછળ પૈસા વિનાના માણુસે પોતાના વિચારોને ચલાવવા તે પોતાના કાર્યને જોખમ ભરેલું છે અને ગરીબ માણુસના વિચારની પાછળ ગરીબ માણુસે પોતાના વિચારોને ચલાવવા તે સહી સલામત ભરેલું છે કારણકે પૈસાવાળા માણુસો દ્રવ્યની અંધતાથી સત્ય અથવા અસત્ય તરફ દ્રષ્ટિ કરતા નથી જેને લીધે ગરીબ માણુસોને પોતાના કાર્યમાં નુકશાની ભોગવવી પડે છે.

મલીન અંતઃકરણની શોભાને અર્થે શાસ્ત્ર યુક્ત વાણી છે.

દરેક માણુસે દરિદ્ર પુરૂષો ઉપર નહીં પણ તેની દરિદ્રતા ઉપર, મૂર્ખ ઉપર નહીં પણ તેની જડતા ઉપર, દુઃખીયા ઉપર નહીં પણ તેના દુઃખ ઉપર, ક્રુર બની જુલમ ગુજારવો જોઇએ.

આપણે પૃથ્વીને ફરતી જોઇ આપણા વિચારોને ફેરવવા ન જોઇએ કારણકે જેમ પૃથ્વીનું ભ્રમણ તેની ધરીની આસપાસ છે તેમ અંતઃકરણનું ભ્રમણ સત્યતાની ધરીની આસપાસ હોવું જોઇએ.

જે મનુષ્ય આપણા પ્રત્યે જેટલો સ્નેહ રાખે તેટલો સ્નેહ આપણે તેના પ્રત્યે હોવો જોઇએ; જેવી રીતે સ્ત્રી પોતાના મૃત્યુ પામેલા પતિની સાથે સંસારના વૈભવ, વિષય અને શૃંગારના સુખને અગ્નિની જવાળામાં બાળી નાંખે છે તેવીજ રીતે પતિએ પણ પોતાની મૃત્યુ પામેલી સ્ત્રીની સાથે પોતાના સુખોને અગ્નિની મધ્યમાં મૂકવા જોઇએ તોજ સ્નેહની સત્યતા સમજવી.

હે મનુષ્ય! જો તારે મોક્ષ પહોંચવું હોયતો ભક્તિની પાંખ,

મનુષ્યોના મસ્તક ઉપર ફરવું હોય તો કીર્ત્તિની પાંખ, ને વેહેવારમાં ફરવું હોય તો નીતિની પાંખ ઉત્પન્ન કર.

મોટા પુરૂષો પ્રયાસ અને શક્તિને કિમતી ગણે છે પણ તેનાથી મળતા ફળને કિમતી ગણતા નથી કેમકે ફળની કિમત અને પ્રસન્નતા એ પ્રયાસ અને શક્તિનો અંત દેખાડે છે.

પરાક્રમી પુરૂષોને પૃથ્વી તેના પગની રજ સમાન છે અને કાયર પુરૂષોને મહાન સમુદ્ર છે.

હે મનુષ્ય ! તારે દુઃખરૂપી પત્થરના વરસાદથી સદા મુક્ત રહેવું હોય તો વજ્રના સરખી ભક્તિરૂપી છત્ર તારા મસ્તક ઉપર ધારણ કર.

સુંદર શૃંગારથી શોભિત મનુષ્યના કરતાં કીર્તિથી શોભિત મનુષ્ય, સુંદર આકૃતિથી શોભિત મનુષ્યના કરતાં વિદ્યાથી શોભિત મનુષ્ય અને વૈભવવાળા પુરૂષો કરતાં ગુણવાન પુરૂષો વધારે શ્રેષ્ટ છે; કારણ કે શૃંગાર, આકૃતિ, અને વૈભવ એ અધમ પુરૂષોને અને વેશ્યાઓને ખેંચી લાવે છે અને કીર્ત્તિ, વિદ્યા, ગુણો, મહાન પુરૂષોને ખેંચી લાવે છે.

યુદ્ધ સત્વને અર્થે પણ રાજ્યને અર્થે નહી, મહત્તા સદ્‌ગુણને અર્થે પણ અહંકારને અર્થે નહી, પરાક્રમ રક્ષણને અર્થે પણ ક્રુરતાને અર્થે નહી, દ્રવ્ય દાનને અર્થે પણ સંગ્રહને અર્થે નહી, બુદ્ધિ વિચારને માટે પણ ચપળતાને માટે નહી, જીંદગી પરોપકારને અર્થે પણ મોજશોખ અર્થે નહી, સ્ત્રી પ્રજા ઉત્પત્તિને માટે પણ વિષયને માટે નહી, રાજ્ય રૈયતની આબાદી અર્થે પણ સુખને અર્થે નહી, ભાઇ દુઃખના ભાગને અર્થે પણ મિલ્કતના ભાગને અર્થે નહી, વાણી સત્યમાંજ, ધ્યાન ઇશ્વરમાંજ, પ્રવૃત્તિ તત્વમાંજ, નિવૃત્તિ અધમમાં, ધૈર્યતા દુઃખમાંજ, વિચારો કર્તવ્ય તરફ, જીત ઇંદ્રીઓ વીશેજ, અને ઐકયતા સર્વ પ્રાણી તરફ હોવી જોઇએ.

આપણે આપણા કુટુંબના રક્ષક છીએ અને ઇશ્વર હકદાર છે; જ્યારે ઇશ્વર પોતાની વસ્તુને આપણી પાસેથી લેવા માગે ત્યારે આપણે તેને પ્રસન્ન ચિત્તથી સુપ્રત કરવી જોઇએ; જ્યાં સુધી ઇશ્વર

પોતાની વસ્તુને આપણી પાસે રહેવા આપે ત્યાં સુધી આપણે તેનું સંપૂર્ણ રક્ષણ કરવું જોઇએ.

હે મનુષ્ય ! તારે તારા શરીરને અમર રાખવાની ઇચ્છા હોય તો તમામ ઔષધિ છોડી દયા અને દાનથી મિશ્રિત ભક્તિની ઔષધિનું સેવન કર.

સર્પની ગતિ વક્ર છે, શ્યામ છે, તેનું મુખ વિષથી ભરેલું છે, તોપણ ચંદન વૃક્ષનો આશ્રય કરી રહ્યો છે તો તેને ચંદન વૃક્ષ પોતાની સુગંધી અને શીતળતાથી સંતોષ આપે છે; માટે દુર્જન પુરૂષો પ્રત્યે સજ્જન પુરૂષો સદા ઉપકારી હોય છે. મોટા પુરૂષો પોતાના પરાક્રમનો અનુભવ મોટા પુરૂષોને કરાવે છે પણ ગરીબને કરાવતા નથી જેમ પવન પોતાના વેગનો અનુભવ માહાન વૃક્ષોને કરાવે છે, (તોડી નાખે છે) પણ નાના છોડવાઓને કરાવતો નથી.

કલ્પ વૃક્ષને છોડી સાધારણ વૃક્ષની છાયાને તથા તેના ફળને કોણ ઇચ્છે? ચંદ્રના પ્રકાશને છોડી તારાના પ્રકાશમાં ફરવાની કોણ ઇચ્છા કરે ? રત્નને છોડી પથ્થરને ગળામાં કોણ ધારણ કરે ? સૂર્યને છોડી દીવાના પ્રકાશ ઉપર કોણ પ્રીતી રાખે? અમૃતને છોડી સમુદ્રના ખારા જળનું કોણ પાન કરે ! સુગંધી પુષ્પને છોડી આકડાના ફૂલની કોણ ઇચ્છા કરે ? તેમ વિદ્વાનને છોડી મૂર્ખની સોબત મૂર્ખજ કરે. સ્નેહનો અંત સ્વાર્થના અંતની સાથે નહી પણ જીંદગીના અંતની સાથે હોવો જોઇએ.

જેમ આપણે પુષ્પમાંથી સુગંધી ખેંચી લઇ તેના કુચાને ફેંકી દઇએ છીએ તેમ દરેકમાંથી સાર ગ્રહણ કરી અસારને ફેંકી દેવો જોઇએ.

ધર્મ એ મોક્ષનો રસ્તો છે તેની માહિતી હમેશાં ધર્મ ગુરૂમાં હોવી જોઇએ. હે પુષ્પ જ્યારે તું દેવ મંદીરમાં હતું ત્યારે જે લોકો તને પોતાના ચક્ષુની માફક કિમતી ગણી પોતાના ચક્ષુ પાસે રાખતા તે અત્યારે તારા સ્થાનની ભ્રષ્ટતાને લીધે તુંને લોકો પગતળે કચરે છે માટે કિમત સ્થાનમાંજ છે.

હે દીપક! તું તારા ઓછા પ્રકાશનો જરા પણ ખેદ નહીં કર

જ્યારે, સૂર્ય અસ્ત થઇ અને રાત્રી પડશે ત્યારે લોકો તારા પ્રકાશની રાહ જોશે માટે વખતના યોગ કરી મોટા માણસની માફક સાધારણ માણસો પણ કિમતી થઇ પડેછે.

જેમ દુષ્ટ સ્ત્રીને સતીપણાના ચમત્કારની ખબર પડતી નથી, જેમ અવિશ્વાસી પુરૂષને સ્નેહની સુંદરતાનું ભાન હોતું નથી, જેમ મૂર્ખ માણસ વિદ્વતાના આનંદને જાણી શકતો નથી, જેમ અંધ પુરૂષ સૃષ્ટિની સૌદર્યને જોઇ શકતો નથી, તેમ દુષ્ટ પુરૂષ ઉત્તમ અને પવિત્ર વિચારોની કિમત જાણી શકતો નથી.

જેમ કોઇ જગ્યા વૃક્ષની ઘટાની છાંયાથી શીતળ અને ખુબસુરત હોય છે તેમ કોઇ જગ્યા સૂર્યના તાપથી તપેલી રેતીવાળી હોય છે; જેમ કોઇ જગ્યામાં પાણીના પ્રવાહો ચાલતા હોય છે તેમ કોઇ જગ્યા ઉડતી ધૂળોથી અંધકારમય હોય છે; જેમ કોઇ ગુફાઓ મહાન પુરૂષોથી પવિત્ર હોય છે તેમ કોઇ ગુફાઓ ક્રૂર પ્રાણીથી ભયંકર હોયછે; જેમ કોઇ જગ્યામાં પક્ષીઓના સુંદર અવાજો નીકળતા હોય છે તેમ કોઇ જગ્યા હુંકારાથી ગાજતી હોય છે તેવીજ રીતે માણસના અંતઃકરણની ભૂમિ સમજવી.

અભ્યાસીને માટે નિશાળ, ધર્મ ગુરૂને માટે મંદીર, ધર્મીને માટે મોક્ષ, ચોરને માટે કેદખાનું, પાપીને માટે નર્ક હોય છે.

હે મનુષ્ય ! તું પશુના રૂપમાં જીવવા કરતાં આ દુનીઆમાં અખંડ કીર્ત્તિ મેળવી મનુષ્યના રૂપમાં મરણ પામ.

મદથી મત્ત થયેલા મનુષ્યના કરતાં મદથી મત્ત થયેલો હાથી વધારે નમ્ર હોય છે કારણ કે માવતના અંકુશના ભયથી સીધે રસ્તે ચાલે છે પણ કાળના રોગ રૂપી અંકુશના અનેક પ્રહાર હોવા છતાં મનુષ્યો સીધે રસ્તે ચાલતા નથી.

કાંઠા ઉપર ઉગેલા વૃક્ષોને નદી પોતાના મોજાવડે તોડી ઘસડી લઇ જાય છે અને તેના મધ્યમા રહેલા બેખડાઓને તેના અસંખ્ય તોફાની મોજાઓ અસર કરી શકતા નથી. માટે મહાન પુરૂષો

દુઃખોના અસંખ્ય મોજાથી ચલિત થતા નથી અને મૂર્ખ માણસો સાધારણ દુઃખમાં પણ પોતાનો પ્રાણ ખુવે છે.

શૃંગાર વર્ણન.

હે પતિ! જ્યારથી તમે વિદેશ ગયા ત્યારથી અહીં સદા સૂર્યોદય રહ્યો છે (સૂર્યની માફક ચંદ્રે પ્રચંડતા ધારણ કરી છે અને દીવસને વિષે જેમ નિદ્રા તેમ રાત્રિને વિષે નિદ્રાએ મારો ત્યાગ કર્યો છે) પણ રાત્રીને વિષે દેખાતો અંધકાર માત્ર તમારા વિયોગનું દુઃખ છે અને દિવસને વિષે દેખાતો પ્રકાશ માત્ર સાસુ સસરાની સેવાનું ફળ છે.

હે સ્ત્રી! તેં મારા મનરૂપી પતંગના નાશને અર્થે અંતઃકરણરૂપી પાત્રમાં સ્નેહરૂપી તેલ રેડી કટાક્ષરૂપી દીવાસળીથી કામરૂપી દીપને પ્રગટ કર્યો. હે સ્ત્રી! તારી ધનુર્વિદ્યા એવી કેવી કે નાશને બદલે સજીવન કરેછે. હે સ્ત્રી! તારાં સ્નેહરૂપી પિંજરમાં પૂરાએલા આ પક્ષીને ઓષ્ઠના રસનું પાન કરવાને સ્તનરૂપી ફળ આપ. હે સ્ત્રી! તારા સ્નેહના પીંજરમાં પૂરાએલો જે હું તે પરતંત્ર છતાં પણ દુનીઆની સમક્ષ સ્વતંત્ર થયો. કેટલાક લોકોની એવી માન્યતાછે કે સ્ત્રી પાત્ર છે, યુવાવસ્થા તેલછે, કામદેવ વાટ છે, અને મનુષ્યરૂપી પતંગને બાળનાર જે સ્ત્રીની કાન્તિ તે અગ્નિની જ્વાળા છે પણ મારી માન્યતા એવી છે કે સ્ત્રીની ખુબસુરતી (કાન્તિ) સંસારના દુઃખોના અંધકારની પ્રકાશિત જ્યોતિ છે. હે સ્ત્રી! તારા ગળામાં રહીને તારા સ્તન ઉપર લટકતો જે સફેદ હીરાનો હાર તે જાણે તારા કટાક્ષના બાણથી વીંધાએલા યોગીઓના શુદ્ધ અંતઃકરણો તારા સ્નેહના દોરમાં પરોવાઇને સ્તનરૂપી પર્વત ઉપર તારી પ્રાપ્તિને માટે તપ કરવા કેમ ન આવ્યા હોય? હે સ્ત્રી! તારા અંતઃકરણના કેદખાનામાં કેદ થયેલા અને સ્નેહની બેડીથી બંધાયેલા પુરૂષોને આ દુનિઆના સુખો નકામા છે.

હે સ્ત્રી! તારા કમળના સરખા સુંદર ચરણ જોઇ જાણે કમળ પોતાના મોતીથી ભરેલા સુંદર તળાવને છોડી તારા ચરણની સુંદર-

તાના પ્રાપ્તિને માટે તારી સેવા કેમ કરતા ન હોય ? હે મણિ ! દુઃખરૂપી અંધકારમય આ સંસારરૂપી જંગલમાં ગાંડાની માફક ભટકતો જે તારો આ વિયોગી સરપ તે તારા સુખનો પ્રકાશ કયે દીવસે પામશે ? આ સસાર અંધકારમય છે, કે પ્રકાશમય છે તે હું કહી શકતો નથી. જો અંધકારમય હોય તો પ્રિયાની મૂર્તી ક્યાંથી પ્રકાશિત થાય. ને સંસાર પ્રકાશમય હોય તો પ્રિયાના વિયોગમાં કેમ અંધકારમય જણાય. દીવસ તે દીવસ નથી પણ રાત્રિ છે કારણકે સ્ત્રીનો વિયોગ થાય છે. અને રાત્રિ તે રાત્રિ નથી પણ દીવસ છે કારણકે સ્ત્રોનો સંયોગ થાય છે. હે સૂર્ય ! તું તારા અસંખ્ય કીરણોના પ્રકાશથી દુનીઆને ગમે તેટલી પ્રકાશિત કર પણ સ્નેહના કીરણોવાળી સ્ત્રી વગર આ દુનિઆ તો અંધકારમય છે. કારણકે તું જેમ તારા કીરણોવડે જગતના અંધકારનો નાશ કરી પ્રકાશિત કરે છે તેમ સ્ત્રી સ્નેહના કીરણો વડે અંતઃકરણના દુઃખને તોડી પ્રકાશિત કરે છે. હે સ્ત્રી ! તારી ખુબસુરતીના તરંગમાં ગોથા ખાતાં આ અંતઃકરણરૂપી વહાણને ક્યાંય પણ સુખનો કીનારો મળતો નથી. હે નદી ! તું જલથી પૂર્ણ છું છતાં હજીસુધી તારી ગતિ કેમ વક્ર રહી છે, તેમ હે સ્ત્રી ! તું સ્નેહથી પૂર્ણ હોવાં છતાં પણ મારાથી કેમ વિપરીત ચાલે છે. કામના ભયંકર મોજાવડે તોફાની એવીજે તારી યુવાવસ્થા તેમાં મોટા મોટા તારૂઓ પણ બૂડી જાય છે તો સાધારણ માણસની શું વિસાત ! હે સ્ત્રી ! તારા વિયોગમાં શયનગૃહ, સ્મશાન ભૂમિરૂપે દેખાય છે, ચંદ્ર, અગ્નિરૂપે દેખાય છે, શૈયા, ચિત્તારૂપે દેખાય છે, પુષ્પો, અગ્નિના ચણગારારૂપે દેખાય છે, સુંદર ગાયનો, આક્રંદરૂપે દેખાય છે, અને આ દેહ, શબરૂપે દેખાય છે. હે સ્ત્રી ! તારા વિયોગથી જેમ તું, તેમ આ ચંદ્ર પોતાની કાન્તિથી, વીણા પોતાના ધ્વનિથી, પુષ્પો પોતાની સુગંધીથી, ચંદન પોતાની શીતળતાથી, હીમાલય પોતાના સુવાસથી, અલંકારો પોતાની શોભાથી દુઃખ આપનાર થાય છે અને તારા સંયોગમાં તેઓ સુખ આપનાર થાય છે; આથી તેં તારી કાન્તિવડે ચંદ્રને, તારા ધ્વનીવડે વીણાને, તારા શરીરની સુગંધીવડે પુષ્પોને, તારા દર્શનવડે ચંદનને, તારા મુખના શ્વાસવડે હિમાલયને, તારી શોભાવડે, અલંકારોને ખરીદ કરેલછે એમ જણાય છે.

એક તરફથી વિજળીના ચમકારા થતા હોય, અને બીજી તરફથી બાલા સ્ત્રી શયન ગૃહમાં પ્રવેશ કરતી હોય, એક તરફ મેઘની ગર્જના થતી હોય, અને બીજી તરફ સ્ત્રીના નુપૂરનોધ્વનિ નીકળતો હોય; એક તરફ ઇંદ્રધનુષ્યનો સુંદર દેખાવ અને બીજી તરફ સ્ત્રીના આભૂષણોનો સુંદર દેખાવ; એક તરફ પચરંગી વાદળા યુક્ત આકાશ અને બીજી તરફ નવરંગી સાડી યુક્ત બાળા; એક તરફ કોયલનો મધુર ટોકો થતો હોય, અને બીજી તરફ સ્ત્રીની મધુર વાણી નીકળતી હોય: એક તરફ વાદળામાંથી પડતાં વરસાદના ઝીણાં ઝીણાં બીંદુઓ અને બીજી તરફ રતી શ્રમને લીધે મુખ ઉપરથી પડતા સ્વેદ બિંદુઓ; આવી રીતે જળથી ભરપુર વર્ષા કાળની માફક સ્નેહ અને યુવાવસ્થાથી ભરપુર સ્ત્રી વિના અંતઃકરણની જમીનમાં રસ યુક્ત મધુર ફળને ઉત્પન્ન કરનારૂં આ દુનિઆમાં બીજુ કોઇ નથી. હે પતિ ! દુર્ભગા સ્ત્રીના નાશને અર્થે ચંદ્રના અમૃતના સરખા કીરણો વિષની ધારા રૂપે બન્યા છે. તેનો પ્રકાશ અગ્નિની જવાળા રૂપે થયો છે. કોયલની મધુર વાણી મેઘની ભયંકર ગર્જનાના સરખી થઇ છે, વીણાના મધુર અવાજો શ્વાન રૂદનના સરખા થયા છે કોમળ પુષ્પ સૈયા શુષ્ક તૃણશૈય્યા જેવી કઠિન થઇ છે. પુષ્પ માલાઓ ફાંસીના દોર રૂપે બની છે. હે સ્ત્રી ! પુરૂષ જાતિના આલિંગનને માટે તારા સ્તનની કિંમત કેટલી છે તે હું કહી શકતો નથી, કારણકે નારીજાતિ એવીજ કંચુલીકા કે જેણે તારા સ્તનના આલિંગનને માટે પોતાના શરીરને કાતરથી કપાવ્યું અને સોયોના અનેક માર ખાધા. હે સુવર્ણ ! જો તું અગ્નિના તાપથી તપાયો, હથોડાથી અનેક માર ખાધા તો તું સ્ત્રીના કંઠમાં આલિંગનને લાયક થયો. માટે દુઃખનો છેડો સુખ છે. અનેક વાજીંત્રોની મધુરતા તારી વાણી છે, અનેક સુંદર આકૃતિની શોભા તારૂ શરીર છે, સર્વ રસની મધુરતા તારો રતિ રસ છે. હે વરસાદ ! તારા મિત્રમયૂરને ગર્જનાથી લલચાવ્યો તો હવે તેને તારા સ્નેહના જલ ધારાનું પાન કરાવ. તલવારના ધાથી બચવાને ઢાલ, બાણ, ભાલાં અને બંદુકની ગોળીના મારથી બચવાને બખતર, તોપના ગોળાથી બચવાને કીલ્લો, આપત્તિના ધાથી બચવાને બુધ્ધિ અને દ્રવ્ય મદદગાર થાય છે, પણ સ્ત્રીના કટાક્ષના બાણથી બચવાને કોઇ મદદગાર થઇ શકતું નથી. હે સ્ત્રી!

ત્રિદોષના રોગથી પીડાતા આ દરદીને પ્રેમના કવાથનું પાન કરાવ એટલે તે રોગમાંથી મુક્ત થાય. હે સ્ત્રી ! ચપળ પાંખવાળુ જે આ મન રૂપી પક્ષી તેની પાંખને તેં કટાક્ષની છરીથી કાપી અને મોહના પિંજરમાં પુર્યું છે તો તેને હવે તું પ્રેમના રસનું પાન કરાવ. આ દુનિઆમાં અનેક નદીઓ જલથી ભરપુર છે છતાં પણ વિરહરૂપી તૃષાથી પીડાતો જે આ મુસાફર તે કેવળ તારા સ્નેહ રૂપી જલની યાચનાને માટે તારા કાંઠા રૂપી દ્વાર પાસે ઉભો છે. હે સ્ત્રી ! તારૂં મુખ શરદ ઋતુના ચંદ્રનું ભાન કરાવે છે. ઓષ્ઠ ચુંબન વખતે તારા થતા ઉચ્ચારો હેમંત ઋતુનું ભાન કરાવે છે. તારા આલિંગનથી ઉભા થતાં રૂઆં શિશિર ઋતુનું ભાન કરાવે છે. અને પુષ્પના સરખા તારા સુંદર અને કોમળ અવયવો વસંત ઋતુનું ભાન કરાવે છે. અને તારો વિયોગ ગ્રીષ્મ ઋતુનું ભાન કરાવે છે. રતિ શ્રમને લીધે મુખ ઉપરથી પડતાં સ્વેદ બિંદુઓ વર્ષા ઋતુનું ભાન કરાવે છે આ ઉપરથી તું છએ ઋતુની લક્ષ્મી કેમ ન હોય ?

જેમ પાપથી દુઃખી થતા મનુષ્યોના દુઃખનું નિવારણ સ્થાન ગંગાજી છે તેમ વિરહના તાપથી પીડાતા પુરૂષોના તાપનું નિવારણ સ્થાન સ્ત્રી છે. હે સ્ત્રી ! મારા હૃદયમાં, વાણીમાં, દ્રષ્ટિમાં, નિદ્રામાં, સ્વપ્નામાં, જાગૃત અવસ્થામાં, વિચારોમાં, કૃત્યોમાં, ઘરમાં, જંગલમાં, તું હોવાથી હું મારૂં પોતાનું ભાન ભૂલી જઇ તુંને મારા રૂપે માનું છું. હે કુપ ! તારા સ્નેહના જળને અર્થે હું મારા વિચારોના દોરને લંબાવી થાકયો તોપણ હજીસુધી એકપણ બિંદુ મળતું નથી. હે સ્ત્રી ! આપણા બંનેના કાંઠાની વચમાં જે વાયુના તોફાનોથી ઉછળતા મોજાં, ભયંકર મગરમચ્છ અને અનેક એકડાવાળો જે મહાન વિયોગનો સમુદ્ર પડયો છે તેને ઓળંગી તારા કાંઠા પાસે આવવાને મારી પાસે એકપણ મજબુત નાવનું સાધન નથી, માટે તું તારા કાંઠા ઉપર રૂદન કર અને હુ મારા કાંઠા ઉપર રૂદન કરૂં. હે ચંદ્ર ! તારા પ્રેમી ચકોરને સ્નેહના કીરણોથી લલચાવી પાછું વાદળમાં છુપાઇ જવું એ તુંને યોગ્ય નથી. હે સ્ત્રી ! તારા સ્નેહ વડે ખરીદાયેલો જે આ દાસ તેને કટાક્ષના બાણથી ઘાયલ કરવો એ સેવ્યનો ધર્મ નથી. હે સ્ત્રી ! વીર પુરૂષોનો ધર્મ એવો છે કે વશ થયેલાને સ્નેહના પુષ્પના હારથી

સંતોષ કરવો અને નહી વશ થયેલા પુરૂષોને કટાક્ષના બાણથી ઘાયલ કરવો. હે મેઘ ! તારી કટાક્ષરૂપી વીજળીથી તું અમને શામાટે આકુળ વ્યાકુળ કરે છે. અમનેતો તારા સ્નેહની જળધારા જોઇએ છીએ. હે સ્ત્રી ! જંગલમાં ભમતા પુરૂષને મેહેલને બદલે સ્વર્ગથી, અંધ પુરૂષને લાકડીને બદલે ચક્ષુથી, ભુખ્યા માણસને અન્નને બદલે અમૃતથી, ચાતક પક્ષીને ઝાકળના પાણીને બદલે વરસાદની જલધારાથી જેટલો આનંદ થાય છે તેટલો આનંદ, તારા દર્શનથી મને થાય છે.

સમાપ્ત.